# ભાગ ૧

## ૧. પૂર્વભૂમિકા

સ્ત્રી અને પુરૂષ વચ્ચે અમુક જન્મ જાત, શારિરીક તફાવતો હોય છે. આ શારિરીક અને જૈવિક તફાવતો કુદરતી છે અને તે દરેક કુટુંબ, સમાજ અને દેશોમાં એક સરખા હોય છે પરંતુ આપણા સમાજ દ્વારા સ્ત્રી અને પુરૂષ માટે અલગ અલગ સામાજીક ભુમિકા નક્કી કરવામાં આવી છે અને તે પ્રમાણે દરેક સ્ત્રી અને પુરૂષ વર્તે તેવી અપેક્ષા રખાય છે. સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલી સ્ત્રી/પુરૂષની ભુમિકાને સામાજીક લીંગ અથવા "જેન્ડર" નામથી ઓળખાય છે.

આપણો સમાજ પુરૂષપ્રધાન હોવાના કારણે તે પુરૂષ કરતાં સ્ત્રીને ઉતરતો દરજ્જો આપે છે અને આ કારણસર આપણને સમગ્ર જીવનચક્ર દરમિયાન બન્નેની (સ્ત્રી અને પુરૂષ) સામાજીક ભુમિકામાં ઘણો તફાવત જોવા મળે છે. આમાં સત્તા અને અકુંશ એ પુરૂષોનું કાર્ય ગણાય છે, આથી તેઓ સંપત્તિ અને સંશાધનોના વારસદાર બને છે, સાથે દરેક બાબતમાં નિર્ણય લેવાની સત્તા પણ તેમને આપ મેળે મળે છે. જ્યારે સ્ત્રીઓની જવાબદારી કુટુંબ અને બાળકોની સંભાળ પુરતી મર્યાદિત રાખવામાં આવેલ છે, તેઓને અબળા માનવામાં આવે છે. બંન્નેની સામાજીક ભુમિકા અને જવાબદારીઓની વહેંચણીમાં ઘણી બધી અસમાનતા છે જેને "સામાજીક લીંગભેદ"તરીકે ઓળખવામાં આવે છે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાને લીધે થતો સામાજીક લીંગભેદ સ્ત્રીઓ પ્રત્યે અન્યાયપૂર્ણ વાતાવરણ ઉભુ કરે છે. આ કારણે દિકરીઓને, કિશોરીઓને તથા સ્ત્રીઓને અનેક જાતના ભેદભાવ, શોષણ તથા હિંસાના ભોગ બનવુ પડે છે.

સામાજીક લીંગ સમાનતા લાવવા માટે ઘણી સંસ્થાઓ તથા સરકારી કાર્યક્રમો દ્વારા સ્ત્રી ઉત્થાન તથા સશક્તિકરણનુ કામ હાથ ધરવામાં આવ્યું છે, મોટા ભાગના કાર્યક્રમો હેઠળ બહેનો સાથે કાર્ય હાથ ધરાય છે પણ પુરુષો સાથે આ અંગે ઘણું ઓછુ કામ થયુ છે. જ્યાં સુધી પુરૂષો સાથે આ અંગે કાર્ય શરૂ નહી થાય ત્યાં સુધી સામાજીક બદલાવ લાવવો અઘરો છે. પુરૂષોના વલણ તથા વર્તનમાં બદલાવ લાવવા માટે સૌ પ્રથમ તેમની "પુરૂષ" તરીકેની ભુમિકા તથા મર્દાનગી અંગેની તેમની સમજ અને વ્યાખ્યા જાણવી ખુબ જરૂરી છે.

### મર્દાનગીની પરિભાષા અને પુરૂષોની ભુમિકા કેવી રીતે પ્રસ્થાપિત થાય છે ?

સમાજ દ્વારા નાનપણથી જ છોકરા અને છોકરીના ઉછેરમાં ભેદભાવ રાખવામાં આવે છે. કૌટુંબિક સ્તરે છોકરાઓના મનમાં એવો અહેસાસ કરાવવામાં આવે છે કે તે છોકરીઓ કરતાં ચડિયાતા છે, તેને વિકાસની તકો વધારે મળે છે, ઘરની બહાર-આવવા જવાની અને પ્રવૃતિઓમાં ભાગ લેવાની છૂટ આપવામાં આવે છે. તેની પાસે એક છોકરા તરીકે ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે જેમકે, કુટુંબની આર્થિક જવાબદારી નિભાવવી, ભરણપોષણ કરવુ, સ્ત્રી સભ્યો જેમકે - માતા, બહેન અને પત્નિનું રક્ષણ કરવું, માનસિક રીતે મજબુત બનવું અને જાહેરમાં પોતાની ભાવનાઓને પ્રદર્શિત ન કરવી, આક્રમક હોવું , સ્ત્રીઓ પર પોતાનુ આધિપત્ય ધરાવવુ વગેરે રોજબરોજના વ્યવહારમાં પણ પુરૂષ માટે ખાસ પ્રકારના શબ્દો વપરાય છે જેમકે, જોશીલા, હિંમતવાન, બળવાન, મજબુત, વીર, બહાદુર, અસલી મર્દ વગેરે આમ બાળપણથી છોકરાઓમાં મર્દાનગી અંગેની આવી સર્વ સામાન્ય સમજ પ્રસ્થાપિત થાય છે. જે મોટા થતા વિવિધ સંસ્થાઓ જેમકે, શાળા , કામના સ્થળે, ધાર્મિક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ દ્વારા વધુ સુદઢ બનાવવામાં આવે છે.

### મર્દાનગીની સામાજીક પરિભાષાથી સમાજ પર થતી અસર

આમ સમાજ દ્વારા નક્કી કરેલી ભૂમિકાના બીબામાં પુરુષો પોતાની જાતને ઢાળે છે, પરંતુ આ સર્વ સામાન્ય મર્દાનગીની પરિભાષા પ્રમાણે વર્તન, વ્યવહાર અને વલણ રાખવા જતાં પુરુષોને ઘણાં પડકાર ઝીલવા પડે છે. તેઓ જ્યારે સમાજની અપેક્ષાઓ પર ઉણા નથી ઉતરતાં ત્યારે તેઓ નિરાશા - હતાશામાં ઘેરાઇ જાય છે. પોતાની જાતને "અસલી મર્દ" તરીકે સાબિત કરવા માટે તે પોતાની ક્ષમતાં તથા ઇચ્છા બહારનું વર્તન કરે છે. દાખલા તરીકે, કુટુંબમાં કોઇ દુઃખદ પ્રસંગે પોતાની લાગણી જાહેરમાં નથી દર્શાવી શકતાં - રડવુ આવતુ હોય તેમ છતાં રડી નથી શકતાં.ઘણીવાર હતાશાના કારણે તેઓ સ્ત્રીઓ તથા બાળકો પર હિંસા આચરે છે જે ઘણીવાર તેમની આદત બની જાય છે, તે જીવનપર્યંત ચાલે છે.આ પરિપેક્ષ્યમાં સહજ સંસ્થાએ કિશોરો સાથે કાર્ય શરૂ કર્યુ હતું.

## ૨. સહજની ઓળખાણ

સહજની સ્થાપના ૧૯૮૪માં, સ્વાસ્થ્ય અને વિકાસને લગતા મુદ્દા ઉપર લોકોને સહકાર અને સુવિધાભર્યુ વાતાવરણ પૂરું પાડવાના વિચાર સાથે કરવામાં આવી. સહજના દરેક કાર્યમાં તકવંચિત અને તરછોડાયેલા વિસ્તારના લોકોને ધ્યાનમાં રાખવામાં આવે છે, તેમના જીવન અને સામાજીક પ્રક્રિયામાં બદલાવ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. શિશુ મિલાપ જે સહજના ભાગરુપે કાર્યરતછે જેની સ્થાપના ઇ.સ.૧૯૮૯માં તકવંચિત લોકોને તેમના અધિકાર પ્રત્યે જાગૃત કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી.

### છોકરાઓ સાથે કામ કરવાની જરૂરીયાત કેમ ઊભી થઇ ?

સહજ-શિશુ મિલાપ દ્વારા ૨૦૦૩માં કિશોરીઓ સાથે કાર્ય કરવાની શરુઆત કરવામાં આવી અને તે દરમિયાન થયેલ અનુભવ આધારે શીખવા મળ્યું કે કિશોરીઓ સાથે કાર્ય કરવુ હશે, કિશોરીઓને ઘરની બહાર લાવવી હશે તો કિશોરો સાથે પણ કામ કરવુ પડશે. કિશોરોમાં જેન્ડર અંગે સંવેદનશીલતા વિકસાવવી પડશે. સ્ત્રી પુરુષ સમાનતાની જે વાત કરવામાં આવે છે તે ખરા અર્થમાં સાર્થક કરવી હશે તો યુવાનો સાથે કામ કરવુ પડશે. પુરુષો, યુવાનોને ખુલ્લા મને સાંભળવામાં નહિ આવે તો સમાનતાની વાત અને બદલાવ કયાં જોવા મળશે ? સાથે કિશોરોની પણ એક માગણી આવી કે અમારી સાથે પણ કાર્ય કરો.

### કિશોરો સાથે કાર્ય કરવાનો હેતુ

કિશોરો શહેરના એક જવાબદાર નાગરીક બની રહે અને તેમનામાં જેન્ડર સંવેદનશીલતા કેળવાય અને આ અંગે જાગ્રૃતિ આવે તે હેતુથી` કિશોરો સાથે કાર્ય કરવાની શરુઆત કરી.

આટલા વર્ષના અનુભવ બાદ લાગે છે કે કિશોરો સાથે કાર્ય કરવુ કઠીન છે પણ અશક્ય નથી. કિશોરો સાથે તેમને અનુકુળ સમયે કાર્ય શરૂ કર્યુ જેમકે,

૧. વિસ્તારોમાં ગ્રૃપ બનાવીને તેમને રમતો રમાડવામાં આવતી, રસ અનુસાર ફિલ્મ શો બતાવવામાં આવતા, આમ કિશોરોના મજબૂત ગ્રૃપો બનતા ગયા.

૨. કિશોરોના ગ્રૃપો બનાવી, તેમની સાથે આત્મવિશ્વાસ, ટીમ બિલ્ડીગ, વ્યસન મુકિત, અધિકાર વગેરે પર સેશન લેવાની શરુઆત કરવામાં આવી.

૩. કિશોરોમાં જાગ્રૃતિ આવે તેથી વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવી.જેમાં (૧)માનવ અધિકાર દિન (૨) પર્યાવરણ દિન (૩) મહિલા દિન (૪) સ્વાસ્થ્ય દિન (૫) વિશ્વ એઇડસદિન,

૪. જે કિશોરો નોકરીમાં રોકાયેલ છે તેમની સાથે

એક દિવસીય શિબીર દ્વારા કિશોરોને સંવેદનસીલ બનાવવાનો પ્રયત્ન કરેલ છે. બે શાળાઓમાં જેન્ડર પર સેશન લેવામાં આવેલ છે, આ દ્વારા કિશોરોના પોતાનામાં જેન્ડરનો ખ્યાલ વિકસીત થયો છે, કિશોરો પોતે જેન્ડર પર આધારીત કૌટુંબીક વિષયક જવાબદારી પર નાટક તૈયાર કરીને લોકોની સમક્ષ રજુ કર્યુ હતુ.

૫. વિસ્તારોમાં ૨૫ પિઅરએજ્યુકેટર યુવકોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવેલ છે. આ પિઅર એજયુકેટર તેમના વિસ્તારના યુવકોને સંવેદનશીલ કરવાના પ્રયત્નો કરે છે.

**યુવાનો સાથે કાર્ય કરનાર શ્રીજન નેટવર્ક સાથે જોડાણ**

શ્રીજન નેટવર્ક એ ગુજરાત કક્ષાએ યુવાનો સાથે કાર્ય કરનાર સંસ્થાઓનું નેટવર્ક છે. તેઓ યુવાનોને સાથે રાખીને યુવાનોના મુદદા પર કાર્ય કરે છે. શ્રીજન નેટવર્ક સાથે રહીને વહેલા લગ્ન અને વહેલા ગર્ભધારણ રોકવા એડવોકસી કાર્યક્રમ કરવામાં આવેલ છે. જેમાં કિશોર - કિશોરીને આ વિષય પર સંવેદનશીલ કરવા માટે શિબીર કરવામાં આવી હતી. નાની ઉમંરે લગ્ન થતાં પડતી મુશકેલીઓ, સમસ્યાઓ પર સમજણ કેળવવામાં આવી હતી. કિશોર - કિશોરીઓ દ્વારા નાટક ગૃપ તૈયાર કરવામાં આવેલ છે, જે અલગ - અલગ જગ્યાએ જઇને નાટક રજુ કરે છે, જેમાં બંટી બબલી (વ્હાલુ વડોદરા), જેન્ડર, અંધશ્રધ્ધા, જનની સુરક્ષા યોજના, ચિંરજીવી યોજના, મહિલા સ્વાસ્થય અને સુવિધા, વહેલા લગ્ન અને વહેલા ગર્ભધારણ રોકવા પર નાટક કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વિસ્તારના આગેવાનો અને ધર્મગુરૂ સાથે એક શિબિર કરવામાં આવી હતી, જેમાં વિસ્તારોમાં વહેલા લગ્ન અને વહેલા ગર્ભધારણ રોકવા બાબતે સંવેદનશીલ કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ તેઓએ તેમના વિંસ્તારોમાં લોકોને આ વિષય પ્રત્યે જાગ્રત કર્યા હતાં. આ કાર્યક્રમ વધારે લોકો સુધી સાચી સમજણ સાથે જાય તે માટે સરકારી અધિકારી, વકીલો, ધર્મગુરૂઓ, કમિટી આગેવાનો, યુવક-યુવતીઓ સાથે લોકપેરવી કરી હતી, જેમાં પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રોનિક મિડીયાએ આ સંદેશાઓ ઘણાં બધા લોકો સુધી પહોચાડ્યા હતાં.

## ૩."મર્દાનગી" અંગે અભ્યાસ

કિશોરો અને યુવાઓમાં "મર્દાનગી " અંગે સમજ, વિચાર,અને વલણને સમજવા માટે સહજે એક અભ્યાસ હાથ ધર્યો હતો , આ અભ્યાસના પરિણામ રૂપે ૧૮ થી ૨૫ વર્ષના કિશોરો તથા યુવાનો દ્વારા લખાયેલ પોતાના જીવનની સાચી વાર્તાઓ અહીં પ્રસ્તુત કરીએ છે.આ પુસ્તકમાં સામેલ કરેલ વાર્તાઓમાં યુવાનોની ઓળખ ગુપ્ત રાખવા માટે તેમના નામ બદલવામાં આવ્યા છે.

**"મર્દાનગી" અંગેના અભ્યાસની પધ્ધતિ :**

સૌ પ્રથમ યુવાનો સાથે કાર્ય કરનાર સહજના ચાર કાર્યકર ભાઇઓએ પોતાની જીવનકથા લખી, તેમને જીવનકથા લખતા જે પ્રશ્નો થયા તે તેમણે લખી લીધા, જીવનકથા સંસ્થાના ટ્રસ્ટીએ વાંચીને અલગ - અલગ મુદદા કાઢયા, અને તે અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ ૧૮ થી ૨૫ વર્ષના કિશોરોને જીવનકથા લખવા આપવી તેવુ નકકી કરવામાં આવ્યુ. આ માટે શહેરથી દુર સંખેડા તાલુકાના વડદલી ગામમાં ૨૩ યુવાનોને લઇ જવાનું નકકી કરવામાં આવ્યુ. જેમાં અલગ - અલગ જાતીના યુવાનોને લેવાનું નકકી કરવામાં આવ્યુ. આ વાર્તાઓ લખવા માટે એક પ્રશ્નાવલી બનાવવામાં આવી.

- ˙ તમારા નામથી શરુ કરી તમારું સામાજીકરણ વિશે જણાવો ?
- તમારો ઉછેર કેવી રીતે કરવામાં આવ્યો ?

- તમને કયારે ખબર પડીકે તમે છોકરા (પુરુષ) છે ?
- તમને સમાજ અને કુટુંબમાં એક છોકરા તરીકે શું બતાવવામાં આવ્યુ હતુ ?
- જીવનમાં કયારે સફળતા મળી હતી ?
- કયારે નિષ્ફળતા મળી હતી ?
- તમારા માતા - પિતાનું વર્તન (સબંધ) કેવો હતો ?
- પોતાની લાગણીઓ કોને જણાવતા હતા ?
- તમારા પર શું દબાણો રહેલા છે ?
- તમારા મતે "મર્દાનગી" કોને માનો છે ?
- તમે કેવા યુવા પુરુષ બનવા માંગો છો ?

આ બધા પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા.આ અભ્યાસમાં ભાગ લેવા કિશોરો તથા યુવાનોની લેખિત સંમતિ લેવામાં આવી હતી.

# ભાગ ૨

# "મર્દાનગી"

# યુવાનોની જીવનકથાઓ.

## ૧. તળપદા રાજેશ

મારું નામ તળપદા રાજેશ કાલીદાસ છે, ઊંમર ૨૨ વર્ષ, અભ્યાસ ડિપ્લોમા ઈન ઈલેકટ્રીકલ ઈન્જિયરીંગ, હિન્દુ ગુજરાતી. મારા પરિવારમાં કુલ સાત સભ્યો છે, જેમાં અમે પાંચ ભાઈ-બહેન છે. મારા મોટાભાઈનું નામ રવિન્દ્ર છે, જેમણે ડિપ્લોમાં સિવિલ એન્જિયરીંગનો અભ્યાસ કરેલ છે અને હાલમાં કન્સ્ટ્રકશન કંપનીમાં નોકરી કરે છે. મારો નાનો ભાઈ સૌરભ ૧૮વર્ષનો છે, જે હાલમાં ધોરણ ૧૨માં આવેલ છે. મારી બે બહેનો છે જેમાં એક શીલાએ ધોરણ ૯ સુધી અભ્યાસ કરેલ છે, જેની ઉમંર ૧૯ વર્ષની છે. બીજી બહેન દેવાંગી ધોરણ ૯ સુધી અભ્યાસ કરેલ છે જેની ઉમંર ૧૮વર્ષની છે. બંને બહેનો હાલમાં ઘરકામ કરે છે. મારા પિતાનુ નામ કાલીદાસ છે, જેઓએ બી.એ સુધી અભ્યાસ કરેલ છે. તેઓ હાલમાં મધ્ય ગુજરાત વિજ કંપનીમાં નોકરી કરે છે. મારા માતાનું નામ મમતાબેન છે, જેમણે ધોરણ-૭ સુધી અભ્યાસ કરેલ છે. તેઓ હાલમાં ઘરકામ કરે છે.

મારો ઉછેર સંયુક્ત કુટુંબમાં થયો છે, મારા મતે સંયુક્ત કુટુંબમાં બાળકનો ઉછેર નાના કુટુંબ કરતાં વધારે સારી રીતે થઈ શકે છે. મને સમજણ આવી ત્યાં સુધી મને ઘરમાં સભ્યો વધુ હોવાથી આનંદ અને મોજમસ્તીનું વાતાવરણ મળી રહેતું હતું. અમે બધા ભાઈ-બહેન સાથે મળીને ખૂબ જ ધમાલ કરતા અને નાની નાની બાબતે ઝઘડા પણ થતા. પરંતુ તરત જ બધું ભૂલીને ભેગા થઈ જતા હતાં. નાનપણથી જ અમને ભાઈ-બહેનોને સાથે રહેવાનું શીખવવામાં આવ્યું હતું. મમ્મી ઘરકામ કરે ત્યારે હું અને મારા મોટાભાઈ નાના ભાઈ બહેનોને સાચવતાં અને ઘરમાં કંઈ પણ ખાવાનું લાવીએ તો બધા વહેંચીને ખાતા. મારા માતા-પિતા અમને સમજાવતા કે "કદી મારૂ તારૂ કરવું નહિ, સાથે રહી ઝઘડવું નહિ, જૂઠુ બોલવુ નહિ અને ભણવામાં ધ્યાન આપવું." નાનપણમાં અમે બે વખત અમારુ ઘર બદલ્યું. અમે સોસાયટીના મોટા ઘર છોડી વસ્તીનાં સાંકડા ઘરમાં રહેવા આવ્યાં. અહિ શરૂઆતમાં ખૂબજ તકલીફ પડતી હતી પણ ધીમે ધીમે આદત પડવા લાગી. વસ્તીમાં રહેતા છોકરાઓની રહેણી-કરણી મારાથી અલગ હતી, પણ હું મારામાં પરિવર્તન લાવ્યા વગર બધા છોકરાઓમાં મારી અલગ ઓળખાણ બનાવવા સફળ રહ્યો.

જેમ જેમ મારી ઉંમર વધતી ગઈ, તેમ તેમ મને બતાવવામાં આવ્યું કે આપણે સારુ ભણીએ તો સારી નોકરી મળે અને ભણવામાં ધ્યાન ન આપીએ તો આખી જીંદગી નાના-મોટા કામ કરી કષ્ટમય રીતે જીવવુ પડશે. મારા પિતાએ અભ્યાસના લીધે સારી નોકરી મેળવી હતી. મને પણ તેમના જેવો જ બનવાનું કહેતા હતા.

મને યાદ છે ત્યાં સુધી હું નાનો હતો ત્યારે અમારી આસપાસમાં રહેતા બધા જ છોકરા-છોકરીઓ સાથે મળીને પક્કડદાવ, સંતાકુકડી, લંગડી વગેરે રમતો સાથે રમતાં હતાં પણ જેમ જેમ વખત ગયો તેમ મારા મમ્મીએ મને એક દિવસ કહેલુ કે બેટા, હવે તમે મોટા થયા છો, એટલે છોકરીઓ સાથે બહુ રમવુ નહિ.

બીજો પ્રસંગ યાદ છે કે અમારા પડોશમાં રહેતા એક કાકા ઘરમાં વીસીડી જોઈ રહ્યાં હતા. હું તેમના ઘરમાં અચાનક જઈ ચડયો તેઓ સાથે બીજા બે વ્યક્તિ પણ

હતાં. કાકાએ પહેલા મને બહાર જવા કહ્યું પણ પેલા બે વ્યક્તિઓએ કહ્યું કે ચાલશે તેને પણ જોવા દો. પછી તેણે મને બેસાડીને પિક્ચર બતાવ્યું. આ પિક્ચર ખરાબ હતું, પણ પ્રથમ વખત જોતો હતો તો નવુ જોવાની ઈચ્છા હતી, પિક્ચર જોયા પછી મારા પેન્ટમાં પાણી નીકળી ગયુ અને ડાઘ પડી ગયો, મેં હાથથી લુછવા લાગ્યો તો પેલા વ્યકિત હસવા લાગ્યા અને મને કહ્યુ કે આવુ તો છોકરાઓને જ થાય, હવે તું નાનો નથી રહ્યો પણ મોટો છોકરો થઈ ગયો છે. એ સમયગાળા દરમ્યાન મને છોકરીઓ પ્રત્યે આકર્ષણ થવા લાગ્યુ અને મેં મારા દેખાવ , કપડાં વગેરે તરફ ધ્યાન આપવા માડયું. હું છોકરીઓને પસંદ પડે તે માટે સારા કપડાં પહેરવા લાગ્યો, સારી ભાષા બોલવા લાગ્યો, આમ મને ખબર પડવા લાગી કે આ ઉંમરમાં છોકરાઓમાં આવી ઈચ્છાઓ થાય અને હું પણ હવે એક યુવા છોકરો બની ગયો છુ.

મારી બે નાની બહેનોમાં મોટી બહેને ધોરણ નવ પાસ કર્યુ, ત્યારબાદ મારા દાદા-દાદી કહેવા લાગ્યા કે છોકરીને આગળ ભણવા દેવી નહી. એ વખતે હું પણ ૧૧માં ધોરણમાંથી ૧૨માં ધોરણમાં આવ્યો, પણ મને કહેવામાં આવ્યુ કે આગળ ભણજે અને કોલેજ સુધી અભ્યાસ કરજે એ વખતે મેં કહ્યું હતુ કે "કેમ મને આગળ ભણવા કહયું અને બહેનને ના પાડી ?" તો મને કહ્યું કે "તે હવે મોટી છોકરી થઈ ગઈ છે, તેને સ્કુલમાં મોકલવી જોઈએ નહી." ત્યારબાદ મેં કોઈપણ જવાબ આપ્યો નહિ.

મને યાદ છે જયારે ધોરણ દસમાં મારા ૭૯% આવ્યા ત્યારે મારા માતા પિતા ખુબજ ખુશ થયા હતા, મને કહેવામાં આવ્યુ હતુ કે બેટા તું વધુ સારું ભણીશ તો તને સારી નોકરી મળશે અને ખૂબજ માન મળશે, તેમજ પૈસા પણ કમાઈશ. મારા પિતા મને કહેતા હતા કે "અમે સ્ટ્રીટ લાઈટ નીચે ભણી કોલેજ પાસ કરી હતી, એટલે આ નોકરી મળી છે. જયારે તમે તો સારી રીતે ઘરમાં ભણો છો, તે પ્રમાણે મહેનત કરશો તો કશુ અશકય નથી." મારા મમ્મી પણ કહેતા હતા કે "અત્યારે નાની ઉંમરમાં મહેનત કરશો તો મોટા થઈને ઓછી તકલીફ વેઠવી પડશે."

મારા જીવનની પહેલી સફળતા મને યાદ છે કે હું આઠમાં ધોરણમાં આવ્યો ત્યાં સુધી સ્કુલે ચાલતો જતો હતો. વેકેશનમાં મેં પપ્પાને સાઈકલ લાવવા કહ્યું પણ મને ચલાવતા આવડતું નહોતુ. તેમણે મને સાઈકલ શીખવાનું કહ્યું મેં મારા મિત્રની સાઈકલ લઈ શીખવાનું શરુ કર્યુ. મારે સાઈકલ ડંડાની ઉપરથી ચલાવતા શીખવી હતી, મને ડંડાની ઉપર પગ લઈ જવાની બીક લાગતી હતી, મેં હિંમત રાખી તે જ વખતે હું પથ્થરવાળા રસ્તા પર પડયો અને સાઈકલ મારી ઉપર પડી, મને ખુબજ વાગ્યુ લોહી પણ નીકળ્યુ. મેં બે ત્રણ દિવસ સાઈકલ ચલાવી નહિં, ઘરે પણ માતા પિતા ખુબ બોલ્યા, હું વારંવાર પડી જતો હતો, પરંતુ મને સાઈકલ ચલાવતાની સાથે એક અલગ આનંદ અને ખુશી પ્રાપ્ત થઈ.

સેકસની વાત કરીએ તો મને મારી પડોશમાં રહેતી એક છોકરી સાથે પ્રથમ આકર્ષણ થયુ હતુ, અમે નાનપણથી સાથે રમીને મોટા થયા હતા, પણ આકર્ષણ બાદ મને તેનો સ્પર્શ પણ અલગ લાગતો હતો. મારા પપ્પાએ મને એકવાર બેસાડી કહ્યું હતુ કે તારે તેની સાથે નજીક રહેવુ નહિ , મેં કહ્યું કેમ ? અમે નાનપણથી સાથે જ બોલીએ છીએ પણ તેમણે મને આમ કરતાં રોક્યો.એ વખતે મને સારુ તો ન લાગ્યુ પણ કેમ આમ કહ્યુ તે ખબર પડતી નહોતી ?

જયારે હું કોલેજના પ્રથમ વર્ષમાં આવ્યો ત્યારે મને મારા માતા-પિતા તથા દાદાએ કહ્યું હતુ કે કોલેજમાં કોઈ છોકરી સાથે વધુ વાતચીત કરવી નહિ કે દોસ્તી કરવી નહિ. છોકરી સાથે સબંધ રાખીએ એ સારુ કહેવાય નહિ . લગ્ન પછી પત્ની સાથે જ સબંધ રાખવા જોઈએ, નહિ તો આબરુ જાય. મને મારા માતા પિતા પુજા પાઠ કરવા માટે પણ કહેતા હતા. તેઓ કહેતા હતા કે માતાજીનું નામ લેવાથી, પ્રાર્થના કરવાથી તેઓ

હંમેશા મુશ્કેલીમાં કામ પાર પાડે છે , આથી નિયમીત દીવો-અગરબતી કરવી જોઈએ.

અમારા સમાજમાં યુવા પુરૂષ એટલે સારો કામ ધંધો કરનાર વ્યકિત, જેની સારી એવી કમાઈ થતી હોય. અમારા સમાજમાં મોટાભાગે છોકરો ૧૬થી ૧૮વર્ષનો થાય એટલે તેને કામ ધંધે લગાડવો જોઈએ એમ માને છે. ભણવા ગણવાથી કશુ મળતું નથી એમ કહેવામાં આવે છે. જેઓ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે તેઓ ભણવાની બાબતે આગળ આવ્યા છે અને ભણતરની કિંમત કરવા લાગ્યા છે.ગ્રામ્ય વિસ્તારમાં પૈસાના અભાવે માતા પિતા ભણતર છોડાવીને ધંધા ઉપર લગાડી દે છે. છોકરા પણ ભણવામાં ધ્યાન આપ્યા કરતાં ઘરમાં મદદ કરે છે.

અમારા સમાજમાં છોકરો ૨૦ વર્ષનો થાય એટલે તેના લગ્ન કરાવી વહુ ઘરે આવે તેમ ઈચ્છે છે.આટલા મોટા છોકરાના લગ્ન કેમ થયા નહિ ? વહુ લાવ્યા કે નહિ ? આવા સવાલો પુછવામાં આવે છે.અમારા સમાજમાં યુવાનોને તેમની યોગ્ય ઉંમર કરતાં વહેલા જવાબદારી આપી દે છે, આમ માનસિક અને શારીરીક ત્રાસને લીધે યુવાઓ વ્યસનનો સહારો લે છે, જે થોડો સમય આનંદ આપે છે, પણ ધીમે ધીમે જીંદગીને વિનાશ તરફ લઈ જાયછે.

અમારા સમાજમાં સબંધોમાં નિષ્ફળતા માટે વ્યસનો, આર્થિક અને સામાજીક વ્યવહાર, વાણી, વર્તન જેવી બાબતો ધ્યાનમાં લેવાય છે, માતા-પુત્ર કે પિતા-પુત્ર વચ્ચે જો પ્રેમભાવ હોય તો તેને પહેલાથી જ કહેવામાં આવે છે કે પત્ની આવશે એટલે પત્નીનો થઈ જશે.છોકરી ને સાસરે વિદાય કરતાં પહેલા જ સમજાવી દેવામાં આવે છે કે સાસુ તો આવી જ હોય અને નંણદ તો એવી જ હોય , આવી માનસિક છાપને લીધે લગ્ન જીવનમાં સમસ્યા ઉભી થાયછે, જે પતિ-પત્ની, વહુ , સાસુ, નણંદ, સસરા વગેરે સબંધોમાં નિષ્ફળતા લાવે છે. નિષ્ફળતા વિશે હું માનુ છુ કે નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. આપણને નિષ્ફળતા મળે તો આપણે તેની પર ચિંતન કરવુ જોઈએ કે મને નિષ્ફળતા કેમ મળી ?નિષ્ફળતાથી આપણને ઘણુ બધુ શીખવા મળે છે તેનાથી આપણે સફળ થઈ શકીએ છીએ.

ધાર્મિક બાબતો પ્રત્યે અમારો સમાજ ખુબ જ સક્રીય છે. અમારા સમાજમા માતાજીની પુજાને મહત્વ આપવામા આવે છે. એવુ કહેવાય છે કે માતાજીના પુજા પાઠ કરવાથી હંમેશા ભલુ થાય છે અને જીવનમા કદી દુઃખ આવતા નથી. પણ જો ખરાબ ભાષા અને વ્યસનોનો સંગ કરીએ, માતાજી ભગવાન વિશે અપશબ્દો વાપરીએ તો તેઓ આપણો વિનાશ કરે છે.

સેકસ વિશે અમારો સમાજ ખુબ જ સખત વલણ રાખે છે. અમારા સમાજમાં છોકરા-છોકરીઓને સોળ વર્ષની ઉંમર બાદ એકબીજા સાથે વાતચીત પણ કરવા દેતા નથી. છોકરીઓ બીજી વ્યકિત સાથે સબંધ રાખે તો તેને સમાજ દ્વારા બહિષ્કાર કરવામા આવે છે. છોકરાઓને પણ ભગવાન માતાજીની બીક આપી સબંધ ન બાંધવા માટે પ્રયત્ન કરવામા આવે છે. અમારા સમાજ અનુસાર સ્ત્રી પુરૂષે લગ્ન બાદ જ અને તે પણ પત્ની સાથે જ સેકસ માણવુ જોઈએ એવી વિચાર ધારા રહેલી છે.

અમારા સમાજમાં સફળતા એટલે દુઃખ, તકલીફ, સમસ્યાઓ વગેરે વેઠીને પોતાનો વિકાસ કરવો એ જ ખરી સફળતા.મારા મતે સફળતા એટલે લક્ષ્ય રાખવુ અને તે લક્ષ્ય સુધી પહોંચવા પોતાની શકિત અનુસાર મહેનત કરવી અને જે ફળ પ્રાપ્ત થાય તેને સફળતા કહેવાય. હું માનુ છુ કે માણસ માટે કશુ પણ અશક્ય નથી. જો કોઈ વ્યકિત કહે કે આ કામમાં મને સફળતા નહી જ મળે, એવા વિચારથી સફળતા નથી મળતી. દરેક વાતમાં માણસ સફળ થાય તે શકય નથી. તેથી સફળતા ન મળે તો નિરાશ ન થવુ પણ પ્રયત્ન ચાલુ રાખવા. મારા મતે સફળતા આપણે શું ધ્યેય નક્કી કર્યુ છે તેના પર આધાર રાખે છે. ઘણી બધી સફળતા

એવી છે કે જે ટીમ પર આધાર રાખે છે અથવા ટીમ વગર સફળતા મળતી નથી, આથી આપણી યથાશકિત અનુસાર પોતાનુ ધ્યેય નક્કીં કરવુ.

એક પુરુષ તરીકે મારી પ્રશંસા અમારા ગૃપમાં થતી. હું હાજર જવાબી વ્યકિત હતો. મેં ઘણીવાર અમારા કુટુંબમાં સાંભળ્યુ છે કે આ ખરો માણસ છે, જે ચાર વ્યકિત સાથે બોલતા ગભરાતો નથી, ફટાફટ બોલી દે છે. હું જયારે કોલેજ કરતો હતો, ત્યારે મારા મોસાળ તેમજ ગામમાં લોકો મને જોઈને કહેતા કે આ છોકરો આપણે ત્યાં ઈન્જિન્યર બન્યો છે. બીજા બધા એસ.એસ.સી. પણ પાસ કરતાં નથી.

હાલમાં વાત કરુ તો નોકરી લાગ્યા બાદ શરુઆતના બે મહિનામાંજ મેં નોકરીમાં ઓવર ટાઈમ શરૂ કરી દીધો. મારામાં નવુ શીખવાની ગજબની તાલાવેલી છે. મારી આઠ કલાકની નોકરી છતાં હું બાર કલાક સુધી કામ કરતો હતો. અઠવાડીયામાં બે ત્રણ વખત રાત પણ રોકાઈ જતો હતો. ત્યાંરે મારા આસપાસના પડોશી કહેતા કે આ છોકરો નોકરીના બે મહિનામાં કેટલી મહેનત કરે છે, આ સાંભળી મને આશ્ચર્ય થતુ. કારણકે મારા માટે તો શરુઆતનો સમય જ શીખવા માટે ઉત્તમ છે.

હું એવા પ્રકારના લોકોની પ્રશંસા કરુ છુ જે લોકો કદી હાર માનતા નથી, હું એક એવો યુવક બનવા માગુ છું કે જે કોઈપણ ગમે તેટલી વ્યકિતઓ વચ્ચે પોતાના વિચારો વિના સંકોચે રજુ કરી શકે છે. એવો યુવક જેનામા ભરપુર આત્મવિશ્વાસ હોય, જે પોતાની ક્ષમતાથી ખોટી બાબતોનો વિરોધ કરી શકે, બધા પ્રત્યે પ્રેમભાવ રાખતો હોય, હું સ્વામી વિવેકાનંદ જેવો યુવક બનવા માગુ છું.

હું અત્યારે નવી નોકરીએ લાગ્યો છું. ત્યા વધારે કામ કરવાનુ મારા પર દબાણ છે, વધારે કમાવવાનુ પણ દબાણ છે. આ ઉપરાત મારા ઉપર સૌથી ભાર મારા પપ્પાનો છે. મારા પિતા સમયસર નોકરી નથી જતા, આને લીધે તેમનો પગાર આવતો નથી, મારા અને મોટા ભાઈની નોકરી પર ઘર ચાલે છે. મારા પગાર માંથી કશુ બચતુ નથી, પપ્પા કહે છે તેમનાથી કામ નહિ થાય. જાતે જ કમાઈ ઘર ચલાવો, અમે બન્ને ભાઈ ઓવર ટાઈમ કરીએ છીએ, આ દબાણ મારી જાત પર, આત્મા પર છે.

મારા મતે તો મારી હાલની જીંદગી જ આશાપ્રદ છે, મારી નોકરીમા વધારે કામ કરી પ્રમોશન મેળવુ તેમજ મારું સુંદર ઘર વસાવુ જેમા મારા માતા પિતા અને મારી પત્ની વગેરે શાંતિમય જીવન જીવી શકીએ. મારા માતા પિતાને ઘડપણમા કશી મુશ્કેલી ન પડવા દઉ, મારી પત્નીને ખુબ જ પ્રેમ આપુ અને મારા બાળકોને પણ સારુ શિક્ષણ આપુ. મારુ સ્વપ્નુ દુનિયામાં પોતાની અલગ પહેચાન બનાવવાનુ છે. મારે મારી નોકરીના ૧૦ વર્ષની અંદર પોતાનું ઘર વસાવવુ છે. જેમાં અમે સહકુટુંબ ખુશમય રીતે કોઈ પણ જાતની તકલીફ વગર જીવી શકીએ.

મને ઘણી વખત નિષ્ફળતાનો સામનો કરવો પડયો. મારી નિષ્ફતાઓ વધારે પ્રમાણમા તો શિક્ષણમા જ હતી.હું પરિક્ષામા ફેઈલ થયો ત્યારે મમ્મી પપ્પાએ પણ મને ઠપકો ન આપ્યો અને વધુ મહેનત કરવા કહ્યુ.

મારા વહેલા લગ્ન થયા તે મારી સૌથી મોટી નિષ્ફળતા હતી. એ સમયે મારી ઉમર ૧૭ વર્ષની હતી, મારા સમાજ પ્રમાણે લગ્નની ઉંમર બરાબર હતી. મારા માતાપિતા પણ મારા લગ્નથી રાજી હતા. મેં લગ્ન ન કરવા ઘરમા બધાને ખુબ સમજાવ્યા, મારા પપ્પાનો માર પણ એક વખત ખાધો, ઘણા પ્રયત્નો છતાં તેઓ સમજયા નહિ. સમાજના લોકો પણ મારા માતા પિતા પર લગ્ન કરાવવાનુ દબાણ કરતાં, આખરે મેં ઘર છોડી જવાનો નિર્ણય કર્યો. પણ લગ્નના બે દિવસ પહેલા મારા માતાપિતા દ્વારા ખુબ રૂપિયા ઘરમા જોયા, ઘરમા બધી ખરીદી થઈ, છતાંય મેં મારી જીદ પકડી રાખી. ત્યારબાદ મમ્મીએ જણાવ્યુ કે અમે છોકરી સારી શોધી છે અને અમે સમાજની વિરુધ્ધ પણ જઈ શકતા નથી,

બન્ને પક્ષે રૂપિયા ખર્ચાઈ ગયા છે. અમે લોકોએ પણ આમ જ લગ્ન કર્યા હતા. એ સમયે હું લાગણીમા આવી ગયો હતો. ૧૭ વર્ષની ઉમરમાં અત્યારે છે, તેવો આત્મવિશ્વાસ પણ ન હતો, મેં છોકરીનો ફોટો પણ જોયો ન હતો. તેવી છોકરી સાથે લાગણીને વશ થઈ લગ્ન કર્યા, આ મારી જીંદગીનું સત્ય હતુ. તેથી તેને નિષ્ફળતા ન કહેવાય પણ નિષ્ફળતા એટલા માટે માનું છું કે લગ્નના કારણે મારે સૌથી મોટી નિષ્ફળતાનો સામનો કરવો પડી રહયો છે. મારી બીજી નિષ્ફળતા આને લીધે જ ઉદભવી છે. મારી બીજી નિંષ્ફળતા પ્રેમમા છે. આ નિષ્ફળતા તો ન કહી શકાય કારણ કે આ તો હાલની વાત છે. મારા પ્રયત્નો ચાલુ છે કે તેને સફળતામાં ફેરવી શકુ.

મને બરાબર યાદ છે કે હું મારી કોલેજના બીજા વર્ષમાં હતો ત્યારે મારી મુલાકાત એક છોકરી સાથે થઈ. સાચુ કહુ તો હું પ્રથમ નજરના પ્રેમ માનતો ન હતો પણ હું પ્રથમ નજરમા જ તેના પ્રત્યે આકર્ષાયો હતો, મને પ્રથમ નજરે જ પ્રેમ થયો. મને એ પ્રથમ મુલાકાત દરમ્યાન જ મારા સપનામાં જોયેલી મારી ભાવી પત્નીના ગુણ તે ધરાવતી હતી. મને જેવી છોકરી પસંદ હતી, તેના બધા ગુણ તે ધરાવતી હતી. અમે એકબીજા સાથે દસ-બાર દિવસ રહ્યા અને અમને એકબીજાને ઓળખવાનો સમય મળી ગયો અને તેની સાથે હું ખૂબ ભળી ગયો. મેં તેને લગ્ન કરવા માટે પણ જણાવ્યુ હતુ, પણ તે કશુ ના કહી શકી. હું મારો પ્રથમ પ્રેમ અધુરો રાખવા માગતો નથી પરંતુ હું બંધનમાં છું પણ મને આશા છે કે તે છોકરીએ મારા પ્રેમની કદર કરી. એક દિવસ મારો પ્રેમ જરુર પુરો કરશે આ કહેવુ પણ ખોટુ છે. હું ચાહુ છું તે પણ તેનો પ્રથમ પ્રેમ પુરો કરે, માણસ તેની જીંદગીમાં પ્રથમ પ્રેમ, પ્રથમ સફળતા, પ્રથમ નિષ્ફળતા, પ્રથમ મિત્ર, પ્રથમ શિક્ષા, કદી ભુલી શકતો નથી અમે બન્ને એકબીજા ને ભુલી શકવાના નથી તે સત્ય છે અને હું ભુતકાળને યાદ કરી રડવા પણ નથી માગતો. જો મારું દિલ સ્વચ્છ હોય મારો પ્રથમ પ્રેમ પવિત્ર હોય, મારામાં ઈશ્વર વસતા હસે તો મારા પ્રયત્નો જરૂર સફળ થશે.આમ નિષ્ફળતાઓથી દુર ભાગીને હતાશ થવુ જોઈએ નહિ, આપણે આપણા પરનો વિશ્વાસ કદી છોડવો જોઈએ નહિ, તેમજ પ્રયાસ પણ કરતા રહેવુ જોઈએ.

સારી નોકરી એ વ્યકિતના વિચારો પર આધાર રાખે છે, જે માણસ મહેનત કરવા માગતો ના હોય, તેના મતે પંખા નીચે બેસી રહેવાની નોકરી સારી છે. સારી નોકરી એટલે સારી આવક આવે તેવી નોકરી, નોકરી કરવાથી પોતાની જાતને સંતોષ થાય તેવી નોકરી. સારી નોકરીનો અર્થ એવો નથી કે તમારા અભ્યાસ મુજબ કામ મળે, સારી નોકરી એટલે એવી નોકરી કે જેમા કોઈ તણાવ કે દબાણ ના હોય અને ઓફિસ લાઈફ અને ફેમિલી લાઈફ બંનેમાં અડચણરૂપ ન બને. મારા મતે પગભર એટલે હાલના સમયને અનુલક્ષીને કોઈપણ વિકટ પરિસ્થિતિને પહોંચી વળે અને સમાજમાં અન્ય લોકો ઉપર આધાર રાખ્યા વિના પોતાનુ વિશિષ્ટ સ્થાન બનાવી શકે અને પોતાના કુટુંબની તેમજ અન્ય લોકોને મદદરૂપ થઈ શકે.

સારો પિતા સૌ પ્રથમ બાળકની માતાને ભરપુર પ્રેમ આપે તેવો હોવો જોઈએ, બાળક ગર્ભમાં હોય ત્યારથી જ માતાની સંભાળ રાખે, તેમજ પ્રસવ બાદ થી લઈને સમજદાર થાય ત્યાં સુધી બાળક સાથે સમય ફાળવે. સારો પિતા એને કહેવાય જે બાળકને માનસિક અને શારિરીક તણાવ ન આપે તેમ જ વધુ પડતુ વૈભવજીવન પણ ન જીવવા દે તેવો હોય, બાળકને પોતાના જીવન દરમિયાન કરેલી ભુલોના દોહરાવાય તે રીતે સમજણ આપે, બાળકના વાણી, વર્તન, સ્વભાવ વગેરે બાબતો પ્રત્યે સભાન કરે, સંતાનને સારુ શિક્ષણ આપે તે વ્યવહારમા ઉપયોગો કાર્યક્ષમતાઓ શીખવાળે. સારો પિતા એ પણ છે જે સંતાનને તકલીફ અને સમસ્યાઓ જાતે અનુભવવા દે, અને સંતાન તેમાંથી જાતે બહાર નિકળે તેવુ વાતાવરણ ઉભુ કરે, સંતાનને સુખની સાથે દુઃખ વેઠતા પણ શીખવાડે.

મારા મતે સ્ત્રી પુરૂષના સબંધો બાહ્ય રીતે ખુબ મજબુત દેખાતા હોય છે પણ આંતરીક રીતે તે ખુબ પાતળા તાંતણા સાથે જોડાયેલા હોય છે, આ તાંતણો બનેલો હોય છે વિશ્વાસથી. સ્ત્રી- પુરૂષ વચ્ચેના સામાજીક સબંધો ખુબ મહત્વના હોય છે. બંને વચ્ચે કોઈપણ જાતની ગુપ્તતા હોવી ન જોઈએ, ગુપ્તતા સબંધો તુટવાનુ કારણ બને છે.ઘણી વખત ગેર સમજ પણ સબંધોમાં તિરાડ પાડે છે.

અમારા સમાજમાં આજે પણ સ્ત્રીઓને વધારે મહત્વ આપવામાં આવતુ નથી. છોકરીઓને વધારે ભણવા દેવામાં આવતી નથી, સ્ત્રીઓ જાહેરમાં કોઈ પુરૂષ સાથે વાત કરી શકતી નથી. તેઓને પોતાનો જીવન સાથી પસંદ કરવાનો હક આપવામાં આવતો નથી, વડીલોની ઈચ્છા મુજબ જ તેના લગ્ન કરી દેવામાં આવે છે. મેં પણ મારી પત્નીને લગ્ન મંડપમાં જ સૌ પ્રથમ જોઈ હતી, મને મારી કે તેની પસંદ પુછવામા આવી ન હતી, મુલાકાત પણ કરવા દેવામાં આવી ન હતી, આ વાત આઠ વર્ષ પહેલાની છે. અત્યારે પરિસ્થિતિ થોડી બદલાયેલી છે, છોકરાને છોકરી જોવા માટે લઈ જવામાં આવે છે. શિક્ષણનુ પ્રમાણ પણ વધ્યુ છે પણ પુરૂષો કરતા તો સ્ત્રીઓ પાછળ જ છે.

ફિલ્મની વાત કરુ તો મને બોલીવુડ કરતા હોલીવુડ ફીલ્મો વધુ ગમે છે, હું દરેક સારી ફિલ્મને માન આપુ છુ. હોલોમેન, એપીલ ડેડ, જુરાસીક પાર્ક વગેરે ફિલ્મો ગમે છે, કારણ કે તેમા ટેકનોલોજીના કારણે અશક્ય બાબતને શક્ય બનાવે છે. બોલીવુડમા મને કોમડી ફિલ્મો વધુ પસંદ છે.

હું સ્વામી વિવેકાનંદની પ્રશંસા કરુ છુ. થોડા સમય પહેલા પેપરમાં વાંચ્યુ હતુ કે ચીનના ભુકંપમા પત્ની મૃત્યુ પામી તો તેને પોતાના શરીરે બાધી બાઈક પર લઈ જતો હતો. હું તેવા યુવાનની પ્રશંસા કરુ છુ. જે પોતાની પત્નીને છેલ્લા શ્વાસ સુધી છોડતો નથી.

મારા મતે મર્દાનગી એટલે નિર્ભય પણે જીવવુ, મર્દાનગી એ પુરૂષ પુરતી સિમિત નથી, પણ તે બાળક, વૃધ્ધ, સ્ત્રી બધાને લાગુ પડે છે. જે સ્ત્રી પુરૂષ નિઃસંકોચ પોતાના વિચારો જાહેરમાં રજુ કરે, જે અન્યાય, અસત્ય, અત્યાચાર, અપમાન વગેરે બાબતોનો નિર્ભય પણે પ્રતિકાર કરે તો તેનામાં મર્દાનગી છે તેમ કહેવાય.

**૨. થાપા મુકેશ**

મારું નામ થાપા મુકેશ બહાદુર, ઉંમર ૧૮ વર્ષ. અભ્યાસ ધોરણ ૧૦ પાસ. જ્ઞાતિ હિન્દુ નેપાળી. પિતાજી નથી. માતા ઘરકામ કરે છે.

સમાજમાં પુરૂષની દ્રષ્ટિએ સમજાવવામાં આવ્યુ કે જયારે રાત્રે બહાર જવાનું હોય છે ત્યારે પુરૂષ બહાર જાય છે, છોકરીને ઘરનું કામ કરવાનું કહે છે, જયારે પુરૂષને વાસણ ધોવાં કે કપડાં ધોવાનું કહેતા નથી.

અવાજ બદલાયો દાઢી, મુંછ આવવા લાગી ત્યારે ખબર પડી કે હું છોકરો છું. લાઈટ-બીલ ભરવા અથવા બહાર કંઈ લેવા માટે જવાનું હોય ત્યારે પુરૂષને મોકલે છે અને બહેનને ઘરનુ કામ આપે છે. તેને મહેંદી કલાસ અને સિવણ કલાસ કરાવવામાં આવ્યો.દાઢી-મૂંછ આવી તો મિત્રો કહેતા કે શું છોકરી જેવી દાઢી-મૂંછ કાપી નાંખે છે ? મર્દ જેવી મૂંછ રાખને ત્યારથી હું મૂંછ કાપતો નથી.

આજનો સમાજ એવા યુવાપુરૂષને જોવા માગે છે જે ઘરમાં મા-બાપનો આદર કરતો હોય, ઘરમાં બધા સાથે સારો વર્તાવ કરતો હોય, સારું કામ કરીને ઘરમાં શાંતીથી રહેતો હોય અને કામ કરવામાં મહેનત કરતો હોય.

પુરૂષ તરીકે અમે ઘરમાં મા-બાપની સેવા કરીએ છીએ, મા-બાપનું કહેલું માનીએ છીએ, કોઈ વડીલ સમજાવે તો તે વાતને ધ્યાનથી સાંભળીને, સમજીને તેમની વાતો માનીએ છીએ. કોઈપણ કામમાં ના કહેતા નથી, તેથી પુરૂષ તરીકે અમારી વાતોની પ્રશંસા કરવામાં આવે

છે.અમે ભજનમાં જતાં નથી તો પુરૂષ તરીકે અમારી વાતોની પ્રશંસા થતી નથી.

હમણાં અમે કોઈપણ કામ વિચારી સમજીને કરીએ છીએ અને અમને સફળતા મળે છે. સબંધોમાં કોઈ લગ્ન પ્રસંગમાં ન જવાથી નિષ્ફળતા અનુભવાય છે. ધર્મનું પાલન કરીને રોજ સવારે મંદીર જઈને પુજાં કરીએ છીએ. બધા ભગવાનને સમાન રાખીને પુજા કરીએ છીએ. કોઈ ભેદભાવ રાખતા નથી.

હું ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં ઓપનીગ ઉતર્યો હતો અને હું પહેલા બોલમાં આઉટ થયો હતો ત્યારે મને નિષ્ફળતા મળી હતી. ધોરણ દસમાં એક વિષયમાં નપાસ થયો હતો અને મે ફરીથી મહેનત કરી અને હું પાસ થયો એ મારી પ્રથમ સફળતા હતી. ધોરણ દસમાં એક વિષયમાં નપાસ થયો હતો અને મેં ફરીથી મહેનત કરી અને હું પાસ થયો એ મારી પ્રથમ સફળતા હતી.

મેં સેકસ વિશે હમણાં કશું વિચાર્યુ નથી, કારણ કે બીજા સાથે સેકસ કરીએ ત્યારે આપણા શરીરમાં ખુબ કમજોરી આવી જાય છે. શકિત નષ્ટ થાય છે અને બીજીકંઈ પણ બીમારીનો ભય રહે છે. જયારે લગ્ન થાય ત્યારે પોતાની પત્ની સાથે સેકસ કરવો જોઈએ.

જે બીજાનાં કામમાં મદદ કરતો હોય જે વડીલોનું આદર કરતો હોય, મા-બાપનું કહેલું માનતો હોય, કોઈપણ કામ કરવામાં ના ન કહેતો હોય તેની પ્રશંસા કરવામાં આવે છે.અમે મહેનતું અને આગળ જઈને એવું કામ કરીએ કે જેથી માતા-પિતાનું નામ રોશન થાય અને બધા કહે કે તમારો છોકરો સારું કામ કરે છે. તેવો યુવાપુરૂષ બનવાં માગુ છું.મારા ઉપર ઘરમાં બે બહેનનાં લગ્ન કરવાની અને માને સારી રીતે રાખવાના દબાણો છે.અમે આગળ જઈને આર્મી કે પોલીસ ઓફિસર બની દેશનું નામ રોશન કરીએ એવા સ્વપ્ના જોઈએ છીએ. હું ધોરણ નવમાં ભણતો હતો. મેં આખુ વર્ષ મસ્તી કરી તો નાપાસ થયો. એક દિવસ મારા ઘરમાં કરંટ ઉતરતો હતો અને મેં વિચાર્યુ કે મારા ઘરમાં હું એકલો પુરૂષ છુ. આ કામ બધુ મારે જાતે કરવું પડશે ત્યારે હું સાઈકલ લઈને જી.ઈ.બી. ઓફિસમાં ગયો. ખુબ ધક્કા ખાઈને ભાઈને બોલાવ્યા.

સ્ત્રી પુરૂષ બંન્ને એકબીજાને સમજીને કામ કરે અને સુખ દુઃખમાં સાથ આપે તેવા સંબંધ હોવા જોઈએ. હું નાનો હતો ત્યારે મારો અવાજ ખુબ પાતળો હતો. હું જેમ જેમ મોટો થતો ગયો તેમ મારા અવાજમાં ફેર આવતો ગયો અને હમણાં અવાજ મારા પપ્પા જેવો છે. હમણાં મારા પપ્પા નથી. અચાનક હું કશું બોલુ તો મારી મમ્મી કે બહેનને લાગે છે કે પપ્પા જેવો જ અવાજ છે. માતા-પિતાનો સંબંધ ખુબ સારો હતો કારણ કે પિતા જયારે નોકરી પરથી મોડાં આવે ત્યારે મમ્મીને ચિંતા થતી હોય કે કેમ હજુ આવ્યા નથી. મમ્મી બહાર ગઈ હોય ત્યારે બહુ સમય થઈ જાય, ત્યારે પપ્પા કહેતા હોય છે કે મમ્મી હજુ સુધી કેમ નથી આવી. માતા પિતાનો સબંધ ખૂબ જ સારો હતો પરંતુ મારા પિતા જયારે દારૂ પિતા હતા ત્યારે મારી મમ્મી પર ગુસ્સે થતાં હતા અને બોલ બોલ કરતાં હતા. મારી મમ્મી ઘરનું કામ કરવા માટે જેવા કે કચરાં પોતું, વાસણ કપડાં ધોવા માટે મારી બેનને જ કહેતા.

વિવાહ ફીલ્મમાં હીરોને હિરોઈન પસંદ આવે છે અને લગ્ન વખતે અણબનાવ બનવાથી હિરોઈન સળગે છે પરંતુ હિરો તેજ હીરોઈન સાથે લગ્ન કરવા માટે તૈયાર થાય છે. તે ફિલ્મ ગમી.

અમારા ઘરમાં સ્ત્રી કે છોકરીને બહાર મોકલવા દેતા નથી. અમારા ઘરે કોઈ બહારનું કામ હોય ત્યારે પુરૂષને બહાર મોકલે છે. સ્ત્રીને બહાર મોકલવાં દેતા નથી. અમારા ધર્મમાં પહેલા પુરૂષને આગળ રાખવામાં આવે છે. પુરૂષ જમી લે પછી જ સ્ત્રી જમવા બેસે છે. પુરૂષ ઉભા હોય ત્યાં સ્ત્રી આવી શકે નહિ અને પુરૂષ સામે બોલી શકે નહી.

મને નવી સાઈકલ ખરીદવી હતી મેં ખૂબ જ મહેનત કરી અને નવી સાઈકલ ખરીદી તે મારી સફળતા હતી.

મારા મિત્રના લગ્નમાં જવાનું હતું. લગ્નમાં જવા માટે તૈયાર થઈ ગયો, એટલામાં મારા સંબંધીનો ફોન આવ્યો કે તમારા દાદા મૃત્યુ પામ્યાં છે. તેથી મને લગ્નપ્રસંગમાં જવા ન મળ્યું તે નિષ્ફળતાનો અનુભવ છે.

અમારો સમાજ યુવાપુરૂષને કુશળ ચાલક રહેવું અને કોઈપણ પરિસ્થિતીમાં હિંમત ન હારવી એવું કહે છે. મારા મિત્રોને તેમની સોસાયટીના પાંચ છ છોકરાઓ મારતા હતા. તે સમયે હું રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે મેં પેલા છોકરાઓને મારતા રોક્યા હતા છતાં પણ તે છોકરાઓ માન્યા ન હતા. ના માન્યા એટલે મે પણ તે છોકરાઓને માર્યા પછી તે છોકરાઓને તેમના મા-બાપ પાસે લઈ ગયો અને તેમને કહ્યુ તમારા છોકરાઓએ મારા મિત્રોને માર્યા છે. મેં તેમને રોકવાના પ્રયત્ન કર્યા પરંતુ માન્યા નહિ તેથી મેં પણ તેઓને માર્યુ. હું સાંજ પડતા કસરત કરવા જાઉ છુ તેથી મને સાંજે ભજનમાં જવાનો સમય મળતો નથી.

સારો સબંધ એટલે મિત્રતાનો સબંધ, બહેનનો સબંધ, માતા પિતાનો સબંધ. મારા પર એ દબાણ છે કે નોકરી



કરી બહેનના લગ્ન કરાવવા અને મા-બાપને સુખ શાંતીથી રાખવા.

એક છોકરી રોજ ફરવા નીકળતી હતી અને રોજ હું તેની પાછળ જતો હતો, આ છોકરીને મે પાંચવાર પુછયું હતુ. તો પણ તે કશું કહેતી નહોતી પણ હું હિંમત હારતો નહોતો. હું છઠ્ઠીવાર પુછવા માટે ગયો હતો, તેનો ભાઈ મને જોઈ ગયો હતો છતાં હું હિંમત નહોતો હાર્યો, મેં તેને પુછયું તો તેણે હા પાડી હતી જયારે છોકરીના ભાઈએ તેના મા-બાપને વાત કરી તો છોકરીને બહાર ભણવા માટે મોકલી દીધી હતી.

કોઈપણ મુશ્કેલી કે આફત આવે અને તેમનો સામનો કરે તેને સાચો મર્દ કહેવાય. જેમકે ચોમાસામાં ખુબ વરસાદ પડવાથી ઘરમાં પાણી ભરાઈ જતાં તે પાણીનો નિકાલ કરવો. અમારા વિસ્તારમાં મંદિર બનાવવાનું હતુ અને હું તે મંદિર બનાવવા માટે સાથ સહકાર આપતો હતો જેમકે, બધા પાસેથી પૈસા ઉગરાવવા, રેતી, સિમેન્ટ, કપચી લઈ આવવી. અમારા વિસ્તારમાં ગણપતિ, નવરાત્રી જેવા તહેવારમાં આગળ રહીએ છીએ જેમકે પતરાં લગાવવા, ડેકોરેશન કરવુ, પૈસા ઉઘરાવવા, પાણીની વ્યવસ્થા વગેરે જેવા કાર્ય કરીએ છીએ. મારા કાકાના છોકરાને તિજોરીનો કાચ વાગવાથી ખુબ વાગ્યુ હતુ ત્યારે હું રાત્રે બાર વાગે તેને સાઈકલ પર દવાખાને લઈ ગયો હતો ત્યારે મારી પ્રશંસા કરી હતી.

હું એક છોકરીને જોતો હતો, તે ખુબસુરત હતી. તે છોકરી મને ખુબ સારી લાગતી હતી. તેનાથી મને આકર્ષણ થયું હતુ પરંતુ તે છોકરી બહાર ભણવા જતી રહી હતી. મારા મિત્રને એક છોકરી સાથે સંબંધ હતા. તે છોકરીને લઈને ભાગી ગયો હતો, પછી છોકરીએ મારા મિત્રને ઠપકો આપ્યો હતો. તેથી મારા મિત્રએ ઝેર પી લીધુ હતુ.

મારા મિત્રના શરીરમાં ખુબ ઝેર ફેલાય ગયુ હતુ પરંતુ અમે બધાએ હિંમત રાખી હતી. જયારે મેં મારા મિત્રને

જોયો ત્યારે બેભાન હાલતમાં હતો. હું તેને પ્રાઈવેટ દવાખાને લઈ ગયો, એક્ષ-રે પડાવ્યા, એક સમય પર તો તેના મમ્મી પપ્પાએ આશા છોડી દીધી હતી, પરંતુ મેં હિંમત ન હારી. મેં પાંચ હજાર રૂપિયા દવાખાનામાં આપ્યા હતા. મારા મિત્ર પાસે રૂપિયા પણ ન હતા, તેના મમ્મી પપ્પા ચિંતા કરતા હતા. મેં કહ્યું કે તમારે ચિંતા કરવાની જરૂર નથી, મારી પાસે ૧૮ હજાર રૂપિયા છે. હું દવાખાનના ધકકા ખાતો હતો, મને એક આશા હતી કે મારા મિત્રને કશું નહી થાય. હું જયારે દવા લઈને આવ્યો ત્યારે મને ડૉકટરે તેમની ઓફીસમાં બોલાવી મને પુછયું હતુ કે તારો આ શું સબંધી થાય છે ? મેં કહ્યું મારો મિત્ર છે. ડૉકટરે કહ્યું તેની હાલત બહુ ગંભીર છે. તેના શરીરમાં લોહીનું પ્રમાણ ખૂબ ઓછુ છે. મેં ડૉકટરને કહ્યું મારું લોહી લઈ લો પણ મારા મિત્રને સારુ કરી દો. મને ડૉકટરે સલાહ આપી કે કોઠી ચાર રસ્તા પાસે લોહીનું દવાખાનું છે ત્યાંથી લોહી લઈને આવ, હું રાત્રે ૩.૦૦ વાગે લોહી લેવા ગયો હતો. લોહી ચડાયા પછી ડૉકટરે કહ્યું ચિંતા કરવા જેવું નથી પણ દવાખાનાનું બીલ ૨૫ હજાર રૂપિયા થયું હતુ. મેં રાતોરાત મારા ઘરમાં પોલીસીના બચાવેલા પૈસા દવાખાનામાં ભરી દીધા. મને તેના મમ્મી પપ્પા છોકરાની જેમ રાખે છે, તેમની કંઈપણ તકલીફમાં મદદરૂપ બનું છુ. કોઈની સેવા કે મદદ કરવા આગળ રહુ છુ. મારા મદદરૂપ સ્વભાવ અને બહાદુરીભર્યા કામથી મને સમાજમાં પણ સારુ માન અને સન્માન મળેછે .

### ૩. પરમાર લક્ષ્મણ

મારું નામ પરમાર લક્ષ્મણ છે. હું ૨૩વર્ષનો છું. હું બાર ધોરણ પાસ થયેલ છું. હું વડોદરા શહેરમાં રહું છું. મારા પરિવારમાં મારા પપ્પા પ્લમ્બરનું કામ કરે છે અને માતા ઘર કામ કરે છે. મારો મોટાભાઈ રીક્ષા ચલાવે છે. નાનોભાઈ અને હું જોડીયા છે. તે ઓફિસમાં કામ કરે છે. બહેનનાં લગ્ન થઈ ગયા છે.

સૌ પ્રથમ તો હું જણાવી દઉં કે મારા અને મારા પરિવાર વિષે આજ સુધી મેં કોઈને પણ વાત કરી નથી. મારો એક મિત્ર છે અકબર. અકબર સિવાય કોઈએ મને પુછયું પણ નથી અને કોઈને મેં એ કહ્યુ પણ નથી. મારા પિતાનું નામ ગોવિંદભાઈ છે. જ્યારથી મને સમજણ આવી છે ત્યારથી મારા મમ્મીએ મને જણાવ્યું છે કે જ્યારે મારો અને મારા જોડિયા ભાઈ રામનો જન્મ થયો હતો ત્યારથી મારા પિતાના બીજી સ્ત્રી સાથે સબંધ હતો. માતા પિતાના સબંધો સારા રહ્યા ન હતા.

પિતાના કારણે ઘણી તકલીફ થતી હતી તેની મને ખબર નથી પણ ઘરના આજુબાજુના લોકોએ જણાવ્યું હતુ કે હું અને મારો ભાઈ નાના હતાં ત્યારથી જ મમ્મી બીજાને ઘરે કામ કરવા જતા હતા. હું અને મારા બંન્ને ભાઈનુ સ્કુલમાં એડમિશન મમ્મીએ જ કરાવ્યું હતુ. પપ્પા પહેલાં વાયરમેનનું કામ કરતાં હતાં પણ પુરા દિવસમાં જે કાંઈપણ કમાતા તે બીજી સ્ત્રીને આપી દેતાં. પપ્પા ઘરનો ખર્ચો તો ઉઠાવતાં ન હતાં, પણ સાથે સાથે અમારી સ્કુલનો ખર્ચો પણ આપતા ન હતાં. મમ્મી બંગલા પર કામ કરતાં હતાં અને ઘરનાં તેમજ અમારા ત્રણેયની સ્કુલનો ખર્ચ પણ ઉઠાવતાં હતાં. મમ્મી જ્યારે મને કે મોટાભાઈને ઘર ખર્ચ માટે પપ્પા પાસે રૂપિયા લેવાં મોકલતાં તો પપ્પા મને ગાળો આપતા અને ઘરે પાછો જવા કહેતાં હતાં. સારો પિતા એ છે જે પોતાના છોકરાઓને સારા સંસ્કાર આપે અને જીવનમાં આગળ વધવામાં મદદ કરે. સ્ત્રી પુરૂષનાં સબંધ હંમેશા વિશ્વાસ પર રહેવા જોઈએ. એક બીજાની ઈચ્છાઓને માન આપવું જોઈએ

મમ્મી જેમ તેમ કરી ચાર જણાનું ખાવાનું બનાવી ખાઈ લેતાં હતાં. પપ્પા જ્યારે રાત્રે ઘરે આવે અને તેમના માટે ખાવાનું ન હોય તો મમ્મીને ગાળો આપતાં અને મારતાં હતાં. તે બાદ મારા મોટાભાઈને રૂપિયા આપી સામેની હોટલમાંથી દુધ અને બ્રેડ અથવા બીજુ કંઈક મંગાવતાં હતાં. અમારા ચારે જણની સામે બેસીને જમતાં હતાં પણ કયારેય પુછતાં ન હતાં કે તમે ખાધુ કે

નહી ? પપ્પાએ ક્યારે પણ અમારા વિષે કોઈ વિચાર કર્યો નથી. સ્કુલમાં ભણવા જતાં હોય, પરીક્ષા બાદ પાસ થયા હોય તો પણ ક્યારેય પપ્પાના ચહેરા પર ખુશી જોવા મળતી ન હતી. અમારા ત્રણેયની માર્કશીટ પર મમ્મીની સહી રહી છે. આજથી સાત વર્ષ પહેલાં પપ્પા કોઈ પણ ઝગડો કે કારણ વિના કઈ પણ કહ્યા વગર ઘરેથી ચાલ્યાં ગયા હતાં તે સમયે મમ્મી માનસિક રીતે તુટી ગયા હતાં.

મમ્મીને સાથ આપવા મોટાભાઈએ ભણવાનું છોડી દીધુ અને સરદાર એસ્ટેટમાં એક કંપનીમાં નોકરી કરવા લાગ્યો. નાનોભાઈ પણ એક વર્ષ નાપાસ થયો. તેણે પણ ભણવાનુ છોડી નોકરી કરવા માડી. ત્રણેય જણાએ ભેગા થઈ મને ભણાવ્યો. મમ્મીએ જણાવ્યું કે તમારા પિતાએ કોઈ જવાબદારી નિભાવી નથી પણ તમારે ત્રણેય જણાએ ભેગા મળીને જવાબદારી સમજવાની છે.

હું પાંચમાં ધોરણમાં ભણતો હતો ત્યારે હંમેશા પાછળ એકલો બેસી રહેતો હતો. ઘરનું જે રીતનું વાતાવરણ રહ્યુ હતુ તેથી નાની ઉંમરથી મારું દિમાગ ડિસ્ટર્બ રહેતુ હતું. હંમેશા એકલું રહેવુ, કોઈની સાથે વાત ન કરવી, રમવા ન જવુ, સ્કુલમાં તો ખરો પણ ઘરમાં પણ ચુપ રહેતો હતો. મારી મમ્મી અને મારા મેડમ મને સમજાવતા કે તુ એક છોકરો છે અને ચિંતા રાખ્યા વિના ભણવામાં ધ્યાન આપવુ જોઈએ અને બીજા છોકરાઓ સાથે હળી મળીને રહેવુ જોઈએ.

ઘરમાં અમે ત્રણ ભાઈઓ જ રહેતાં હતાં, મારી મોટી બહેન નાનપણથી જ દાદા-દાદીને ત્યાં રહી હતી. મમ્મીનો કામ પર જવાનો સમય સવારનો હતો અને અમારી સ્કુલનો સમય બપોરનો હતો. સવારનો સમય હોવાં છતાં મમ્મી અમારા માટે બપોરનું ભોજન બનાવીને જતાં હતાં પણ ઘરનું બીજુ કામ કરવાનો તેમની પાસે સમય ન હતો જેથી હું અને મારો મોટોભાઈ બંન્ને ઘરનું કામ કરતાં હતાં. મોટાભાઈ ત્રણેય ભાઈનાં કપડાં ધોઈ લેતાં હતાં. તે સિવાય ઘરમાં કચરાં-પોતું કરવુ, શાકભાજી લેવાં જવું, આ બધા કામ હું કરતો હતો. ક્યારેક મમ્મીની તબિયત ખરાબ થાય તો હું જ બધાનુ ખાવાનું બનાવતો હતો.ત્યારે મારા મિત્રો આવીને અમને કહેતા કે અમે છોકરા છીએ. અમારાથી વાસણ-કપડાં ન ધોવાય. પાણી પણ સવારે નવ વાગે આવતુ હોવાથી પાણી પણ અમે બંન્ને ભાઈ ભરતા હતા ત્યારે ત્યાંની સ્ત્રીઓ કહેતી જુઓ આ છોકરાઓ છે તો પણ પોતાની માને મદદ કરવા માટે નળેથી પાણી ભરે છે અને ઘરના કામ પણ કરી લે છે. ત્યારે અમને અહેસાસ થયો કે અમે છોકરાઓ છીએ તેમ છતાં કોઈ પણ જાતની શરમ વગર ઘરનુ કામ કરીએ છીએ. કમ સે કમ ૧૮વર્ષની ઉંમર સુધી ઘરનુ કામ કર્યુ. આજે અમે બિલ્ડીંગના પહેલા માળે રહીએ છીએ અને પાણી ભરતા મમ્મી થાકી ન જાય તેથી સવારે ઉઠીને બધું પાણી અમે ભરી લઈએ છીએ.

સફળતા વિષે કહુ તો જે કામમાં હું પુરી રીતે ધ્યાન લગાવીને જે કામ કરતો તેમાં સફળતા મળી છે. હું ૧૦માં ધોરણમાં ભણતો હતો ત્યારે મને યાદ છે, ત્યાં સુધી પુરા વર્ષમાં મેં સ્કુલનુ હોમવર્ક કર્યુ નથી કે ક્યારેય ચોપડી લઈને વાંચવા પણ બેઠો ન હતો. તે સમયે સ્કુલમાં પરીક્ષા હતી અને હું ચાર વિષયમાં નપાસ થયો હતો, ત્યારે અંગ્રેજી વિષયના શિક્ષકે મને ચેલેન્જ કર્યુ હતુ કે ધો-૧૦માં પાસ થઈને બતાવ. એ ચેલેન્જ સ્વીકારી લીધુ. દિવસના ૧૦-૧૦ કલાક વાંચીને મેં એસ.એસ.સીમાં ૬૦% લાવીને મારા સરને મારી સફળતા બતાવી દીધી. એ સમયે મને ઘણી ખુશી થઈ હતી કે હું સફળ થયો. ભણતર સુધી તો કયારેય નિષ્ફળતા મળી નથી પણ ભણતર છોડયા બાદ મને હંમેશા નોકરીની બાબતમાં નિષ્ફળતા જ મળી છે.

સબંધો વિષે પણ મારા વિચારો બધાથી અલગ જ છે. જ્યારે મારા પપ્પા અમારી સાથે હતા ત્યારે મારી ફોઈ-ફૂવા અમને મહિનામાં ત્રણ ચાર વખત મળવા આવતા હતા. જ્યારથી પપ્પા ઘર છોડી ગયા ત્યારથી એ લોકો પણ અમારી તરફ જોવાનું છોડી દીધુ. ક્યારેય કોઈ

પણ રીતની અમારી ખબર લીધી નથી તેથી હું સબંધોમાં જરાય વિશ્વાસ રાખતો નથી. સબંધોમાં મારા માટે મારા મમ્મી અને મારા ભાઈ બહેન જ વધારે મહત્વનાં છે. હું સબંધમાં વિશ્વાસ નથી રાખતો એવું પણ નથી પણ મારા પપ્પા અને મારા ફોઈ-ફુવા, કાકા-કાકી, દાદા-દાદીએ અમારી સાથે જે રીતનું વર્તન રાખ્યું છે તે જોઈને તે લોકોને હું પોતાના માનતો નથી. હું કેટલીક વખત પરમેશ્વરને પુછુ છું કે તે આજ માણસને મારો પિતા કેમ બનાવ્યો, કેમકે તે માણસ તો કોઇનોય પિતા બનવા લાયક નથી. પિતા શબ્દનો અર્થ શું થાય છે તેજ ખબર નથી.

૨૦૦૨ની વાત કહુ તો જ્યારે દરેક જગ્યાએ ધર્મના નામે તોફાનો ફાટી નીકળ્યા હતા ત્યારે અમે જે મહોલ્લામાં રહેતા હતા ત્યાં દરેકના ઘરનો પ્રમુખ (વડીલ) રાત દિવસ પોતાના પરિવારની સાથે રહેતો હતો. દરેક માણસ પોતાના પરિવારની રક્ષા કરતો હતો. કેટલીક વખત બીજા મહોલ્લામાં પત્થરમારો થતો હતો તેવા તોફાનમાં અમને તો કઈ નહોતું થયુ. શહેરમાં આટલું બધુ હોવા છતાં મારા પપ્પા એક વખત પણ ઘરે આવીને અમારી ખબર લીધી ન હતી કે અમારા સબંધીઓમાંથી પણ કોઈ વ્યકિતએ આવીને અમારા વિષેની જાણકારી લીધી ન હતી કે કોઈ મદદ કરી ન હતી. તેથી હું મારા પપ્પા તરફના સબંધોમાં માનતો નથી.

જીવનમાં સેક્સ ઘણુ જરૂરી છે પણ દરેકની એક સીમા હોય છે. મારા પરિવારમાં જે ઝગડા થયા મારા મમ્મી અને ભાઈને જે તકલીફ પડી એના માટે હું સેક્સને જ જવાબદાર ગણુ છુ. વધારે પડતાં સેક્સની ઈચ્છાથી જ મારા પપ્પા બીજી સ્ત્રી સાથે સબંધ રાખતાં હતા તેથી મારા ઘરમાં તકલીફો પડી. સેક્સની ક્રિયા વખતે સ્ત્રીને પુરેપુરા સેક્સનો અનુભવ થવો જોઈએ. પુરૂષને પણ ચરમસીમા સુધી સેકસની અનુભૂતિ થવી જોઈએ. જો એમાં પુરૂષની ઈચ્છા હોય પણ સ્ત્રીની ઈચ્છા ન હોય તો જબરજસ્તી ન કરવી જોઈએ. સેક્સ હંમેશા એક જ સ્ત્રી સાથે સલામતીથી કરવુ જોઈએ.

આજના સમયમાં સમાજ યુવાનોને હંમેશા કામમાં વ્યસ્ત જોવા માગે છે. સમાજમાં લોકો એવુ વિચારે છે કે વ્યક્તિ પાસે કયારે અને કઈ રીતે ફાયદો ઉઠાવી શકાય.મારા મતે જે પુરૂષ કોઈ પણ કામ કરવામાં શરમ ન અનુભવતો હોય, કોઈ પણ કામમાં આળસ ન કરતો હોય અને કોઈ પણ રીતનુ કામ એ સારુ કામ હોય કે પછી ગેરકાનુની કામ કરીને તે પોતાનુ અને પોતાના પરિવારનું ભરણપોષણ કરતો હોય તેને મર્દ કહેવાય. પોતાની પત્ની અને પોતાના બાળકોની રક્ષા કરી શકે, તેમની દરેક ઈચ્છા પુરી કરવાની હિંમત રાખતો હોય તે સિવાય એ શહેરમાં રહેતો હોય કે પછી ગામડાંમાં પણ જ્યારે કોઈની પર કોઈ પણ પ્રકારની મુસીબત આવી હોય તો તેની મદદ કરી શકતો હોય. પોતે ભૂખ્યો રહીને પોતાની પત્ની પોતાના બાળકોને ખવડાવી શકતો હોય તેજ પુરૂષને મર્દ કહી શકાય. જે વ્યકિત પોતાના પરિવારની જવાબદારી ઉઠાવી શકે પોતાની પત્ની અને બાળકોના ભરણપોષણની સાથે તેની રક્ષા પણ કરે, તકલીફ કે મુશ્કેલી હોય તો હંમેશા મુસીબતનો સામનો કરવા તૈયાર હોય તે વ્યકિતને મર્દ પુરુષ કહી શકાય.

સ્ત્રી અને પુરૂષમાં કોઈપણ પ્રકારની શારીરિક બિમારી ન હોય અને તે બંન્ને વચ્ચેના સંભોગ બાદ સ્ત્રીને ગર્ભ રહી જાય અને તે સ્ત્રી માતા બને તો તે વ્યકિતની મર્દાનગી કહેવાય. જે વ્યકિત પિતા બનવામાં નિષ્ફળ જાય તેને સમાજ નામર્દની નજરે જુએ છે. જે વ્યકિત પિતા બની શકતો હોય તેને સમાજ હંમેશા ઈજ્જતની નજરે જુએ છે. મારુ મંતવ્ય એ છે કે પુરૂષ ચાહે તો પિતા બની શકે કે ન બની શકે પણ એ પુરી રીતે જવાબદાર હોય તે વ્યકિત ને મર્દ કહી શકાય. મર્દાનગીના અનુભવમાં ગુસ્સામાં આવીને મેં મારા પપ્પાને ખેંચીને તમાચો માર્યો હતો.

ઘણી વખત મને સખત ગુસ્સો આવી જાય છે તે વખતે મારી આંખો બંધ થઈ જાય છે. મારા મમ્મી સિવાય બીજુ કોઈપણ મારી સામે આવે તો હું તેની કોઈ ઈજ્જત કરતો નથી અને ન બોલવા જેવું બધું બોલી દઉં છુ.

હમણાંના સમયમાં સફળતા એક એવુ અમૃત છે જેને મેળવવા દરેક વ્યકિત પુરી મહેનત કરે છે. સફળતા મેળવી જે આગળ વધે છે તે જ આ સમાજમાં ટકી શકે. સબંધોની નિષ્ફળતા વિષે હું કશું જાણતો નથી કારણકે મારા બનાવેલા બધા સબંધોમાં મને સફળતાજ મળી છે. હું ક્યારેય નિષ્ફળ નથી ગયો.

નિષ્ફળતા વિષે ક્યારેય વિચાર્યુ નથી. હું હંમેશા નિષ્ફળ લોકોની પ્રશંસા કરુ છુ કારણ કે તેમાંથી જાણવા મળે છે કે તેમને જીવનમાં કયારે કેવી પ્રકારની ભૂલ કરી અને નિષ્ફળતા મળી. તે લોકોથી જાણીને હંમેશા એવી કોશીષ કરુ છુ કે તેમના જેવી કોઈ ભૂલ ન કરુ અને કયારેય નિષ્ફળતાનું મોં ન જોઉં પડે. કોઈપણ કામમાં સફળતા મેળવવી એ મારી આદત છે. જ્યાં સુધી મને સફળતા નથી મળતી ત્યાં સુધી હું પોતાને એક કમજોર માણસ માંનુ છું અને સફળ થવા માટે પુરેપુરી કોશીષ કરુ છુ.

ધર્મ વિષે સમાજ શું વિચારે છે તે મને ખબર નથી પણ હું ધર્મ અને નાતજાતમાં માનતો નથી. હું હિન્દુ છું અને મારો બેસ્ટ મિત્ર અકબર મુસલમાન છે. મારા મમ્મીને મુસલમાનો પર જરાય વિશ્વાસ નથી તે મને કહે છે કે મુસલમાન દોસ્તો પર જરાય વિશ્વાસ ન રાખીશ, તે તને ક્યારે દગો કરશે તેની ખબર પણ નહી પડે.

આજનો માણસ દરેક માણસને પોતાથી કમજોર સમજે છે અને હંમેશા એવો પ્રયત્ન કરે છે કે એ પોતે હંમેશા સામેની વ્યકિત કરતાં આગળ રહે તે પોતે સામેની વ્યકિતની સફળતા પર ઈર્ષા કરે છે.

મારા મતે પુરૂષ શરીરે સુડોળ બળવાન, બુધ્ધિશાળી અને ધૈર્યવાન હોવો જોઈએ. સુડોળ અને બળવાન એ માટે કે દરેક પ્રકારની મહેનત કરી શકે. બુધ્ધિશાળી એ માટે કે આજના સમયમાં વિચાર્યા વગર જે પગલું ભરે છે તેને નિષ્ફળતા મળે છે. ધૈર્યવાન એ માટે કે માણસ જે મહેનત કરે છે તેનુ ફળ આજ નહી તો કાલે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળવાનુ છે.

સારી નોકરીનો મતલબ એ છે કે આપણે જેના ત્યાં નોકરી કરીએ છીએ ત્યાં પુરી ઈમાનદારીથી નોકરી કરીએ. જેના બદલામાં આપણો સર હંમેશા આપણી મદદ કરવા માટે તૈયાર રહે.

હું એવો આઝાદ પુરૂષ બનવાં માગું છું જેની સમાજ હંમેશા પ્રશંસા કરે. હું શરીરથી બળવાન બનવાં માંગુ છું પણ શરીર કરતા બુધ્ધિથી વધારે બળવાન બનવાં માગું છું કેમકે બુધ્ધિશાળી વ્યકિત હંમેશા શરીરથી બળવાન વ્યકિત કરતાં આગળ હોય છે અને સફળ પણ હોય છે. મારા પર એટલુ જ દબાણ છે કે હું ગુસ્સા પર કાબુ રાખતાં શીખુ.

હું હંમેશા એવા સ્વપ્ન જોઉં છું કે મારા પરિવારને સુખ-શાંતિથી રાખી શકુ. મારું સ્વપ્ન એ પણ છે કે પોતાનુ એક ઘર બનાવુ. મારા લગ્ન બાદ મારી પત્નીને છોકરો થાય કે છોકરી થાય તેને મહાન ચિત્રકાર બનાવવા માગું છું. તેને પુરી દુનિયામાં નામ મળે તે માટે હું પોતે મારા છોકરા/છોકરીને પોતાના હાથે જ ચિત્રની કળા શીખવવા માંગુ છું.

પહેલી વાર આઈ.સી.આઈ.સી.આઈ વીમા માર્કેટીંગની નોકરી કરી હતી. તેમાં નિષ્ફળતાનો સામનો થયો હતો. સફળ પુરૂષ તેને કહેવાય જેણે પોતાના માટે કઈ વિચાર્યુ હોય, કોઈ સ્વપ્ન જોયુ હોય તેને ખુબ મહેનત કરીને પુરુ કર્યુ હોય.

સેક્સ વિષે હંમેશા મારા દોસ્ત અકબરની સાથે વાત કરુ છુ. સેક્સ વિષેની માહિતી મિત્રો સિવાની ચોપડીમાંથી મળી અને જયારે રજાનો દિવસ હોય ત્યારે અમે આઠ દશ મિત્રો ભેગા થઈને સેક્સી ફિલ્મની સી.ડી. લાવીને જોતાં હતાં.

આજ સુધી કોઈ છોકરીની છેડતી કરી નથી કે પ્રેમ કર્યો નથી કે એકરાર પણ કર્યો નથી. હું આઠમાં ધોરણમાં આવ્યો ત્યારે બધા મિત્ર કહેવા લાગ્યાં કે લક્ષ્મણ તારો અવાજ બદલાય ગયો છે. ત્યારથી ધીરે ધીરે મને દાઢી-મૂંછ આવી ગઈ ત્યારે મારા મમ્મી મને ચીડવતા હતા કે મારો લક્ષ્મણ જવાન થઈ ગયો.

હું મારા દોસ્ત અકબરથી ઘણો આર્કષાયો હતો તેનુ કારણ છે કે જ્યારે હું બારમાં ધોરણમાં હતો ત્યારે મારી અને અકબરની દોસ્તી થઈ. બારમાં ધોરણમાં મારે ટયુશન જોઈન્ટ કરવુ હતું અને મારી પાસે ફીના રૂપિયા ન હતા. મારી અને અકબરની દોસ્તીને ફક્ત ૧૫-૧૬ દિવસ થયા હતાં તે છતાં તેને મારા ટયુશનની આઠ હજાર ફી ભરી. આજે ચાર વર્ષ થઈ ગયા છે, પણ આજ સુધી તેણે રૂપિયા માગ્યા નથી. અકબર મારા જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે. અકબરે મારા ટયુશનની ફી ભરી હતી ત્યારથી એ મારો પરમમિત્ર બની ગયો. તે સવારે કુરિયરની નોકરી કરે છે અને રાત્રે સ્ટેશન પર આમલેટની લારી પર કામ કરે છે.

દોઢ વર્ષ પહેલાની વાત છે હું બાઈક લઈને આંકલાવ ગયો હતો ત્યાં વરસાદ પડવાથી પલડી ગયો હતો. તેના બે-ત્રણ દિવસ પછી મને છાતીમાં દુખાવો થયો મે કોઈને જાણ કરી ન હતી પણ દુખાવો વધવા લાગ્યો. દુ:ખાવો એટલો વધ્યો કે મને જેતલપુરના એક હોસ્પિટલમાં દાખલ કરવો પડયો. તે સમયે અકબરનો મારી પર ફોન આવ્યો અને મેં એને બતાવ્યું કે હું બિમાર છું. મને હોસ્પીટલમાં દાખલ કર્યો છે એ સાંભળીને અકબર હોસ્પીટલ આવવા તૈયાર થયો. મેં ના પાડી તે બીજે દિવસે મને મળવા આવ્યો ત્યાર બાદ કુરીયરમાં ગયો. રાત્રે લારી પર જવાને બદલે તે હોસ્પીટલમાં આવ્યો અને આખી રાત મારી પાસે બેસી રહ્યો. ત્યારબાદ બીજી રાત્રે જ્યારે અકબર લારી પર હતો. તે હોસ્પીટલ આવવાનો હતો ત્યારે મારા ભાઈએ કહ્યું કે રાત્રે તે રોકાવાનો છે, તેથી તું નહી આવે તો ચાલશે. રાત્રે અચાનક મારી તબિયત વધારે ખરાબ થઈ અને ડોકટરે અમને એસ.એસ.જી.માં જવાનું કહ્યું ત્યારે મારા મમ્મી, ભાઈ બહેન-બનેવીએ એસ.એસ.જી માં લઈ જવાનુ નક્કી કર્યુ પણ હું એસ.એસ.જીમાં જવા માગતો ન હતો તેથી મને નિઝામપુરાની હોસ્પીટલમાં લઈ જવાયો. તે વખતે અકબરનું મન ગભરાવા લાગ્યું. તેને લાગ્યું કે મને કશું થઈ ગયુ છે. તે સમયે અકબર લારી પર એકલો હતો પણ લારી બંધ કરીને રાત્રે ૧૦ વાગે દોડતો હોસ્પીટલ પહોંચ્યો જ્યારે તેણે ડોક્ટરને મારા વિષે પુછયું તો ડોક્ટરે જણાવ્યું કે તબિયત ખરાબ થવાથી મને એસ.એસ.જીમાં લવાયો છે તે સાંભળીને અકબર ટેન્શનમાં આવી ગયો તે રાત્રે એ એસ.એસ.જીમાં ગયો અને મારી શોધ કરી પણ હું ન મળ્યો તેથી મને ફોન કર્યો તો તેને ખબર પડી કે મને નિઝામપુરા લઈ જવાયો છે.

તે નિઝામપુરા આવ્યો પણ ત્યાંના ડોક્ટરે મારો કેસ લીધો ન હતો. તેથી એસ.એસ.જી જવા કહ્યું જેથી મને એસ.એસ.જી લવાયો. અકબર રાત્રે ૧૨ વાગે નિઝામપુરાથી એસ.એસ.જી આવ્યો ત્યારે મને ઓક્સિજન પર રાખવામાં આવ્યો હતો. મારી હાલત જોઈને અકબરની આંખમાં પાણી આવી ગયું પણ તે રડયો નહી. ઘરના કોઈ સભ્યની એટલી હિંમત ન હતી કે મારી બાજુમાં બેસે પણ અકબર બેસી ગયો. મે અકબરને કહ્યુ કે હું કદાચ બચી શકુ ત્યારે અકબરે કહ્યુ કે તું મારો એકનો એક દોસ્ત છે એની પર ફકત મારો અધિકાર છે. તને કોઈ છીનવી નહી શકે. અકબરને પણ એ વાતનો ડર હતો તેને પુરી રાત મારો હાથ પકડી મારી બાજુમાં બેસી રહ્યો. બીજા દિવસે મારી જીદના કારણે મારા બનેવીએ મને બરોડા હાર્ટ હોસ્પિટલમાં દાખલ કરાવ્યો. ત્યાં એક નાના ઓપરેશન દ્વારા મારી છાતીમાંથી પરુ કાઢવામાં આવ્યુ. ત્યાં મને ત્રણ દિવસ રાખવામાં આવ્યો પણ આ ત્રણેય દિવસમાં ફક્ત અડધો કલાક મારી આખોથી દુર રહ્યો હશે. હોસ્પીટલમાં લંચ હોય કે ડીનર હોય અકબર પોતાના હાથથી મને ખવડાવતો હતો. રાત દિવસ અકબરની તબિયત સારી

હોય કે ન હોય, તેના ઘરમાં કોઈ પણ મુશ્કેલી હોય પણ અકબરે હંમેશા મારી મદદ કરી છે. એટલે હું અકબર પર એટલે કે મિત્રતા પર વિશ્વાસ રાખુ છું.

### ૪. સિંધા રામસિંહ

નામ સિંધા રામસિંહ કિરણસિંહ. ઉંમર વર્ષ ૧૯. અભ્યાસ ધોરણ ૧૨ પાસ. જ્ઞાતિ હિન્દુ રાજપૂત. પિતા વેલ્ડરનું કામ કરે છે. માતા ઘરનું કામ કરે છે. ભાઈઓ અને બહેનો ભણેછે.

મારી જ્ઞાતિ અને સમાજમાં મને એક પુરૂષ તરીકે સારી રીતે અને લાડકોડથી મોટો કરવામાં આવ્યો છે. એક છોકરા તરીકે મારા માતા-પિતાએ સમાજની ઓળખાણ આપી અને જવાબદારીઓ પણ આપી. જવાબદારીમાં મારા માતા-પિતાએ મને ઘરનાં બહારના કામ કરવાના અને સમાજમાં લગ્નપ્રસંગે કે કોઈપણ સામાજીક કે ધાર્મિક પ્રસંગમાં જ ઉભા રહેવાનું કહેવામાં આવ્યુ. કોઈને મદદરૂપ થઈએ એવા કામ કરવાનું, કોઈને મનદુઃખ થાય તેવુ વર્તન ન કરવાની અને ૧૮ વર્ષ પછી નોકરી ધંધે લાગી જવાની સલાહ પણ મા-બાપ આપતા. મારે છોકરા તરીકે અલગ કામ કરવાના છે તેવી મને ત્યારે ખબર પડી જયારે મે ઘરના ધકકા ખાવાની શરૂઆત કરી. જયારે મારા પર જવાબદારી આવી અને નોકરી કરવાની શરૂઆત કરી, એક પુરૂષ તરીકે મેં નોકરી કરી પોતાના ઘરમાં મદદરૂપ થયો.

હું ઘરે મોડો જાઉ કે પુછયાં વગર કંઈ બહાર જતો રહુ તો પણ મારા ઘરવાળા મને કંઈ કહેતા નહી. મારી બહેન સ્કુલેથી કે ટયુશનથી મોડી આવી હોય તો ઘરવાળા (ઊંચા-નીચા) ચિંતાતુર થઈ જતા. જયારે હું રખડું છુ તો પણ ઘરવાળાને કંઈ ફરક પડતો નથી. મતલબ કે બહેન વિશે મા-બાપને એક પ્રકારનું ટેન્શન હોય છે. જયારે છોકરાનું મા-બાપને કોઈ પ્રકારનું ટેન્શન હોતું નથી. બને ત્યાં સુધી છોકરાઓને જ નોકરી મોકલે, છોકરીને નોકરી ન મોકલે. જો છોકરીને નોકરી મોકલે તો મા-બાપ અને ભાઈ તપાસ કરવા જાય. તેઓ તપાસ કરતા હોય છે કે છોકરી કયાં નોકરી કરે છે. ત્યાંનુ વાતાવરણ કેવુ છે. મા-બાપ ધાર્મિક કે સામાજીક કોઈપણ બહારનાં કામ છોકરાને કહે છે. છોકરીઓને ઘરકામ અને રસોઈકામ શિખવાડે છે.

મારી સફળતાની વાત કરું તો મેં એક જગ્યાએ નોકરી કરી અનુભવ પ્રાપ્ત કર્યો, જેવું કે નાણાંની લેવડ-દેવડ, બેન્કિગ અને બજારમાં કેવી રીતે ધંધો કરવામાં આવે છે. પુરો અનુભવ લીધા પછી મેં બીજી જગ્યાએ નોકરી માટે પ્રયત્ન કર્યા. હું બીજી જગ્યાએ નોકરી લાગ્યો પહેલા કરતાં બીજી નોકરીમાં ઘણો ફરક હતો.

પહેલી નોકરીમાં મને નાણાં ઓછા મળતા હતા, સમય પણ વધારે હતો અને કામ પણ વધારે હતુ. સવારે ૯.૩૦થી રાત્રે ૧૦ સુધી હું નોકરી પર જ રહેતો હતો ત્યાં માત્ર બે જ રજા મળતી હતી. જયારે હમણાં હું જયાં નોકરી કરું છું ત્યાં મને પહેલાની નોકરી કરતાં ૫૦% વધુ નાણાં મળે છે. સવારે ૧૦.૩૦ વાગે જવાનું અને રાત્રે ૯.૦૦ વાગે છુટવાનું અને મહીનામાં ચાર રજા મળે. મતલબ કે નોકરીમાં એવી સફળતા મેળવી છે કે મને વિશ્વાસ છે કે હજુ હું વધારે સફળતા પ્રાપ્ત કરીશ.

હું જીંદગીમાં પહેલીવાર ધોરણ બારમાં બે વિષયમાં નાપાસ થયો, તે મારી પ્રથમ નિષ્ફળતા હતી, તેનું પરીણામ હજુ સુધી ભોગવું છું. હજી સુધી ૧૨માં ધોરણમાં બે વિષયમાં પાસ થવા પ્રયત્ન કરું છુ. મને વિશ્વાસ છે કે બે વિષયમાં એક દિવસ હું પાસ થઈશ.

હું નાનપણથી મોટો થઈ યુવા અવસ્થામાં આવ્યો, પરંતુ અત્યાર સુધી મારા સમાજમાં અને મિત્ર વર્તુળમાં કોઈ દિવસ સબંધો બગાડયા નથી, મિત્ર સાથે સબંધો બગડે છે, તેને હું સુધારવાનો પ્રયત્ન કરું છુ. બને ત્યાં સુધી મારી ભુલ સ્વીકારીને સામેવાળાને સોરી કહીને સબંધો સુધારુ છુ. જીંદગીમાં સબંધો ખુબ જ મદદરૂપ અને

ઉપયોગી હોય છે, જયારે કોઈ દુઃખી અવસ્થામાં હોય એટલે એના માથે પંદર-વીસ હજારનું દેવુ હોય અને સમાજમાં એની કોઈ ક્રેડીટ ન હોય ત્યારે તેને મદદ કરીને, તેની આબરૂ બચાવવી, તેને મદદ કરીને સમાજમાં જેવુ હતુ તેવુ સ્થાન અપાવવું તેને સબંધ કહે છે. એજ સબંધ ભવિષ્યમાં કામ લાગે છે. આજે આપણે બીજાને મદદ કરીએ તો કાલે જરૂર પડે બીજા આપણી મદદ કરશે. આપણે કંઈ બહાર ગામ ગયા હોય અને બસ કે ગાડી બગડી હોય ત્યારે આપણે સબંધો સાચવ્યા હોય, આપણે કોઈને આવકાર આપ્યો હોય તો આપણને કોઈ મદદરૂપ થશે. આપણે કોઈને મદદ ન કરી હોય તો આપણને કોઈ મદદ કરે નહી.

સબંધો સાચવવા હું ઘણા પ્રયત્નો કરુ છુ. સબંધો જેમ બને તેમ વધારે બનાવવા જોઈએ "સંબધ શબ્દ વિકસીત શબ્દ છે. પડોશી મુસીબતમાં હોય તો હું પડોશીને કામ લાગુ છુ. એકવાર મારા પડોશીનો છોકરો રાહુલ બીમાર હતો અને તેના પપ્પા બહાર ગયા હતા, એની મમ્મીએ કહ્યુ હતુ કે રામ તું રાહુલને દવાખાને લઈ જા. ત્યારે મેં મારો કોઈ સ્વાર્થ વિચાર્યા વગર રાહુલને દવાખાને લઈ ગયો. અત્યારે રાહુલ સાજો થઈ ગયો અને કહે છે કે રામ મને દવાખાને લઈ ગયો હતો. આ રીતે મારા અને રાહુલના સબંધો ગાઢ બન્યા. એક બીજાની મુસીબતમાં કામ લાગ્યા. એકવાર રેલ(પુર) આવી હતી ત્યારે મે આજુ બાજુના લોકોને સામાન ખસેડવામાં મદદ કરી હતી, મે મારો પોતાનો સામાન પણ ખાલી કર્યો હતો. મે અને મારા દોસ્તોએ વારાફરતી એક બીજાનો સામાન ખાલી કર્યો હતો. લોકોનુ નુકશાન થતું બચાવ્યું હતુ.

સેકસ વિશે કહુ તો સેકસ એ એક ખરાબ વસ્તુ છે. જો માણસ અમુક ઉંમર પછી રેગ્યુલર એટલે અમુક મર્યાદામાં સેકસ ન કરે તો વૈજ્ઞાનીકના કહેવા પ્રમાણે એ માણસ હવસખોર બની જાય છે. સેકસ એવી બાબત છે કે જે અમુક ઉંમર સુધી કરવી પણ ન જોઈએ અને અમુક ઉંમર પછી લીમીટમાં સેકસ કરવુ જોઈએ.સેક્સ વિશે સમાજ કહે છે કે સેક્સ કરતી વખતે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ જેથી કોઈ મુસીબતનો સામનો ન કરવો પડે. સેક્સ અઠવાડીયામાં બે-ત્રણ વાર કરવું જ જોઈએ તો તબિયત સારી રહે છે, મગજ એકદમ ટેન્શન વગરનું લાગે છે. મતલબ કે આપણુ મગજ ફ્રેશ રહે છે.

મારા સમાજમાં યુવા પુરૂષને એક સારા નાગરીક તરીકે જુએ છે. નાગરીક એટલે કે તે સામાજીક કાર્યક્રમોમાં ભાગ લે, લગ્ન પ્રસંગમાં તે પુરૂષ પોતાની જવાબદારી નિભાવે. પુરૂષને લાયક બધા જ કાર્યો કરી શકે. યુવાપુરૂષ એટલે મારા સમાજમાં કહેવામાં આવે છે કે ઘરમાં ધ્યાન આપે, પોતાના પરિવાર પ્રત્યે લગાવ રાખે અને સારી નોકરી ધંધો કરે. પુરૂષ તરીકે મારી સમયસર નોકરી કરવાની બાબતે પ્રસંશા કરવામાં આવે છે. પુરૂષ તરીકે ઘરમાં કામ કરવાની બાબતમાં પ્રસંશા થતી નથી એટલે કે ઘરમાં પાણી ભરવાનું, ખાવા બનાવવાનું, વાસણ ધોવાના કે કોઈ પણ કામ.

સમાજ કહે છે કે ધર્મ એટલે ભક્તિ કરો, જીવનમાં કોઈને ગુરૂ બનાવવાં પરંતુ હું એવું વિચારૂ છું કે ધર્મ એટલે મા-બાપની સેવા અને લોકોને માન સન્માન આપવાં. સફળતા વિશે વિચારૂ છુ કે હું ધોરણ-૧૨ માં પાસ થઈને સારો અભ્યાસ કરીને બી.કોમ. પછી એમ.બી.એ. કરવુ.નિષ્ફળતા વિશે હવે હું વિચારવાનું ભુલી ગયો છું હવે કોઈ પણ કામમાં બને ત્યાં સુધી નિષ્ફળતા મારે પ્રાપ્ત કરવી નથી. હું એવા લોકોની પ્રસંશા કરુ છુ કે જે સુખમાં અને દુઃખમાં ભાગીદાર રહે. કારણ કે સુખમાં તો સૌ ભાગીદાર બને પરંતુ દુઃખમાં જરૂરીયાત હોય ત્યારે માણસ કામ લાગે તેને માણસ કહેવાય.

મારા પર એક સારી નોકરી શોધવાનું દબાણ છે. મારી આશા છે કે હું એમ.બી.એ. કરુ.મારા માટે એવા સ્વપ્નાઓ જોઉં છુ કે હું સારો એવો અભ્યાસ કરીને મેનેજર બનુ. સારી નોકરીનો અર્થ એટલે પોતામાં જેટલી આવડત હોય તેનો ઉંપયોગ કરી નોકરી કરવી,

કોઈપણ નોકરીમાં સ્ટેટસ પ્રમાણે નોકરી કરવી, આપણે સારુ ભણ્યા હોય અને જો સારી નોકરી ન કરીએ એટલે કે મજુરી કે કોઈ કંપનીમાં હેલ્પરમાં કામ કરીએ તો એ સારી નોકરી ન કહેવાય. નોકરી એવી કરીએ કે સારુ એવુ વળતર પ્રાપ્ત થતું હોય જેથી આપણા ઘરનું ભરણપોષણ કરી શકીએ. એક મધ્યમવર્ગ તરીકે સારી એવી બચત કરી શકીએ.

લવમેરેજ થવા જોઈએ અથવા સમાજમાં થાય તો છોકરી સારી એવી દેખાવડી હોવી જોઈએ. પત્ની સાથે સબંધો એકદમ મિત્રાચારીભર્યા હોવા જોઈએ. તે એકદમ કશુ છુપાયા વગર ખુલ્લા દિલે વાત કરી શકે. પત્ની આપણાથી કોઈ વાત છુપાવે અને કોઈ બીજી સ્ત્રી પર વહેમાય એ સારુ નથી લાગતુ. પત્ની સારું ખાવાનું બનાવે અને હસતી રહે તે સારું લાગે છે. સારો પિતા એ છે કે જે જીવન જીવવાની સારી સલાહ આપે અને ખરાબ કામોથી દુર રાખે અને વાત વાતમાં ટોકે. સ્ત્રી-પુરૂષના સબંધ પવિત્ર હોવા જોઈએ, બંનેને એકબીજા પર ભરોસો હોવો જોઈએ.

છોકરી એકદમ સારી ગોરી, પીન્ક, બ્યુટી અને સંસ્કારી હોવી જોઈએ. ગોરી, માંજરી આંખોવાળી, લાંબાવાળવાળી, ભણેલી અને મને સમજી શકે તેવી છોકરીનો હું લાઈફ પાર્ટનર બનવા માગુ છુ. હું એકવાર મારા મામાનાં લગ્નમાં ગયો હતો. ત્યારે મેં એક



છોકરીને જોઈ હતી તેનું નામ શીતલ હતુ. તે એકદમ ગોરી અને માંજરી આંખોવાળી હતી. તેના વાળ લાબાં હતા. એ છોકરી મને પહેલી જ નજરમાં પસંદ આવી ગઈ હતી. હું ચાહુ છુ કે મને તેના જેવી જ છોકરી મળે. બને ત્યાં સુધી એજ છોકરી મને મળે.

છોકરીઓની છેડતી બહુ કરી અને છોકરીઓને તો ખુબ હેરાન કરી પરંતુ એક છોકરી જેની સાથે હું ગ્રેટ લવ કરતો હતો તેને પણ મેં ખૂબ હેરાન કરી. એ છોકરીને હું ખુબ મીસ કોલ મારતો હતો, મને એવું હતુ કે એક દિવસ એ છોકરી મારા પર ફીદા થઈ જશે, તે મને સમજી શકશે, મારી સાથે ફ્રેન્ડશીપ કરશે. પરંતુ એનાથી કંઈક ઊંધુ થયુ એ મીસકોલ એને ઈમ્પ્રેસ કરવા કરતો હતો. એણે એના ભાઈને નંબર આપીને મારા પર ફોન કરાવ્યો, એના ભાઈએ મને ફોન કરીને પુછયું કે ભાઈ કોણ બોલે છે ? શું છે ? અને પોલીસ કેસની ધમકી આપી, પરંતુ હું ગભરામણ વગર એ છોકરીને ફોન કરીને વાત કરી કે હું રામ બોલુ છુ. હું મીસકોલ કરતો હતો અને એ છોકરીને સોરી પણ બોલ્યો. પરંતુ એ ન માની અને હજુ સુધી એને મનાવવાનો પ્રયત્ન ચાલુ છે પરંતુ ફોન પર આવતી નથી અને મારી સાથે વાત પણ કરતી નથી. ડાયરેક એના ભાઈ સાથે વાત કરાવે છે પરંતુ હું એ છોકરીને ઈમ્પ્રેસ કર્યા વગર છોડવાનો નથી, ભલે એ મારી સાથે વાત નથી કરતી પરંતુ મને વિશ્વાસ છે કે એક દિવસ તો મારી સાથે વાત કરશે જ અને એ મારી સાથે ફ્રેન્ડશીપ કરશે અને એ મારી બેસ્ટ ફ્રેન્ડ બનશે.

પહેલા મારો અવાજ બાળક જેવો હતો પરંતુ હવે મારો અવાજ સારો એવો મોટા વ્યકિત જેવો છે, દાઢી મુંછ માણસની ઓળખાણ આપે છે, માટે દાઢી મુંછથી માણસ સારો લાગે છે.

કોઈ દિવસ મને પૈસાની કે કશાની જરૂર હોય તો હું ઘરમાં મારી મમ્મી પાસે માંગુ તે કોઈ દિવસ મને ના નથી પાડતી, તરતજ મારી મમ્મી મને આપી દે છે.

એકવાર મારે રન ફીલ્મ જોવા જવુ હતું ત્યારે મારી પાસે પૈસા ન હતા, તો મેં મમ્મી પાસે પૈસા માંગ્યા. મમ્મીએ મને ૫૦ રૂપિયા આપ્યા હતા. એકવાર દિવાળીમાં હું મારી મમ્મી પાસે બંદુકની જીદ કરતો હતો, ત્યારે મારી મમ્મીએ કહ્યું હતું કે આ બંદુક ખુબ મોંઘી છે, એ ના લેવાય પરંતુ મેં જીદ કરી તો ૨૫૦ રૂપિયાની બંદુક બે દિવસમાં મારી મમ્મીએ મને લાવી આપી હતી. હું કંઈ પણ માંગુ એટલે મારી મમ્મી સમજી જાય કે તે વસ્તુ લઈને જ રહેશે અને એ વસ્તુ મારી મમ્મી બને ત્યાં સુધી લાવી આપે.

હું એક દિવસ ટયુશનથી ગુલ્લો મારીને ભાજપની મીટિંગમાં ગયો હતો. ત્યારે હું સાંજે ૬ વાગ્યાનો ઘરેથી નીકળી ગયો હતો, તો રાત્રે ૧૨ વાગે ઘરે આવ્યો હતો, ત્યારે મારી મમ્મીને ખબર પડી ગઈ હતી કે આ ગુલ્લો મારીને કઈ ગયો છે ખરો. હું રાત્રે ઘરે આવ્યો હતો ત્યારે મારી મમ્મીએ કહ્યું હતુ કે કયાં ગયો હતો ત્યારે મે કહ્યું કે નરેન્દ્ર મોદી આવ્યા હતા ત્યાં હું ભાજપની મીટીંગમાં ગયો હતો. તો મારી મમ્મી મને કંઈ બોલી નહી, મને કહ્યું પણ નહી કે આજ પછી જતો નહી. અત્યાર સુધી મને ઠપકાથી કશું કહ્યુ નથી. એકવાર હું વાસદ ગયો હતો, વાસદ એકદમ વધારે પાણી હતુ અને ચોમાસાનો સમય હતો, એવા પાણીમાં હું વાસદ નહાવા ગયો હતો ત્યાં નાહીને પાછો આવ્યો ત્યારે મારી મમ્મીએ કંઈ કહ્યું નહોતુ પરંતુ મારી બા મને બોલતી હતી, મારી મમ્મીએ મારી બાને કહ્યુ કે બોલતી ના છોકરો છે, એને જયાં રખડવુ હોય ત્યાં રખડશે. ઘરમાં હું કામ-કાજમાં મદદ કરુ છું, ઘરનું અનાજ-પાણી પણ કરીયાણાની દુકાનેથી લાવુ છુ. પંખો, ટી.વી. તો હું જ રીપેર કરુ છુ. ઘરનો મુખ્ય નાણાંકીય વ્યવહાર પણ મારા હાથે જ કરુ છુ.

એક એવી પણ છોકરી હતી જેનું નામ જીનલ હતું. જે આણંદ કોલેજમાં ભણતી હતી. એ છોકરીને હું ઉત્તરાયણમાં ધાબા પર જોઈને ખુશ થઈ ગયો હતો. આ છોકરી પણ મને પહેલી જ નજરમાં ગમી ગઈ હતી. એને પણ મારી તરફ ખેંચાવવા માટે ખુબ જ હેરાન કરી અને પ્રયત્ન પણ ખૂબ કર્યા કે તે મારી સારી મિત્ર બને. હું રોજ સવારે છ વાગે તે કોલેજ જાય ત્યારે એને મળવા રેલ્વે સ્ટેશને જતો હતો. ત્યાં જઈને મે એને ત્રણ-ચાર દિવસ જોયા કરી અને પછી તેની સાથે આગળ વાત ચલાવી. ઉત્તરાયણ પર એની પતંગ કાપવાની અને એ મારી પતંગ કાપે એવી રીતે બૂમાબૂમમાં એ મારી મિત્ર બની ગઈ.પછી હું એને દરરોજ રેલ્વે સ્ટેશને મળવા જતો હતો. એકવાર રજાના દિવસે મેં એની સાથે આખો દિવસ વિતાવ્યો હતો. પરંતુ એની પરીક્ષા ચાલતી હતી તેથી એ મારી સાથે એટલી સારી રીતે વાત કરી ન શકી. આખો દિવસ પરીક્ષાના ટેન્શનમાં તે વાંચતી હતી અને હું મારી રીતે બબડયા કરતાં મસ્તીમજાક કર્યા કરતો હતો.આખો દિવસ આજ સુધી મેં એની સાથે વીતાવ્યો નથી, કારણ કે તેનું વેકેશન પડી ગયું હતુ. એની સાથે પણ મોબાઈલથી વાત કરું છું. એની પણ મે ખૂબ જ છેડતી કરી હતી પરંતુ તેણે કોઈને કીધુ ન હતું. એ છેડતી અમારી બંને વચ્ચે જ રહી ગઈ. સમય મળતાની સાથે જ એણે મને કહી દીધું કે તું આ રીતે મારી છેડતી કેમ કરે છે ? રોજ સવારે રેલ્વે સ્ટેશન પર આવી વાતો કેમ કરે છે ? એ સમયે મેં એને કહી દીધું કે હું તારો સારો એવો મિત્ર બનવા માંગું છું. તે વાત સાંભળીને મારા પર ફીદા થઈ ગઈ અને મારી મિત્રતા પ્યારમા બદલાય ગઈ.

જીનલ સાથે તો મારી મિત્રતા ચાલે છે પરંતુ બીજી કોઈ સારી છોકરી મળે તો હું બંને સાથે મિત્રતા રાખી શકુ કારણ કે મેં ઘણી છોકરીઓ સાથે મિત્રતા કરી પરંતુ શારીરિક સબંધ એકદમ ઉતાવળ કરીને બાંધતો નથી. તેથી કોઈ છોકરી મને કહેતી પણ નથી કે તારે મારી સાથે લગ્ન કરવા જ પડશે પણ હું ઓરલ સેક્સ બને ત્યાં સુધી કરું છું જેથી કરીને તેને મનદુઃખ ન થાય અને જો શારીરિક સબંધ બાંધું અને તેની સાથે લગ્ન ન કરું તો એને મનદુઃખ થાય. પરંતુ ઓરલ સેક્સ કરું તો

તેને કોઈ ફરક પડતો નથી. શારીરિક સબંધ કરતા ઓરલ સેક્સ વધુ સારી પ્રવૃતિ છે. શારીરિક સબંધ લગ્ન પછી જ બાંધવો જોઈએ.

જીનલની બોલી એકદમ સારી હતી. તે એકદમ ધીરે બોલે છે. તે દેખાવે સુંદર છે. તે થોડી સિમ્પલ છે અને મારી સાથે સેટ થાય એવી છે. તેની ઉંચાઈ થોડી નાની છે. હું તેની પાછળ છેલ્લી બે નવરાત્રીથી પડયો છું. એકવાર પ્રપોઝ કર્યા પછી ત્રણ મહિના પછી પાછો મેં પ્રયત્ન કર્યા. છતાં પણ મને સફળતા મળી નથી. પરંતુ મને આશા છે કે એક દિવસ જરૂર સફળતા મળશે."ટ્રાઈ અગેન ટ્રાઈ અગેન ટ્રાઈ વિ સક્સેસ."

મારી મમ્મી એકદમ શાંત છે, મારા પપ્પા જે કહે એ ફાઈનલ. મારા ઘરનો વ્યવહાર મારા પપ્પા કરે છે. મારા ઘરનું ધ્યાન મારા મમ્મી રાખે છે. મારા પપ્પા સિમ્પલ છે. તેમને કોઈ વ્યસન નથી તેથી જ મારા પપ્પા ઘરમાં દર મહિને સમયસર ઘરમાં શાકભાજી અને દુધના પૈસા પણ આપી દે છે. તેથી મારા મમ્મી-પપ્પા વચ્ચે ઝગડો ઉદભવ્યો નથી. મારી મમ્મી એકદમ ચોખ્ખા બોલી છે. મારી મમ્મી નાની નાની વાત લઈને મારા પપ્પાની મજાક ઉડાડયા કરે છે. મારી મમ્મી મારા પપ્પાને બટકા કહે છે તો મારા પપ્પા મારી મમ્મીને જાડી કહે છે ત્યારે અમને હસવાની મજા આવે છે.

મિત્રતાની નજરથી જોવું એટલે કે કોઈપણ સ્ત્રીને મિત્રની જેમ વાત કરવી, તેની મુશ્કેલી અને ખાનગી વાત જાણવા માટે એક મિત્ર તરીકે વાત કરવીં જરૂરી છે. દા.ત. આપણી બહેન ને કોઈ છોકરો છેડતો હોય કે હેરાન કરતો હોય તો તે આપણને એકદમ નહિ કહી દે પરંતુ તેના મિત્ર તરીકે જાણકારી રાખતા હોય, વાતચીત કરતા હોય તો બહેન આપણને તરત જ કહી દે છે કે ભાઈ મને બહાર  હેરાન કરવામાં આવે છે. અમુક વાતો સમાજમાં એવી છે કે એક બહેન ભાઈને વાત ન કહી શકે, ભાઈ પણ બહેનને વાત ન કરી શકે પરંતું એ જ ભાઈ-બહેન જો એક સારા મિત્ર હોય તો સુખદુ:ખમાં બંને વાતચીત કરશે.

હું ભવિષ્યમાં મેનેજર બનવા માંગુ છું કારણ કે મને મેનેજમેન્ટ કરવાનું સારુ લાગે છે. હું એકાઉન્ટ પણ ખૂબ સારુ જાણુ છું તેથી મને મેનેજરની પોસ્ટ સારી લાગે છે. મેનેજર બનવા માટે મારે ખૂબ જ મહેનત કરવી પડશે. સ્નાતક સુધીનો અભ્યાસ પુરો કરવો પડશે.

દાઢી-મૂંછ આવી ત્યારે લોકો મને અંકલ કહીને ખીજવતા હતા. મારા મિત્રો કહેતા હતા કે આવી દાઢી-મૂંછ રાખે તો તારી સાથે છોકરી કેવી રીતે વાત કરે, એ છોકરી મને અંકલ કે પછી મોટી ઉંમરનો વ્યકિત જ સમજેને. સારો મર્દ એટલે દા.ત. કોઈ દિવસ આપણે મુસાફરી કરી રહ્યા હોય એ રસ્તો એકદમ સુમસામ હોય અને ત્યાં આપણા ગાઢ દુશ્મનનો અકસ્માત થયો હોય અને આપણે તેને મદદરૂપ બનીએ તેને સહિસલામત દવાખાને પહોંચાડીને તેનો જીવ બચાવીએ તો તેને મર્દાનગી કહેવાય. પરંતુ જો આપણે તે દુશ્મનને દવાખાને લઈ જવાને બદલે તેને ત્યાં જ મરેલાને મારીએ અથવા મારવાની કોશિષ કરીએ તો તેમાં આપણી માનવતા ન રહે. આપણે ત્યાં નામર્દ કહેવાયએ. કોઈ દુશ્મન મળે તો તેને માનથી બોલાવવાને બદલે ગાળાગાળીથી વાત કરીએ તો એ પણ આપણી મર્દાનગી નથી.

### ૫. તડવી બિપીન

મારું નામ તડવી બિપીન મિનેશભાઈ છે.  મારી ઉંમર ૨૦ વર્ષ છે. હું બી.કોમનાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરું છું. મારા પિતા વ્યવસાયે ડ્રાઈવર છે,  માતા ગૃહિણી છે,  બહેનો શાળાએ જાય છે. મારો ધર્મ હિન્દુ તડવી છે.

પુરૂષ તરીકેની બધી કામગીરી અને જવાબદારીભર્યા કામ મને સોપવામાં આવેલા છે. બાળપણથી પુરૂષને

એટલે કે છોકરા તરીકે માનસિક અને શારીરિક રીતે છોકરા - છોકરી વચ્ચેનો ભેદભાવ બતાવવામાં આવ્યો છે. ઊદાહરણ તરીકે મને બાળપણમાં આ ભેદ ખબર નહતો, પણ જયારે બહારના વાતાવરણમાં આડોશ-પડોશમાંથી એવી ઘણીબધી વાતોથી મને આ ભેદભાવ સમજાયો. મને એક છોકરા તરીકે ઘરના ધક્કા-ધુક્કી અને ખરાબ સોબતથી દુર રહેવા તેમજ ઝઘડા ન કરવા પર ભાર મુકવામાં આવતો હતો.

હું ઘરની બહાર વધારે સમય વીતાવતો, રાત્રે મોડા સુધી બહાર સમય વીતાવતો અને મારી બહેન ઘરમાંજ રહેતી અને ઘરનાં કામ કરતી. ઘરમાં જયારે હું બાળપણમાં રમવા માટે બહાર જતો ત્યારે મારી મમ્મી મને જવા દેતી. હું મોડો આવતો ત્યારે પણ કશું કહેતી નહી.જયારે હું ભણવામાં ધ્યાન આપતો નહી ત્યારે મને ટકોર કરતાં મારી મમ્મી કહેતી કે તારે મોટા થઈને ઘરની જવાબદારી સંભાળવાની અને નોકરી કરવાની છે. સમાજમાં સારુ ભણેલાનું માન છે. ભણેલો છોકરો સારો ગણાય. તેને સારી પત્ની અને સારુ ખાનદાન મળે છે. જયારે હું અપશબ્દ બોલતો કે ખરાબ વર્તન કરતો કે ખરાબ સોબત કરુ ત્યારે મને કહેવામાં આવ્યું કે સારા છોકરાઓને આવું વર્તન શોભે નહી. સારું વર્તન એ સારા છોકરાની નિશાની છે. છોકરા તરીકે મારું વર્તન સુધારી સંસ્કારી છોકરો બનવાનો પ્રયત્ન કરતો હતો. ઘરનાં બધા કામ જેવાકે દુકાનેથી વસ્તુ લાવવી વગેરે કામ મારે કરવાનાં હતાં અને ઘરનાં વાસણ, પોતાં અને જમવાનુ બનાવવુ વગેરે કામ મારી બહેનને બતાવતાં હતા. ભણવામાં મને વધારે ધ્યાન આપવા પર ભાર આપવામાં આવ્યો. વર્તન અને વાણીમાં છોકરા જેવું વર્તન અને બહેનને છોકરીઓ જેવું વર્તન કરવા કહેવામાં આવતું.

છોકરાઓ હંમેશા સફળ થાય છે. સફળ થવા માટે મને એક છોકરા તરીકે વધુ ભાર આપવામાં આવ્યો. છોકરા તરીકે નિષ્ફળતાં મળી ત્યારે મર્દ થઈ આટલું કામ થતું નથી ? તેમ કહેવામાં આવતું. છોકરાઓ નિષ્ફળ થાય તે ખોટી વાત છે. મર્દ નિષ્ફળ થતાં નથી જેવી વાતો થતી. છોકરાઓ અને છોકરી બંને અલગ છે તેમના વચ્ચેના અનેક ભેદભાવોની સમાજ દ્વારા અટકળો થતી. જાતીય ભેદભાવની મિત્રો અને બહારનાં સામાજીક વાતાવરણમાંથી જાણકારી મળી. હિન્દુ ધર્મનાં પુરૂષો મહેનતું હોય છે. સમાજ યુવાપુરૂષને મર્દ તરીકે મર્દાનગી ભર્યુ કામ કરવાં અને સફળતા મેળવવાનું કહે છે.

સફળતા તેમજ મર્દાનગી ભર્યા સારા કામ કરવાની પ્રશંસા કરવામાં આવે છે. જે કામ છોકરા કરી શકે તે કામ છોકરી ન કરી શકે, પણ જ્યારે છોકરી એ કામ કરે અને છોકરાથી એ કામ ન થાય તેની પ્રશંસા થતી નથી. સમાજ હાલનાં સમયે જે સફળતા મેળવે તેને મહત્વ આપે છે, સંબંધમાં ધર્મની શીખ પ્રમાણે જ વર્તન કરવું. સફળતા એ જીવનમાં મહત્વનું પરિબળ છે, જે વ્યક્તિ સફળ થાય છે, તે જ જીવનમાં આગળ વધી શકે છે. "સફળતા જીવનની ચાવી છે." નિષ્ફળતા માણસના જીવનમાં કડવો અનુભવ કરાવે છે. નિષ્ફળતાથી હતાશા (નિરાશા) જીવનમાં આવી જાય છે.

સ્ત્રી પુરૂષના સબંધ હંમેશા સારા હોવા જોઈએ પછી સમાજની નજરથી ભલે સારા કે ખરાબ હોય. સારો સબંધ એટલે બંને આનંદને ઉલ્લાસમાં શાંત અને સારુ જીવન ગાળે. સેક્સ એ મનનાં વિચારો છે જે શરીરમાં સેક્સ ઉત્પન્ન કરે છે. ઉંમર સાથે જાતિયતાનુ જ્ઞાન સમાજ અને આસપાસનાં વાતાવરણમાંથી મળે છે. સેક્સ એ દરેક છોકરાને આવરી લે છે, કોઈને વધારે તો કોઈને ઓછુ. બાળપણમાં છોકરીઓ અને છોકરાઓ રમત રમતમાં એકબીજા સાથે સેકસ કરતાં ત્યારે મને સેકસ વિષે જાણકારી મળી.

હંમેશાં, ગુણી અને સારુ કામ કરનારા લોકોની પ્રશંસા કરવામાં આવે છે. જે વ્યક્તિ સારુ કામ કરે છે તે પ્રશંસાને પાત્ર હોય છે, હું પરાક્રમી, વીર અને હોશિયાર યુવાપુરૂષ બનવા માગું છું. મારા પર સમાજમાં સારુ વર્તન અને વડીલોનો આદર કરવાનું

દબાણ છે. સારુ કામ કરવું એ આશાપ્રદ લાગે છે અને તે કામ કરવાથી સારુ અનુભવાય છે. મને ગમતું હોય તે દરેક કામ કરુ છુ. જીવન બહુ નાનું છે તેથી કોઈ વસ્તુ બાકી ન રહેવી જોઈએ.

ધો.૯માં નાપાસ અને ધો.૧૨માં ઈંગ્લીશમાં નપાસ થયો તે મારી સૌથી મોટી નિષ્ફળતા છે. જ્યારે જુવાનીમાં આવ્યો ત્યારે છોકરીની વાતમાં નિષ્ફળતા રહી પણ જીવનમાં હંમેશા નિષ્ફળતા મળતી નથી. આજે મેં મારા જીવનની નિષ્ફળતાઓને દુર કરી દીધી છે.

છોકરીની છેડતી કરવી એ સારી વાત નથી પણ હું અત્યાર સુધી છેડતી કરતો આવ્યો છુ. ઘરમાંથી કહેવામાં આવતું હતું કે ખરાબ છોકરાઓની સોબત દ્વારા આપણામાં પણ એ જ લક્ષણો ઉતરે છે, ખરાબ દુર્ગુણો દ્વારા આપણા વાણી, વર્તન અને વ્યકિતત્વ પર ખરાબ અસર પડે છે. બાળપણમાં બધા સાથે રમતાં હતા, સાથે છોકરીઓ પણ રમતી હતી, તે સમયે મારા મિત્રો છોકરીઓ સાથે ખરાબ વર્તન કરતા હતા અને જે મિત્રો આવું ન કરતાં તેમને આ માટે આવું કામ કરવા કહેવામાં આવતુ. બાળપણમાં સેકસ વિશે જાણકારી તો ન હતી પણ મારા મિત્રો જે છોકરીઓ સાથે વર્તન કરતાં તે જ સેકસ હતું તે પછીથી મને જાણ થઈ. બાળપણમાં છોકરીઓ અને છોકરાઓ રમતમાં એકબીજા સાથે સેકસ માણતાં.

મર્દ એટલે દાઢી મુછ અને અવાજ જેનો ભારે હોય. જે મર્દાનગીભર્યા કામ કરે, જે છોકરા તરીકેનાં બધા શારીરિક અને માનસિક લક્ષણ ધરાવતો હોય તેને મર્દ કહેવાય. મારફાડ કરવી, છોકરીની છેડતી કરવી તે મર્દાનગી કહેવાય, વીર, સાહસીક કામ જે કોઈ ન કરી શકે તેવા કામ કરવા તેને મર્દાનગી કહેવાય.

છોકરીઓ જે કામ કરી શકે તેનાં કરતાં વધારે કામ છોકરા કરી શકે છે. જેમકે રાત્રે મોડા સુધી જાગવું, નદી કે તળાવમાં ન્હાવા જવું તેને મર્દાનગી કહેવાય. દારૂ પીવો તે મર્દાનગી નથી, સાહસીક કામ કરે તેને મર્દ કહેવાય જેવા કે એક કરતાં વધારે છોકરીઓ પટાવવી, જેને કોઈ ન પટાવી શકે તે છોકરીને પટાવવી. છોકરીની છેડતી કરવી એ ખરાબ બાબત છે, ઘણીવાર મે છેડતી કરી હતી, કયારેક એકલો હોય ત્યારે અને મારા મિત્રો સાથે પણ છેડતી કરી હતી. હમણાં કોલેજમાં હું અને મારા મિત્રો સાથે હોય ત્યારે આવતી જતી છોકરીઓને તેમના નામ પુછીએ છીએ. છોકરીનું નામ ખબર ન હોય તો પણ બીજા કોઈપણ નામથી તેમને બૂમ પાડીને બોલાવીએ છીએ અને આ રીતે દરેક મિત્ર વારાફરતી છેડતી કરે છે. જે સમયે છેડતી કરીએ છે તે સમયે ઘણી બધી છોકરીઓથી આકર્ષણ થયુ. મારા ગૃપની છોકરીઓની પણ અમે વારંવાર વાતો-વાતોમાં છેડતી કરીએ છીએ. આ બાબત ખરાબ છે, આવુ ન કરવું જોઈએ, પણ ખબર નથી જયારે અમે છેડતી કરીએ છીએ ત્યારે અંદરથી આવો કોઈ વિચાર જ નથી આવતો. છોકરીઓ કામ કરે તેના કરતાં વધારે કામ કરે તે છોકરા છે.

યુવાનીમાં પ્રવેશ કર્યો ત્યારે છોકરીઓને જોઈને મનમાં અલગ જ વિચારો આવવા લાગ્યા. કયારેક સારા તો કયારેક ખરાબ દોસ્તી અને સેક્સ કર્યુ. આથી છોકરીઓની છેડતી અને તેમના વિષે ખરાબ વાતો, વિચારો આવવા લાગ્યા. બાળપણમાં મારા મિત્રો સાથે હું રમતો, સાથે છોકરી પણ હોય તે સમયે મારા મિત્રો તેમની સાથે સેક્સ માણતાં, સાથે મને પણ આવવા કહેતા તે સમયે મને ઘણો ડર લાગતો પણ રોજ- બરોજ આવું જ થતુ તેથી મને તેની કાંઈ નવાઈ રહી નહી. એક છોકરી ખુબ સુંદર હતી તેને સેક્સ માણવુ ખુબ ગમતુ. તે એક કરતાં વધારે છોકરા એટલે કે હું અને મારા બે મિત્રો સાથે સેક્સ માણતા. તે અમને દરરોજ આમ કરવા કહેતી ત્યારથી મને ખબર પડી કે સેક્સ હોય છે.

હું જેમ જેમ મોટો થયો તેમ તેમ છોકરીઓ સાથે રમવાનુ બંધ થયુ અને ભણવામાં લાગી ગયો. બાળપણની

બાળસહજ વાતો સમજી ભુલી ગયો, પણ જ્યારે હું નવમાં ધોરણમાં આવ્યો ત્યારે મને પાછું સેક્સ કરવાની ઈચ્છા થઈ તો બાળપણમાં જે છોકરી સાથે સેકસ માણ્યું હતુ તે છોકરી પાસે ગયો. હવે પરિસ્થિતી કંઈક અલગ હતી તેનુ એક છોકરા સાથે લગ્ન થઈ ગયું હતુ. તેથી હું અને મારો મિત્ર તે છોકરીને ખુબ ગાળો દેતા, તે મારા મિત્રના પડોશમાં રહેતી તે સમયે અમે તેને બોલાવતા જયારે તેના ઘરમાં કે મિત્રના ઘરમાં કોઈ ન હોય તો તે આવતી, પણ પહેલા જેવું કંઈ થતુ નહી. ફક્ત અમે તેની છાતી દબાવતાં. તે પણ દબાવવાં દેતી પણ તેના બોઈફ્રેન્ડને કહેવાની ના પાડતી.

હું દસમામાં આવ્યો ત્યારે ભણવામાં ધ્યાન આપવા માગતો હતો પણ તેવા સમયે મારા વર્ગની રિપ્પલ નામની છોકરી મારાથી ખુબ આકર્ષાઈ, તે મારાથી એક વર્ષ મોટી હતી તેથી હું તેની સાથે એવુ કરવા માગતો ન હતો. મારા મિત્રો મને ચીડવતાં કે તું તો તેની સામુ નાનો છોકરો છે. તને તો ખોળામાં રમાડશે તેથી હું ચાહવા છતાં તેની પાસે જઈ ન શક્યો. મારા વર્ગની બાજુના વર્ગમાં નેહા નામની છોકરી હતી. તે પણ મને લાઈન આપતી હતી પણ મારુ થવા દીધુ નહી. કારણ કે બંને એકબીજાને ઓળખતી અને જલતી હતી તેથી હું કંઈ જ કરી શક્યો નહી.

હું ધો-૧૧માં આવ્યો ત્યારે પહેલી વાર લવલેટર લખ્યો અને મિત્તલ નામની છોકરીને આપ્યો પણ મારી બદકિસ્મતિ કે તેને રિપ્પલ અને નેહાએ મારી બધી વાતો કરી દીધી.આથી હું ધોરણ ૧૦માં પણ કઈ ન કરી શકયો. આથી મેં ધોરણ-૧૨માં છોકરીઓ તરફ જોવાનું છોડી દીધુ. મારા ઘર બાજુ એક છોકરી રહેવા આવી તેને મારી તરફ ખુબ આકર્ષણ થયુ. તેની સાથે હું સેકસ માણતો હતો. એક દિવસ હું અને મારો મિત્ર તેને એક ઓરડીમાં લઈ ગયા, પણ તે બોલી કે હું ફકત તને જ સેકસ માણવા દઈશ તારા મિત્રને નહિ. મેં પણ તેને કહી દીધુ કે મારો મિત્ર નહી તો હું પણ નહી, તેથી તેણે મારા મિત્રને સેકસ કરવા કહ્યું પણ તેને કઈ આવડયું નહી અને પેલી છોકરીને પણ કાઈ ગમ્યુ નહી. તેથી મેં પહેલા અને પછી મારા મિત્રએ એમ અમે બંને વારાફરતી સેકસ માણ્યુ.

ધોરણ-૧૨માં પાસ થયા બાદ આવા બધા કામો છોડી દેવાનું નક્કી કર્યુ. પણ ફરી એક વાર ધો-૧૨ પછી એક છોકરી મારી સાથે સેકસ માણવા તૈયાર થઈ તેથી મેં તેની સાથે પણ સેકસ માણી લીધો.

હું કોલેજમાં આવ્યો ત્યારબાદ આવા બધા કામ બંધ કરવાનુ નકકી કર્યુ અને માત્ર એક સુશીલ, સુંદર છોકરી સાથે પ્રેમ કરવાનું નક્કી કર્યુ. મેં કોલેજમાં ચાર મહીના સુધી એક છોકરીને લાઈન મારી પણ તેણે મારી સાથે દોસ્તી કરવાની ના પાડી દીધી પણ જે છોકરી દ્વારા તેને મેં પુછાવ્યું હતુ તે છોકરી જ મારી સાથે ચાલુ થઈ ગઈ. તે તો તેનાથી પણ સુંદર હતી. જે છોકરી પાછળ ચાર મહીના બગાડયા તેણે તો મારો ભાવ પણ ન પુછયો, પણ જેની સાથે હું ચાર દિવસ ફર્યો તે મને સેકસ માણવા માટે કહે છે. હું તેની સાથે ગાર્ડનમાં અને આખી કોલેજમાં ફર્યો ત્યારે મને લાગ્યુ કે કોલેજ આને કહેવાય. મારા બધા મિત્રો મારા પર ખુશ હતા, કારણ કે મારા ગ્રુપમાં હું જ આટલી સુંદર છોકરી લઈ આવ્યો હતો.

અત્યાર સુધી મે કેટલીયે છોકરીઓ સાથે સેકસ માણ્યો હશે પણ હજી સુધી કોઈ પણ છોકરી સાથે સાચ્ચો પ્રેમ થયો નથી. હવે મારા મિત્રની ગર્લફ્રેન્ડ પણ મારી સાથે દોસ્તી કરવા માગે છે પણ મને છોકરીઓ સાથેનો લગાવ ઓછો થઈ ગયો છે. સેકસ પણ માણવાનુ વધુ ગમતુ નથી. "મર્દ તરીકે સેકસનું જ્ઞાન ખુબ જરૂરી છે. મર્દને સેકસનુ જ્ઞાન હશે તો અણબનાવો અટકશે અને સમાજમાં સેકસજ્ઞાનનો ફેલાવો થઈ શકે, મર્દ તરીકે લગ્ન પહેલા જાણકારી હોય તો સારું કારણ કે જ્ઞાન કામમાં આવે છે." વેશ્યા સાથે સંબંધ રાખે છે તે નામર્દ છે. પત્ની હોવા છતાં બીજે સબંધ રાખવો તે ખરાબ છે. યુવાનીમાં અસુક્ષિત સબંધ રાખે તે એઈડ્સને આમંત્રણ આપે છે.

મિત્રો મને સેક્સ માણવા કહેતા બાળપણમાં એક છોકરી સાથે સેક્સ માણવા દબાણ કરતા, નહીતો હું નામર્દ છુ તેમ કેહતા, તેથી હું તે છોકરી સાથે સેક્સ માણતો. પછી તો હું વારંવાર તેવુ કરતો અને આનંદ આવતો હતો. સેક્સ માણવો એ અયોગ્ય વાત નથી. ગમે તેની સાથે સેક્સ માણી શકાય છે. જે આપણને ગમે તે સાચ્ચુ અને યોગ્ય. સ્ત્રી-પુરૂષના સબંઘ પવિત્ર હોવા જોઈએ, સ્ત્રીની ઈચ્છા વિરુઘ્ઘ સેકસ કરવુ ન જોઈએ. અસલી મર્દ એ છે જે સ્ત્રીની ઈજ્જત કરે, સમાજના નિયમ અનુસાર વર્તન કરે, સ્ત્રીનુ રક્ષણ કરે, મર્દાનગી ભર્યા કામ કરે, જે સ્ત્રીનું રક્ષણ કરે, સમાજ સાચવે તેને ધર્મ સાચો મર્દ કહે છે. પુરૂષ એટલે જે સમાજનુ રક્ષણ કરે, ધર્મનુ રક્ષણ કરે. સ્ત્રીનુ રક્ષણ કરે જે કામ સ્ત્રીઓ ન કરી શકે તે કરે તેને મર્દ કહેવાય.

**૬. મોહમંદ પઠાણ**

મારુ નામ મોહમંદ પઠાણ છે. ઉંમર ૧૮ વર્ષ છે. મેં ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે, સાથે કોમ્પ્યુટરનું શિક્ષણ પણ લીધું છે. આજે હું એક ખાનગી કંપનીમાં ડેટા એન્ટ્રીની નોકરી કરૂ છું. મારો ઉછેર મુસલમાન પઠાણ જ્ઞાતિમાં થયો છે. ઘરમાં માતા-પિતા અને હું એમ ત્રણ જ વ્યકિત છીએ. પિતાજી ડ્રાઈવરની નોકરી કરે છે, માતા ગૃહિણી છે.

મારા સમાજ અને જ્ઞાતિમાં અમારાથી મોટા વડીલો, મારા માતા-પિતા મને એક પુરૂષ તરીકે દરરોજ નમાજ પઢવાનું જણાવતાં. રોજ કુરાન-એ-શરીફ પઢવું તેમજ અભ્યાસમાં ધ્યાન આપીને સારા નંબરે પાસ થઈ નોકરી-ધંધો કરવાનું શીખવતાં. એક છોકરા તરીકે મને બતાવવામાં આવ્યું કે તારે જે કાંઇ કરવું હોય તે કર, તને કોઇ રોકટોક નથી. જ્યારે હું પાંચમાં ધોરણમાં હતો ત્યારે મને કોઇ મોટેથી લડે કે ઘરક્યું કરે તો હું તરત જ રડી પડતો ત્યારે મારા માતા-પિતા અને મારા કાકા મને કહેતાં કે શું તું છોકરો થઈને એક છોકરીની માફક રડે છે, તારે તો કડક રહેવાનું હોય. હું જ્યારે પણ રાત્રે ફરવા જાઉ કે ગામમાં પાનના ગલ્લાં પર જતો તો મને કોઇ રોકટોક ન કરતું અને હું સ્વતંત્ર રીતે ફરતો હતો. મને નાનપણમાં ખૂબ જ ગુસ્સો આવતો હું મારા હાથમાં કંઇપણ ચીજવસ્તુ આવતું તે મારી દેતો તો મારા પપ્પા મને કહેતા કે આટલો ગુસ્સો સારો નહી.

હું જ્યારે ત્રીજા ધોરણમાં હતો ત્યારથી હું ભણવામાં હોશિયાર હતો. ત્રીજા ધોરણમાં હું પ્રથમ નંબરે પાસ થયો તો મારી ખુશીનો પાર ન રહ્યો. મારા માતા-પિતા તેમજ વડીલો પણ ખૂબ જ ખુશ થયા હતાં. આમ મને એક સફળતા મળી હતી. જ્યારે કોઇ કામમાં નાની સરખી મુશ્કેલી આવે તો હું નરવશ થઇ જતો તેને હું મારી નિષ્ફળતા માની લેતો તો મારા પિતાજી મને સમજાવતાં કે બેટા હિંમત રાખી મુશ્કેલીઓનો સામનો કર. એકવાર નિષ્ફળતા મળે તો ફરીથી પ્રયત્ન કરો. નિષ્ફળતા એજ સફળતાની ચાવી છે. પિતાજીના શબ્દોને ધ્યાનમાં રાખીને હું સફળતા મેળવવા ફરીથી કમર કસીને પ્રયત્નો કરવા લાગી જતો હતો.

જેમ જેમ હું મોટો થતો ગયો, મારી સમજણશક્તિમાં વધારો થતો ગયો મને સબંધો વિશે પણ શીખવવામાં આવ્યું કે માતા-પિતા, કાકા-કાકી, ભાઇ-બહેન, મામા-મામી, માસી-માસા જેવા સબંધો નજીકના કહેવાય તેને સાચવવા ખૂબ જરૂરી છે. આપણા કરતા મોટી ઉંમરના બધાને માનથી બોલાવવા જોઇએ. તેમનું આદર સન્માન કરવું જોઇએ. તેમને તુંકારો કે અલી-ટલી (અપમાનિત)કરીને બોલાવવા નહિ. નજીકના સબંધીઓના ઘરે તારે જવું પડે. જ્યાં પણ આપણા સબંધો સારા છે ત્યાં તારે તો જવું જ પડે કેમકે તું છોકરો છે.

મારા જીવનની એ ઘટના આજે પણ મને યાદ છે, હું જ્યારે નવમાં ધોરણમાં હતો. મારી ઉંમર ૧૩ વર્ષની

હશે. મારા ક્લાસમાં ભણતાં મારા મિત્રો કે જે મારા કરતાં મોટા હતા, તેમની ઉંમર આશરે ૧૮વર્ષની હશે અને તેઓ દ્વારા મને સેક્સ શું છે તેની માહિતી મળી. તે લોકો સેક્સ વિશે અલગ-અલગ વાતો કરતા અને બ્લ્યુફિલ્મ પણ જોતા હતા. સેક્સ એ ખરાબ વસ્તુ નથી. એક છોકરો - છોકરી બંને સાથે વાત કરતા હોય તો તેઓની વચ્ચે સેક્સ હોય તેવું નથી. અંગ્રેજી અને વ્યાયામ ભણાવતાં મનોજ સરને મારા મિત્રોના આ પ્રકારનાં કામોની પહેલેથી જ ખબર હતી. તેઓ મને મારા આ મિત્રો સાથે ન ફરવાનું જણાવતાં કહેતા કે તારા આ મિત્રો તને ખરાબ રવાડે ચઢાવશે. તેઓની સોબતથી તું પણ બગડી જઈશ અને તેની અસર તારા અભ્યાસ પર પડશે.

મારો અવાજ પહેલા પાતળો હતો . મને આજે યાદ છે કે મારો અવાજ જાડો અને ભારે થયો તે કોઈ મોટા માણસ જેવો લાગતો હતો. હું જ્યારે અગિયારમાં ધોરણમાં હતો ત્યારે મને પ્રથમ વખત દાઢી - મૂછ ફૂટયા તો મને થયું કે દાઢી - મૂછ થશે પછી ચહેરો સારો લાગે નહિ. થોડા સમય પછી ઉગે તો સારું. આ વાત મેં મારા કાકાને કરી તો તેમણે મને એક મિત્રની રીતે સહજતાથી કહ્યું કે દાઢી - મૂછ ફૂટવી એ તો મર્દની નિશાની છે.

હું નવમાં ધોરણમાં હતો ત્યારે મારી સાથે અભ્યાસ કરતી એક સુંદર છોકરી પ્રત્યે આકર્ષણ થયું હતું. હું તેની સાથે વાત કરવાનો કોઈપણ મોકો છોડતો ન હતો. મેં મોકો જોતા જ તેની આગળ મારા પ્રેમનો એકરાર કર્યો અને તેણે મને ના પાડી. આખો દિવસ હું તેના વિચારોમાં જ ખોવાયેલો રહેતો. એક રાત્રે સ્વપ્નમાં મને સ્વપ્નદોષ થયો, ત્યારે હું મૂંઝવણ અનુભવતા ખૂબ જ ચિંતિત હતો. આ વાત મેં મારા મિત્રોને કરી તેમણે જણાવ્યું કે આ તો સામાન્ય બાબત છે, ચિંતા કરવાની જરૂર નથી. જેમ જેમ ઉંમર વધે તેમ તેમ શારીરિક ફેરફાર થાય છે. આ વાત મેં મારા કાકાને પણ કરી , તેમણે પણ મારા મિત્રોએ જે કહ્યુ તેવું જ કહ્યું કે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. આ તો મર્દ માણસની નિશાની છે.

અમારા ઈસ્લામ(મુસ્લિમ) ધર્મમાં પુરૂષને આગવું સ્થાન મળેલ છે, સ્ત્રીને કહેવામાં આવે છે કે તમારે ઘરમાં જ રહેવાનું અને કોઈપણ કામ માટે બહાર નીકળે તો તેમણે બુરખો પહેરીને જ નિકળવાનું વગેરે શીખવવામાં આવ્યું હતું. આજે મારો સમાજ યુવાપુરૂષને એક સારા નાગરિક તરીકે જુએ છે મારો સમાજ આજના યુવાધનને આગળ લાવવા તેમજ તેને આગવી ઓળખ આપવા અભ્યાસક્ષેત્રે સમાજનું નામ રોશન કરવા માટે હંમેશા તૈયાર રહે છે. યુવાન એટલે સમાજની પ્રવૃતિમાં આગળ, ધર્મનાં કામમાં આગળ. અમારો સમાજ આજના યુવાધનને વિશ્વમાં મુસલમાનની ખરાબ છાપને ભુંસીને લોકોપયોગી અને દેશોપયોગી બનાવી વિશ્વમાં શાંતિના પ્રચારક બનવાં પ્રયત્ન કરે છે.

પુરૂષ તરીકે ઘણી-બધી પ્રશંસા કરવામાં આવે છે. પુરૂષ સાહસિક છે, તાકાતવાન છે, ગમે તે કાર્ય આસાનીથી પાર પાડી શકે છે, જેવી વાતોની પ્રશસાં કરવામાં આવે છે. સમાજમાં અમુક સારા કાર્યો પુરૂષ તરીકે કરતા હોવા છતાં તેની પ્રશંસા કરવામાં આવતી નથી. ઘરમાં માતા કે બહેન અથવા પોતાની પત્ની હોવાં છતાં કોઈ પુરૂષ ઘરમાં ઝાડુ મારે કે પાણી ભરે તો લોકો તેને બાયલો કહે છે. તેના ઘરનાં પ્રશ્નોની સમાજને ખબર નથી હોતી આમ જોવા જઈએ તો એ કામમાં પોતાની માતા, બહેન કે પત્નીને મદદરૂપ બનતો અટકાવે છે.

આજના હરણફાળ વિશ્વમાં દરેકને સફળતા મેળવવી છે. મારા સમાજમાં સફળતા એને જ કહે છે, જેનાથી સમાજને ફાયદો થાય. ઉચ્ચ અભ્યાસ કરીને પોતાનો તથા પોતાના સમાજનું નામ રોશન કરે તે વ્યક્તિ જ સફળ છે.

સબંધોએ સમાજ છે, સમાજમાં સબંધોનું સ્થાન આગવું છે. માતા-પિતા, પતિ-પત્ની, બાળકો સાથેના સ બંધો,

મિત્રોના સબંધ જે સારા સબંધો છે. જેમાં આદર-સન્માન, પ્રેમ-ઉષ્મા હોય છે. હું જ્યારે ૧૭ વર્ષનો હતો ત્યારે મારા મિત્રમંડળની ચાંદબાનું નામની એક કિશોરીને મનોમન ચાહવા લાગ્યો હતો. મારો પ્રેમ એકતરફી હતો. એક દિવસ તેની આગળ મેં પ્રેમનો એકરાર કર્યો. તેણે મને ના કહ્યું. તેમાં મને નિષ્ફળતા મળી. આજે તેને મારી પ્રેમીકા તો ન બનાવી શક્યો પરંતું તે આજે મારી સારી મિત્ર છે. મને અભ્યાસમાં પણ નિષ્ફળતા મળી છે. હું જ્યારે દસમાં ધોરણમાં હતો ત્યારે પ્રથમ અને દ્વિતીય પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યામાં નાપાસ થયો હતો. મારો આત્મવિશ્ર્વાસ ડગી ગયો, અંતે મેં અભ્યાસમાં ખૂબજ મહેનત કરી અને બોર્ડની પરીક્ષામાં પાસ થયો.

અમારો સમાજ ધર્મની બાબતમાં ખૂબ જ ચુસ્ત છે. નમાજ પઢવી, કુરાન-કલમા પઢવી ફરજીયાત છે. સાચો મુસલમાન નમાજ પઢે. રોઝા રાખે અને અલ્લાહમાં વિશ્ર્વાસ રાખે અને બંદગી કરે. અમારા ધર્મમાં સ્ત્રીઓને બુરખો પહેરવો ફરજીયાત છે. પણ ઘણી બધી સ્ત્રીઓ બુરખો પહેરતી નથી. આ વિશે ચાર-પાંચ મહિના પહેલા દૈનિક સમાચારપત્રોમાં વિવાદ થયો હતો કે બુરખો પહેરવો ન જોઇએ તે સારું નથી. પણ અમારા ઈસ્લામ ધર્મમાં સ્ત્રીઓએ બુરખો પહેરવો ફરજીયાત છે, કારણ કે સ્ત્રીઓએ પોતાનું મુખ પારકા પુરૂષને ન બતાવવું જોઇએ. અમારા ધર્મમાં લગ્ન પહેલાં જાતીય સંબંધ બાંધવો એ પાપ છે, ગુનો છે. હા બહુપત્નીત્વની પ્રથા તો છે પણ તેને માટે પણ સ્ત્રીની પરવાનગી લેવી પડે છે. કોઇ સ્ત્રીની છેડતી કરવી કે હેરાનગતિ કરવી એ પણ ગુનો છે. બને ત્યાં સુધી છોકરીઓને એકલી ક્યાંય પણ મોકલવામાં આવતી નથી. આજે અમારો સમાજ સંભોગથી થતા એઇડસ જેવા જીવલેણ મહારોગો સામે જાગૃત છે અને એટલે સેક્સમાં સંયમ રાખવાનું જણાવે છે. પતિ-પત્નીના સંભોગને સમાજ માન્ય ગણે છે.

જે માણસ નિષ્ફળતા મળવા છતાં નિરાશ થતો નથી, તેના આત્મવિશ્ર્વાસમાં જરા પણ ઘટાડો થતો નથી, ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં અડગ રહે છે. જે તે વિષય, વ્યવસાય કે કામમાં લગન તથા મહેનતથી ટોચ પર પહોચવું. સફળતા મળવામાં તો આપણું નસીબ પણ જવાબદાર છે. સફળતા ગમે તે વ્યક્તિ મેળવી શકે ભલે તે સ્ત્રી હોય કે પુરૂષ હોય.

જીંદગીમાં સંબંધો ખૂબ જ ઉપયોગી થઇ પડે છે. સબંધોમાં ગોપનીયતા, નિઃસ્વાર્થ, વિશ્ર્વાસ તેમજ પવિત્રતા હોવી જોઇએ. જરૂરી નથી કે સબંધો નજીકના જ હોય, નોકરી - ધંધા કે વ્યવસાયમાં પણ સબંધો બનતા હોય છે. સ્ત્રી-પુરૂષ વચ્ચે પણ સબંધ હોય શકે. સ્ત્રી-પુરૂષ એકબીજામાં સમજણ કેળવનારા હોવા જોઇએ. એકબીજાના કામ સમજદારીપૂર્વક કરવા, કોઇ મુસીબત કે આફત આવે તો પણ એકબીજા સાથે મળીને ઉકેલવી. કોઇપણ નિર્ણયો સાથે મળીને લેવા. સેક્સ અંગે ખુલાસથી ચર્ચા થવી જોઇએ. સેક્સ એ બધાની સાથે માણવા જેવી વસ્તુ નથી. સેક્સ એ સ્ત્રી-પુરૂષનાં જીવન માટે જરૂરી છે.

હું એક સારા અને આદર્શ પુરૂષની પ્રશંસા કરૂ છું. તેનાથી આપણને સારી વસ્તું શિખવાની મળે છે. તેમજ વિવિધ સમસ્યાઓની સામે લડવાની સમજ મળે છે. જેમાં મર્દના બધાજ ગુણો હોય બુધ્ધિશાળી, સહનશીલ, તાકાતવાર હોય, વડીલોનું માન-સન્માન કરે અને સમાજને ઉપયોગી થાય તેવો યુવાપુરૂષ બનવા માગું છું. મારું આગળનું ભવિષ્ય સારુ હશે એવી આશા છે. હું મારું ગ્રેજ્યુએશન કરીને, કોમ્પ્યુટરમાં હાર્ડવેર-સોફ્ટવેરમાં ડિપ્લોમાં કરીશ અને એંન્જીનિયરિંગ કરીને કોઇ સારી કંપનીમાં કે કોઇ યોગ્ય જગ્યાએ નોકરી કરીને મારા પરિવારના લોકોની જરૂરીયાતો પૂર્ણ કરીને તેમની ઇચ્છાઓ પૂરી કરી શકીશ એવી આશા છે. મારી જીવનસાથી ભણેલી, સુંદર, સુશીલ તેમજ વડીલોના આદર, માન-સન્માન કરે તેવી હોવી જોઇએ. મારા માતા-પિતાની સેવા કરે તેમજ બહારના વાતાવરણથી વાકેફ હોય. મને સમજી શકે તેવી હોવી જોઇએ.

મારા મત પ્રમાણે સાચો મર્દ મારા પપ્પાને માનું છું. કેમકે મારા પિતાજી કોઈપણ નિર્ણય સમજદારીથી લે છે. ઘરમાં કોઈપણ મુસીબતમાં યોગ્ય નિર્ણય લે છે. તેમણે ક્યારેય પણ મારા મમ્મી સાથે ઝઘડો કર્યો નથી.

### ૭. પરમાર જયેશ

મારું નામ પરમાર જયેશ અશોકભાઈ છે. મારી ઉંમર ૧૮વર્ષ છે. હું બારમાં ધોરણમાં અભ્યાસ કરૂ છું. મારી જ્ઞાતિ હિન્દુ ચમાર છે. મારા પિતા મોચી કામ કરે છે તથા મશીન રિપેરીંગ કરે છે. માતા ઘરકામ કરે છે. મારે એક બહેન પણ છે તે અભ્યાસ કરે છે. એક ભાઈ છે તે આજ સુધી ગુમ થયેલ છે.

મારા સમાજ અને જ્ઞાતિમાં મને નાનપણથી જ ઉછેરમાં એક છોકરો હોવાનો આભાસ કરાવવામાં આવ્યો છે. નાનપણમાં તો સૌ નાગા ફરતાં. હું નાનો હતો ત્યારે છોકરીઓની સાથે જ રમતો. તો મારા દાદાજી મને કહેતા કે બેટા તું તો છોકરો છે, તારાથી છોકરીઓ સાથે ન રમાય. મને આજે પણ યાદ છે કે મારા દાદાજી મને છોકરીઓ સાથે ક્યાંય પણ જવા દેતા નહિ. દાદાજી કહેતાં કે મારા દિકરાને મારે છોકરી જેવો નથી બનાવવો તેને તો એક માણસ (પુરૂષ) બનાવવો છે. અમે રામપુરામાં રહેતા ત્યાં સરકારી નળે પાણી આવતું, અમારા ઘરે નળ ન હતો તેથી અમારે પણ ત્યાંજ પાણી ભરવા જવું પડતું, હું પણ મારી માતાને મદદ કરતાં પાણી ભરાવતો હતો. મારા મિત્રો મને છોકરી કે બાયલો કહીને ખીજવતાં હતાં. મને મારા પરિવારમાં મારી સામાજીક જવાબદારી શું છે તે પણ મારી માતા શીખવતાં, મારી મમ્મી જ્યારે પણ ઘરની બહાર કે બજારમાં ગયા હોય તો મારે મારી બહેનને તૈયાર કરીને શાળાએ મોકલવાની એક મોટાભાઈ તરીકે મારી જવાબદારી રહેતી હતી અને મારી મમ્મી મને ઘરનાં બધા કામોમાં ઊભો રાખતી.

મારા સમાજ તેમજ ઘરમાં પણ છોકરા-છોકરીઓમાં ભેદભાવ રાખવામાં આવતો હતો. મારા ઘરની વાત કરુ તો મને પણ અમુક કામ આજે પણ કરવા દેવામાં આવતાં નથી. મારા ઘરમાં ઝાડુ મારવું, ઘરમાં કચરાં-પોતું કરવું, વાસણ માંજવા વગેરે કામો મારી મમ્મી કે બહેન જ કરતી. મારા ભાગમાં બહારના આંટાફેરા મારવાનાં આવતા. મને ઘરની બહાર રમવા જવાનું મળતુ. હું નાનો હતો ત્યારે અમારા સમાજમાં તેમજ પરિવારના વડીલો કે પુરૂષો બેઠાં હોય તો ઘરની કોઈ પણ સ્ત્રી કે છોકરી જે મારી બહેન કે મારી મમ્મી હોય તો તે પણ બધાની સામે મારા પિતાજી સાથે વાત પણ કરી શકતી નહિ. બધાની સામે તે પોતાનું મોં પણ બતાવી શકતી નહિ. મારી બહેન માટે મારા પિતાજી ઢીંગલી જ લાવતા. હું જ્યારે ઘરમાં જ રમતો તો મારા દાદાજી મને બહાર છોકરાઓ સાથે રમવાં મોકલતાં.

હું દસમાં ધોરણમાં હતો ત્યારે નાપાસ થયો તેને હું મારા જીવનની નિષ્ફળતા માનુ છું. મને આ નિષ્ફળતા મળી તો મારા માતા-પિતા મને કહેતા કે બેટા, નાપાસ તો થવાય છતાં હિંમત ન હારવી, ફરીથી પ્રયત્નો કર જરૂર સફળતા મળશે. મારા માતા-પિતાના એ આશાભર્યા વચનોને ધ્યાનમાં રાખીને મેં ફરીવાર દસમાં ધોરણમાં પાસ થવા માટે કમર કસી અને પરીક્ષા આપી, જેમાં હું પાસ થયો અને મને સફળતા મળી. તે મારા જીવનની સફળતા હતી. મને મારા પરિવારમાંથી જ સબંધો વિશે શીખવવામાં આવ્યું કે મારે મારા માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન, મામા-મામી, માસા-માસી જેવા સબંધો નજીકનાં છે, તો તેને ખુબ જ નાજુકતાથી સાચવવાં જોઈએ. મારા માતા પિતા તરફથી તેમજ સમાજમાંથી સેક્સ એટલે સ્ત્રી-પુરૂષ જ માણી શકે, જેમના લગ્ન થયેલા હોય અને સમાજે સ્વીકૃતિ આપેલી હોય તે જ સ્ત્રી-પુરૂષ સેક્સ માણી શકે છે. જેમ જેમ મારો વિકાસ થતો ગયો તેમ તેમ મને સહજ શિશુ મિલાપ, સહજ ડિસ્કવરી સાયન્સ સેંન્ટરના કાર્યકરો દ્વારા લેવાતાં સેશનોમાંથી મને સેક્સ વિશેની વધારે માહિતી મળી. મારા પિતાજી મને ધર્મ

બાબતે સમજાવતાં કે બેટા કોઇ પણ ધર્મને નીચો ન સમજવો બધા ધર્મો સરખાં જ છે.

આજે મારા સમાજનાં મતે પરિવારની આગેવાની લે તે યુવાન. જે કમાવવા જાય, સ્ત્રી પર હુકમ ચલાવે તે યુવાન. અમુક લોકોનું માનવું છે કે જે વ્યસન કરે એટલે કે દારૂ-સિગારેટ પીવે તે યુવાન. પોતાની પત્નિને નોકરી કરવાની રજા ન આપે તેમજ તેને હરવા ફરવાની પરવાનગી ન આપે તે યુવાન. મારી દ્રષ્ટિએ જે પોતાના પરિવારનું ભરણ-પોષણ કરે, તેમને યોગ્ય જીવન ધોરણ આપે, દરેકના વિચારોને માન આપે, પતિ-પત્નિ બંને સાથે મળીને સારી કમાણી કરી પોતાના ઘરનું સંચાલન કરે તે યુવાન છે. ટૂંકમાં, યુવાન એટલે ચતુર કામધેનું, સમજુ, વિવેકી. આજે સમાજમાં પોતાની શક્તિનું પ્રદર્શન કરનારને મર્દ માનવામાં આવે છે. વ્યસન કરનારને મર્દ કહે છે, વધારે સારી ઝડપે બાઈક ચલાવનારને મર્દ કહે છે, પણ મારી દ્રષ્ટિએ પોતાના જીવન ધોરણને સુધારનાર, સારી એવી લાયકાત ધરાવનાર તેમજ પોતાના પરિવારને સાચવનાર, દરેકને યોગ્ય મહત્ત્વ આપનાર તેમજ સમયનો સદ્ઉપયોગ કરનાર જ સાચો મર્દ છે. ઘરકામમાં મદદ કરનાર માણસની પ્રશંસા થતી નથી. પોતાની પત્નિ કે માતા-બહેનના કાર્યો કોઇ પુરૂષ કરે તો સમાજ તેને બાયલો કહે છે. મારી જ વાત કરું તો હું પણ એક સમયે મારો મિત્ર તેની માતાને પાણી ભરાવતો, ઘરકામમાં મદદ કરતો તો હું પણ તેને શું છોકરીની જેમ, બાયલાની જેમ છોકરીઓના કામ કરે છે તેવું બોલતો હતો. મારા માનવા પ્રમાણે સમાજ તેના બહારના કામ જ જુએ છે પણ તેની અંદર રહેલી વ્યથાને તે ક્યારેય ન ઓળખતા તેની બુરાઈ કરે છે. તેની મજબુરીની સામે આંખ આડા કાન કરીને તેની પ્રશંસા કરવાને બદલે તેની અવગણના કરે છે. ઘરમાં સારૂ જમવાનું બનાવનારને સમાજ કે આજુબાજુના લોકો તેને બાયલો કે કિચનમાસ્ટર કહીને ચીડવે છે જ્યારે કોઇ હોટલ કે સારા પ્રસંગે રસોઇ બનાવનાર પુરૂષની પ્રશંસા કરે છે. સમાજની એ જ તો ખુબી છે.

મારો આજનો સમાજ સફળતા તેને જ માને છે કે આજની ગળાકાપ હરીફાઈમાં રહીને પણ જે આગળ આવે તે વ્યક્તિ સફળ. નિષ્ફળતાં પણ આવી જ રીતે એકવાર જે સફળ ના થયો તે આજની પરિસ્થિતિ પ્રમાણે હંમેશા પાછળ જ રહી જાય છે, સમાજ સબંધોને વિશેષ મહત્વ આપે છે, સમાજ લગ્નોત્તર સબંધોને માન્ય રાખતો નથી. તેની અવગણના કરે છે. લગ્ન પણ સમાજનાં નિતિ નિયમોથી થાય તો સમાજ તેને સ્વીકૃતિ આપે છે.

સેક્સ એટલે ખરાબ છે એવું પણ નથી આજે જાતીય રોગોનું પ્રમાણ વધી રહ્યું છે, તેને લઈને સમાજ ચિંતિત છે તેથી લગ્ન પહેલાનાં જાતીય સબંધોને સમાજ માન્ય રાખતો નથી. આજની પરિસ્થિતી જોતા સમાજે ધર્મને પોતાના કાયદામાં બાંધી દીધો છે. આજે ભારતદેશમાં શિવસેના, બજરંગદળ જેવા ધાર્મિક સમુદાયોને લીધે દેશની ધાર્મિક અખંડીતતાને લાંછન લાગી રહ્યું છે અને તેથી જ બધા ધર્મોને સમાન ન ગણતા મારો જ ધર્મ મહાન છે તેવું લાગી રહ્યું છે. જે માનવતાનો ધર્મ હતો તે આજના યુગ કે સમાજમાં ક્યાંય નજરે પડતો નથી.

મારા મત પ્રમાણે સફળતા એ છે કે નિષ્ફળતા મળ્યા પછી પણ પોતાના આત્મવિશ્વાસમાં ખોટ ન આવે અને ફરી નવી ગલ્લીને નવો દાવ પ્રમાણે પોતાના લક્ષ્યને વળગી રહીને તેને આંબે તે સફળ. હા, મારા જીવનમાં નિષ્ફળતાને કોઈ સ્થાન નથી. નિષ્ફળતાનો રસાસ્વાદ તો હું દસમાં ધોરણની પરીક્ષામાં જ માણી ચૂક્યો હતો, તે મારા જીવનની અસફળતા હતી. મારી એ નિષ્ફળતાની ગણના કર્યા વગર મેં દસમાં ધોરણની બીજી વખત પરીક્ષા પાસ કરી, આજે હું બારમાં ધોરણમાં કોમર્સનો વિધાર્થી છું. સફળતાનો બીજો એક અનુભવ એ પણ છે કે હું જ્યારે ડિસ્કવરી સાયન્સ સેંન્ટરમાં જોડાયો. તેમાં તાલીમ લેતા મને થતું કે હું કેવી રીતે બીજાને શીખવાડીશ. મારી ઉંમર તો નાની

છે એમ માનતાં મારું મન ડગી જતુ. છતાં મેં આત્મવિશ્વાસથી તાલીમ પુરી કરી. એક દિવસ ધોરણ સાતના બાળકોને એક પ્રકરણ ભણાવવાં ગયો. મારા શરીરમાં થોડી કંપારી આવી ગઈ પરંતું તેને મેં મારા આત્મવિશ્વાસના જોરે દબાવી દઇને વર્ગમાં જે પ્રકરણ ભણાવવાનું હતું તેમાં સફળતા મેળવી. ત્યારબાદ તો મેં ઘણી પ્રાથમિક શાળાઓમાં વર્ગો લઇને તાલીમ આપી. શાળાનાં બાળકો તેમજ શિક્ષકો પણ મને સર કહીને બોલાવતાં તો મારા મનમાં થતું કે હું મહદઅંશે સફળ રહ્યો છું. જીવનમાં સફળતાનો મીઠો સ્વાદ ત્યારે ચાખવા મળે છે. જ્યારે નિષ્ફળતાનાં કડવાં ઘુટડાના સ્વાદે આપણને તરબોળ કરી નાખ્યા હોય. સફળતાના પસીનાનું એક-એક ટીપું ત્યારે જ મીઠું લાગે જ્યારે નિષ્ફળતાના હજારો ખારાં ટીપાંઓથી આપણે ઘરાઇ ગયા હોઈએ.

સબંધો બધાની સાથે સારા જ હોવા જોઈએ પણ ખરાબ વ્યક્તિઓ સાથે તો સબંધો ન જ રાખવા. મારા વિચાર પ્રમાણે મારા દાદાની એક કહેવત આજે પણ મને યાદ છે કે હિજડાની જાનમાં જવાં કરતાં તો મર્દની નનામીમાં જવું સારું, સબંધો બાંધવા બધાને ગમે છે પણ તેને નિભાવવા ગમતા નથી. ખરાબ લોકો સાથે તો સબંધો ન રાખવાં. મારો મોટો ભાઇ અમારા વિસ્તારના અમુક ખરાબ છોકરાઓની સોબતમાં આવી જતાં તેમને મિત્રતાના રંગે રંગાઇને આજે અમારા પરિવારથી દૂર છે. આજે સેક્સ એ સ્ત્રી-પુરૂષને બાળકને પેદા કરવા માટે કુદરતની એક રચના છે. તેને આજના માનવે વિચિત્રરૂપ આપીને ખરાબ ગણે છે, હા, લગ્ન પહેલા સેક્સની માહિતી હોવી જરૂરી છે. તો જ સ્ત્રી-પુરૂષના લગ્નજીવનમાં કોઇ ઉણપ રહેતી નથી. મારી જ વાત કરું તો મને પણ સેક્સ વિશેની માહિતી મારા તાલીમી મિત્રોમાંથી મળી હતી અને મારા વિચારો પણ હું તેમની આગળ જણાવતો. સેક્સ એટલે સ્ત્રી-પુરૂષરૂપી બે શરીરનો સંભોગ જ નહિ. મારા મત પ્રમાણે સ્ત્રી-પુરૂષ આજના યુગ પ્રમાણે એકબીજાના મિત્રો પણ હોઇ શકે છે. બંને એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી પણ બની શકે છે.

જે માણસ નિષ્ફળતા મળવા છતાં પણ નિરાશ થતો નથી, તેના આત્મવિશ્વાસમાં થોડો પણ ઘટાડો થતો નથી, ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં અડગ રહે છે તેમજ એકબીજાને મદદ કરવા તત્પર રહેતો હોય, પોતાના કુટુંબની જરૂરીયાત પૂર્ણ કરે તેવા પુરૂષની હું પ્રશંસા કરુ છું. મને આશા છે કે એક દિવસ હું પણ સારો પુરૂષ બનીને આવનારી પેઢીને નમુનારૂપ બની શકીશ. મારું સપનું એ છે કે હું એક સારો ચાર્ટર્ડ એકાઉન્ટ બનીને મારા પરિવારનું ભરણ-પોષણ કરી મારા સમાજને તેમજ આવનારી પેઢીમાં મારા જ્ઞાનનો ફેલાવો કરીને મારા વિસ્તારનાં બાળકોને સારા, સુશિક્ષિત બનાવનારો બનું.

## ૮. રાજપુત વિરેન્દ્ર

મારું નામ રાજપુત વિરેન્દ્ર છે, મારી ઉંમર ૧૮વર્ષ છે, હું ધો ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. મારા પિતા વોચમેન તરીકે કાર્ય કરે છે, માતા ઘરનું કામ સંભાળે છે, હું રાજપુત સમાજમાંથી આવુ છું.

ઘરમાં કોઇ વડીલ કે મહેમાન આવ્યા હોય તો ઘરનાં વડીલો કે માતાપિતા બહેનને ગમે તે વસ્તુ લેવા મોકલતાં જેવાં કે "પાણી લઇ આવ," ચા લઇ આવ જ્યારે છોકરાઓને બહારનું કઇ કામ હોય તે કહે છે.ઉદાહરણ તરીકે અનાજકરિયાણા નો સામાન લાવવો. પ્રાથમિક શાળામાં હું અભ્યાસ કરતો હતો ત્યારે ક્લાસમાં અમે બધા છોકરા છોકરીઓ રીસેષ પડે ત્યારે સાથે રમતાં હતાં ત્યારે અચાનક એક છોકરીએ કહ્યું કે તું હવે અમારી સાથે ન રમીશ તારે તારા દોસ્તો સાથે રમવાનું, સમાજમાં જ્યારે કોઇનો પ્રસંગ હોય તો સમાજના વડીલો છોકરા છોકરીઓને એકબીજા સાથે વધારે નહિ રહેવા દેતા.

પહેલાનાં સમયમાં છોકરા અને છોકરી વચ્ચે ઘણો ભેદ

રાખવામાં આવતો હતો. કોઇને ત્યાં છોકરાનો જન્મ થાય તો ગામમાં ખુશીથી બધા પરિવાર ઝુમી ઉઠતા આવું જ આ સમયમાં પણ ચાલે છે. કુટુંબમાં બહેન તરફ ઓછુ ધ્યાન આપવામાં આવે છે. પિતાજી મને દર સોમવારે મહાદેવના મંદિરે જવાનું કહેતાં. મારા માતાપિતા પુજા પાઠમાં ખુબ જ માનતાં હતાં અને એક વાર અમારા ઘરમાં ભગવાનની કથા રાખવામાં આવી હતી ત્યારે પિતાજીએ મને કહ્યું કે "તું ઘરનો કુળ છે જેથી તારે પુજામાં બેસવાનું છે." હું ૧૨માંની પરીક્ષા આપીને વેકશનનો સમય આમતેમ ફરીને ગુજારતો હતો મારા જ મહોલ્લાનો એક છોકરો એમ. કોમમાં ભણતો હતો તે બીજી નોકરી કરીને ઘરમાં મદદ પણ કરતો હતો. તેનો દાખલો આપીને પિતાજી મને કહેતાં કે "બાજુવાળા છોકરા પાસેથી કંઇક શીખ અને વેકેશનમાં નાની મોટી નોકરી કર."

એક વાર મારા મિત્રના જન્મ દિવસે તેના ઘરે પાર્ટી રાખવામાં આવી હતી ત્યારે તેમાં બધા મિત્રો આવ્યાં હતાં તેની એક ફ્રેન્ડ નહોતી આવી. પુછતાં ખબર પડી કે રાત્રે મોડું થવાની બીકે તેના પપ્પાએ તેને મંજુરી આપી ન હતી.

હું મારા જીવનમાં ધોરણ ૧૦માં પાસ થવા માંગતો હતો. હું ૧૦માં ધોરણમાં આવ્યો અને પાસ થઇ ગયો તે મારા જીવનની પહેલી સફળતા હતી. ઘરે કોઇ મહેમાન આવતાં ત્યારે છોકરાઓને બહારનું કામ સોપતાં અને છોકરીઓને ઘરનું કામ કરવાનું કહેવામાં આવતુ. મેં મારા સ્વપ્નમાં ક્રિકેટમાં જવાની ઇચ્છા રાખી છે જ્યારે તે સ્વપ્નમાં પણ પુરી નથી થઇ. આજ દિન સુધી હું ક્રિકેટમાં જઇ નથી શક્યો તેને હું મારી નિષ્ફળતા માનું છું. જ્યારે હું મારા પોતાના પગ પર ઊભો રહીશ, મારા માતા-પિતાનું નામ રોશન કરીશ અને નામ કમાઇશ ત્યારે જ હું સફળ ગણાઇશ. હું મારા પપ્પાની કંપનીમાં કામ કરતો હતો અને અમારી કંપનીને નંબર વન પર લાવવાં માગતો હતો પણ ઘણી મહેનત કર્યા પછી પણ કંપની ખોટ કરે અને કંપનીને નુકશાન ભોગવવું પડે તો તેને મારી નિષ્ફળતા ગણુ છું. એક વાર મારા કુટુંબમાં મારા પિતાજીને તેમની કંપનીમાંથી કાઢી મુક્યાં ને અમારી પરિસ્થિતિ એકદમ નબળી પડી મારા પિતાજીને મેં કહ્યું કે હવે શું થશે ? મારા પિતાજી બોલ્યા કે જે દુઃખ સહન કરીને બહાર આવે છે, તેને જ મર્દ કહેવાય છે.

સમાજમાં મારા પ્રત્યે બધા વડીલોનો સારો સબંધ છે. સ્ત્રી પુરૂષ વચ્ચે પવિત્ર સબંધ બંધાય છે, જેનાથી તે પોતાની નવી પેઢીને જન્મ આપે, તેને સેક્સ કહે છે. પુરૂષને સ્ત્રી બંને રાજી થઈને સેક્સ કરતાં હોઇ તેને યોગ્ય ગણાય. જયારે કોઇ સ્ત્રી આપણી સાથે વફાદારીથી રહેતી હોય તો બીજી સ્ત્રીઓ તરફ નજર ન નાખવી જોઇએ. સમાજ વિશે કહેવાનું કે જે વ્યક્તિ એક કરતાં વધારે સ્ત્રી રાખી શકતો હોય તો સમાજના વડીલોને તેનાથી કોઇ વાંધો નથી હોતો.

લગ્ન વિશે વાત કરુ તો પત્ની ગુણવાન હોવી જોઇએ સમાજ એવું કહે છે કે છોકરી ભણેલી હોવી જોઇએ પણ મારુ કહેવું છે કે ઓછુ ભણેલી છોકરીઓ પણ સમજુ હોય છે. મારી મોટી બહેન સાત ચોપડી ભણેલી છે, પણ તે કામ એવી રીતે કરે છે કે કોઇ તેને કશું કહી ન શકે. પત્ની પતિનુ દુઃખ સમજતી હોવી જોઇએ. સમાજના વડીલોના આદેશ મુજબ અને રીત રીવાજ મુજબ વર્તવું જોઇએ. સમાજનું કહેવું છે કે જે યુવાન ૧૮વર્ષથી આગળ વધી ગયો હોય તેને નોકરી જવું જોઇએ જેથી તેના લગ્ન થઇ જાય તો તેમને વાંધો ન આવે.

એક દિવસ હું ફળિયામાં ફરતો હતો ત્યારે મેં એક વૃધ્ધ દાદીને રોડ ઓળંગવામાં મદદ કરી હતી ત્યારે અમારા ફળિયાંવાળાએ મારી પ્રશંસા કરી હતી તેમજ આ છોકરાનો સ્વભાવ અને સંસ્કાર ખુબ સારા છે તેમ કહી મારા માતાપિતાનાં વખાણ કરતાં હતા. એક વડીલે તો મારા માતાપિતાને એમ પણ કહ્યું હતું કે તમારા છોકરાને સારી છોકરી મળશે.

પુરૂષ થઇને તે ઘરનાં પાંચેક સભ્યોને પાલવી શકે તેની પ્રશંસા કરવામાં આવે છે.એકવાર મારા બહેનને છોકરાવાળા જોવા આવેલાં ત્યારે તેમની મેં ઘણી સેવા કરી હતી જ્યારે તેઓ ઘરે જવા નિકળતા હતા ત્યારે મારી ખુબ જ પ્રશંસા કરી હતી. તેઓ બોલ્યા હતા કે છોકરીના ભાઇનો સ્વભાવ ખુબ સારો છે. પુરૂષ થઇને ઘરે બેઠાં રોટલાં તોડે અને માંગ કરે તેવી વાતોની પ્રશંસા કરવામાં આવતી નથી. જે વ્યક્તિ પોતાનાં કુટુંબનાં સભ્યોને કઇ પણ વાત કે વસ્તુની ખોટ ન પડવા દે તથા પોતાના કુટુંબ માટે બને તેટલું વધારે કમાય અને પોતાનો સંસાર સારી રીતે જીવી શકે તે વ્યક્તિ પ્રશંસાને પાત્ર છે. મારા પિતાજી મને કહેતા કે કોઇનું સારું ન કરી શકો તો ખોટું તો ન જ કરવુ, તે પરથી ખબર પડે છે કે મારા પિતાજીમાં જે ગુણ રહેલાં છે, તે એક સારા પુરૂષનાં ગુણ છે. પુરૂષ તરીકે સારો પતિ, સારો પિતા અને માતા-પિતાની સેવા કરી શકે તેવા ગુણો હોવા જોઇએ. એકવાર ઘરે મહેમાન આવ્યાં હતાં અને મારા પિતાજી કંપનીમાં કામે ગયા હતા. મારા પિતાજીને ખબર પડી કે ઘરે મહેમાન આવ્યાં છે તો કંપનીએથી રજા લઇને ઘરે આવ્યા અને આવેલ મહેમાનોની સેવા કરી. આ કામને હું પ્રશંસાને પાત્ર ગણું છું.

સમાજમાં માનવીએ ટકવું હોય, પોતાની છાપ છોડવી હોય, તો તેણે દિવસે દિવસે સફળતા મેળવવી જોઇએ સમાજના બધા વ્યક્તિ સાથે સબંધો સારા રાખવાં જોઇએ. નિષ્ફળતા વિશે કહું તો નિષ્ફળતા જ સફળતાની ચાવી છે.

ધર્મ વિશે કહું તો સમાજ એવું નથી કહેતો કે તું હિન્દુ છે તો હિન્દુ જ રહેવાનું એવું નહિ તે ધર્મ બદલી પણ શકે છે. હિન્દુ ધર્મના નાગરિકને પાકિસ્તાન રહેવાનું હોય તો તે પાકિસ્તાનનો ધર્મ અપનાવી શકે છે. આવી જ રીતે પાકિસ્તાન નાગરિકને ભારતમાં રહેવાનું હોય તો તે હિન્દુ ધર્મ અપનાવી શકે છે. મારા ધર્મમાં મહિલાઓને પુરૂષથી નીચી ગણવામાં આવે છે. મોટાભાગનાં કામોમાં તેને નીચી દેખાડવામાં આવે છે.

સેક્સ વિશે મારુ માનવું છે કે સ્ત્રી અને પુરૂષ સબંધ બાંધવા તૈયાર હોય અને સમાજની દ્રષ્ટિએ પતિ-પત્ની હોય તો તેમને સેક્સ કરવું એ સમાજને કોઇ વાંધો નથી કારણ કે તે પવિત્ર સબંધ છે. તેના દ્વારા તે પોતાની પેઢીને જન્મ આપે છે.

સફળતા મળતી રહેશે તો જીવન જરૂરીયાતની બધી વસ્તુઓ મળી રહે છે. સફળતાથી આપણા સમાજમાં માન વધે છે. માનવીને નિષ્ફળતા મળે તો તે કામને છોડી દેવું ન જોઇએ આપણી ભુલ ક્યાં થાય છે તે ચકાસવું જોઇએ જેથી થયેલી ભુલને સુધારી શકાય.

સમાજ કહે છે કે કોઇની સાથે સારો સબંધ રાખશો તો તમારી છાપ સારી રહેશે જે માણસ સબંધો સાચવતો નથી અને ઝગડતો હોય તેવાં માણસને કોઇ માન આપતું નથી અને તેવા માણસને કોઇ લગ્ન પ્રસંગમાં બોલાવતાં નથી. સમાજના વડીલો દ્વારા નક્કી કરવામાં આવે તેને લગ્ન થયું કહેવાય. જે પોતાના બાળકોની બધી જરૂરીયાતો પુરી પાડી આપે તેને સારો પિતા કહે છે. સમાજનો નિયમ છે કે સેક્સ બંને જણ રાજી હોય તો જ કરવાનું જેથી નવી પેઢીનો જન્મ થાય બીજી દ્રષ્ટીએ કહીએ તો સેક્સ એ પતિ પત્ની વચ્ચેનો પવિત્ર ધર્મ છે તેને માટે સુત્ર પણ બહાર પાડવામાં આવ્યું છે કે હમ દો હમારે દો. સ્ત્રી-પુરૂષનાં સબંધ સમાજમાં પતિ-પત્ની અને ઘરમાં દોસ્ત જેવાં હોવાં જોઇએ.

જે વ્યકિતનું માન સમાજમાં વધારે હોય તેવાં લોકોની પ્રશંસા કરું છું કારણ કે તે પોતાનાં કુટુંબને પ્રાથમિક જરૂરીયાત પુરી પાડે છે.મારા સમાજ અને કુટુંબને કોઇપણ મુશ્કેલીમાં મદદ કરી શકુ તેવો પુરૂષ થવાં માગું છું. ઘરને ચલાવવાનું, માતાપિતાને સંભાળવાનું, બાળકોનાં ભણતર તેમજ બહેનનાં લગ્ન કરાવવાનું દબાણ છે. મારા માતા પિતાને સારી રીતે સાચવે તેવી છોકરી સાથે લગ્ન કરવાનું દબાણ છે. દબાણ વિશે કહું તો જ્યારે દુઃખ આવે ત્યારે નાસીપાસ ન થવું જોઇએ અને હિંમતથી સામનો કરવો જોઇએ એકવાર

કરિયાણાંની દુકાનેથી અમે અનાજ ભરાવ્યું હતું અને મારા પપ્પાને કંપનીમાંથી છૂટાં કરવામાં આવ્યા. અમારે અનાજ ભર્યું તેના પૈસા આપવાનાં હતાં અને તે વેપારી દરરોજ સવારે આવીને પૈસાની માંગણી કરતો હતો આવું મને નહોતું ગમતું ત્યારે મેં મારા અંગત પૈસા આપી ઘરનું દબાણ દુર કર્યુ.

કુટુંબને કોઇ તકલીફ ન પડે બધી પ્રાથમિક જરૂરીયાત પુરી થાય. કોઈવાર જીવનમાં આપણે બહુજ સફળતા મેળવી લીધી અને ખુબ સારી રીતે જીવન જીવતાં હોય તેવા સમયે પછી એવો સમય આવે જ્યારે ઘરમાં ખાવા માટે પણ અનાજ ન મળે ત્યારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સારી નોકરી તેને કહેવાય કે જે નોકરી કરતાં હોય તે પગારથી આપણાં કુટુંબની જરૂરીયાત પુરી થાય અને કુટુંબની સુખ શાંતિને કાયમ રાખી શકીએ, તેમજ બધી વસ્તુઓની સગવડ મળી રહે. સારી નોકરી એને કહેવાય કે જ્યાં નોકરી કરતાં હોય તે કંપનીનો માલીક આપણી સાથે નોકર અને માલીકનો તફાવત ન રાખે અને આપણને સમયસર પગાર મળી રહેવો જોઇએ. મારી આવડત પ્રમાણે મને પગાર મળી રહવો જોઇએ જેથી હું તે કંપનીમાં મન લગાડી ને કામ કરી શકું જેથી તે કંપનીનો નફો વધે અને એક દિવસ નંબર વન પર આવી જાય

એક વખત છોકરીની છેડતી કરી હતી ત્યારે છોકરીને મારા પ્રત્યે ગુસ્સો પણ નહોતો આવ્યો. પહેલા મારો અવાજ બદલાયો ત્યારે ઘરનાં બધાને લાગ્યું કે છોકરાની ઉંમર મોટી થવા લાગી છે અને તેની સમજ શકિત વધવાં લાગી છે તેમજ તેનો વિકાસ પણ ધીમે ધીમે થવા લાગ્યો છે. દાઢી, મૂછ આવી ત્યારે મને લાગ્યું કે હું બાળકમાંથી ધીમે ધીમે યુવાન થવા લાગ્યો છું.

મારા માતા-પિતાને શ્રવણની જેમ યાત્રા કરાવું તેવુ મારું સ્વપ્નું છે. હું મારા માતાપિતાને ખુશ જોવા માગું છું જેથી મને અફસોસ ન થાય કે હું નકામી જીંદગી જીવ્યો. હું એક દિવસ આ સંસારમાં નામ કમાઇશ અને તરકકી કરીશ. સારી પત્ની ઘરની ચિંતાઓને આસાનીથી દુર કરી શકે છે તેવી પત્ની સારી માતા પણ બની શકે છે. મારા ઘરનાં સભ્યોની સંભાળ રાખી શકે હું જયારે મુશ્કેલીમાં હોવ તે ચિંતા દુર કરી શકે તેવી પત્ની આદર્શ પત્ની કહેવાય. ફિલ્મમાં મને વિવાહ ફિલ્મ ઘણી ગમી કેમકે તેની સ્ટોરીમાં સામાજીક સંદેશો આપવામાં આવ્યો છે. ફિલ્મમાં હિરોઇનનું એક અંગ સળગી જાય છે. છતાં પણ હિરો તેની સાથે જ લગ્ન કરવાં તૈયાર હોય છે.

# ભાગ ૩
# જીવનકથાઓના મુખ્ય તારણો

**યુવાનોએ ખરા મર્દ વિશેના વ્યકિતગત અભિપ્રાયોમાં** જણાવ્યુ છે કે સમાજના નિયમ અનુસાર રહેનાર, પૈસા કમાનાર, મુશકેલીઓનો સામનો કરનાર, સહનશીલ તથા તાકાતવાન, સેકસ વિશેની જાણકારી રાખનાર, અસુરક્ષિત વ્યકિત સાથે સબંધ ન રાખનાર જેવા વિચારો દર્શાવેલ છે.

### સામાજીક દૃષ્ટીએ મર્દાનગી એટલે શું ?

સમાજમાં આગળ રહી કામ કરવુ, વીર સાહસિક કામ જે બીજા કોઇ ન કરી શકે એવા કામ કરવા, ઘરમાં ધાક રાખવી, મારા મારી કરવી, સફળ થનાર, છોકરીની છેડતી કરવી એવુ ૧૩ છોકરાઓનું માનવુ છે કે , એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે સેક્સ કરનારને સમાજ મર્દ કહે છે.

**મર્દાનગી વિષયક વ્યકિતગત અભિપ્રાય :** ૧૮ યુવાનોના મતે મર્દાનગી એટલે નિર્ભયપણે જીવવુ અને કુટુંબનુ ભરણપોષણ કરવુ. ૧૫ યુવાનોના મતે છોકરીઓ સાથે સેકસ માણવુ એ મર્દાનગીની નિશાની છે, ૭ યુવાનો જણાવે છે કે કોઇ પટાવી ન શકે એવી છોકરીને પટાવવી, ૨ છોકરાઓના મતે નિરોધ વગર સેકસ કરવુ એ મર્દાનગી કહેવાય.

### છેડતી કરવાની સ્ટાઇલો

આ વાર્તામાં જણાવ્યા પ્રમાણે ૧૫ યુવાનોએ છેડતી કરી છે. એમાથી ૭ યુવાનોએ મોટેથી સીટી મારી, ૩ યુવાનોએ રસ્તામાં જતી છોકરીઓનો પીછો કરી અને ૨ યુવાનોએ છોકરીનુ નામ પુછી છેડતી કરી હતી. બીજા ૩ યુવાનોએ વારંવાર મીસકોલ કરી, બીજાના નામથી બોલાવી, પિકચર જતી વખતે થીયેટરમાં શરીરને અડી છેડતી કરી હતી.

### છોકરા તરીકે યુવાનોના સામાજીક દબાણો શું રહે છે ?

૧૭ યુવાનોના મતે નોકરી કરવી, માતાની સંભાળ રાખવી એ દબાણ છે.૧૬ યુવાનોના મતે ધાક રાખવી અને ઘરમાં કડક રહેવુ એ છોકરાઓ તરીકે જરુરી છે.એવુ ૧૫ યુવાનો માને છે કે છોકરા તરીકે સામાજીક દબાણ છે.

### સમાજની દૃષ્ટીએ સ્ત્રીનું સ્થાન ?

૧૫ યુવાનોના મતે સમાજની દૃષ્ટીએ સ્ત્રીનુ સામાજીક સ્થાન પુરુષથી નીચુ છે."સ્ત્રીઓ સામાજીક કાર્યમાં આગળ પડતો ભાગ લેતી નથી હોતી, ઘરમાં રહેવાનું હોય, બાળકો સંભાળવાની જવાબદારી હોય. યુવાનોના મતે છોકરીઓએ ઘરકામ કરવાનું હોય છે.

### કેવા યુવા પુરુષ બનવા માંગો છો ?

યુવાનોએ પરાક્રમી, હોશિયાર યુવા પુરુષ બનવુ છે તેવુ જણાવેલ છે. તેમના મત મુજબ મસલ્સ બનાવવા અને બતાવવામાં ખરી મર્દાનગી છે.

આ વાર્તાઓમાં લખવામાં આવેલ યુવાનોના વિચારોને જોતા એવુ લાગેછે કે યુવાનોને સામાજીક લીંગ સમાનતા તથા મર્દાનગીની વૈકલ્પિક પરિભાષા પ્રત્યે સંવેદનશીલ કરવા માટે કાર્યક્રમ કરવાની જરુરીયાત છે આ જીવનકથામાં થી બહાર આવ્યુ કે સામાજીક દષ્ટીએ સાચો મર્દ પરિવારમાં આગેવાની લેનાર, કુટુંબનું ભરણપોષણ કરનાર, સમાજ અને સ્ત્રીનું રક્ષણ કરનાર, નોકરી કરનાર તથા પૈસા કમાનાર, સ્ત્રી પર હુકમ ચલાવનાર, સ્ત્રી પાસે નોકરી ન કરાવનાર,

સ્ત્રીને એકલી બહાર ફરવાની પરવાનગી ન આપનાર, મારા મારી કરી શકનાર, સમાજમાં પોતાની શકિતનું પ્રદર્શન કરનાર, કદી નિષ્ફળ ન જનાર છે. આ સમજ પિતૃસત્તાક સમાજ દ્વારા નાનપણથી જ પ્રસ્થાપિત કરવામાં આવે છે અને તેમાં બદલાવ લાવવા વિવિધ માધ્યમો જેમકે શિબીર, નાટક, પત્રીકા દ્વારા, પ્રચાર-પ્રસારણનો ઉપયોગ કરવો જરૂરી છે.

**૪.૧ છેડતી અંગેની ચર્ચામાં યુવાન યુવતીઓ એ દર્શાવેલ મંતવ્યો :**

છોકરા - છોકરીઓના મંતવ્યો

| **છોકરાઓના મંતવ્યો** | **છોકરીઓના મંતવ્યો.** |
|---|---|
| છોકરી શરમાય જાય છે. તેથી તે છોકરાને જવાબ આપી શકતી નથી. | છોકરીઓની છેડતી કરતા છોકરાઓને બરાબર ફટકારવા જોઈએ, મારવા જોઈએ જેથી તે બીજી કોઈ યુવતીની છેડતી ન કરે. |
| છોકરીઓ પણ છોકરાની છેડતી કરે છે. | આ યુવાનોની સમસ્યાઓની વડીલોને જાણ કરવી જોઈએ. |
| છોકરીઓ એવા કપડાં પહેરે છે, જેથી છોકરાઓ છેડતી કરવા પ્રેરાય છે | જે છોકરીઓ છોકરાઓને મુહતોડ જવાબ આપે છે. તેમનુ નામ છોકરાઓ લેતા નથી. |
| છોકરાને જોઈને છોકરી હાય હેલ્લો કરે છે અને છોકરાને આકર્ષવા પ્રયત્ન કરે છે | આજની ફેશન પ્રમાણે છોકરીઓ કપડાં પહેરવાની જ, શું છોકરીઓ ઘરમા જ બેસી રહેવાની ? |
| ઘણી છોકરીઓ આઈસ્ક્રીમ અથવા બીજા મોંઘા ખર્ચાઓ કરવા છોકરાઓની ફ્રેન્ડશીપ કરે છે | શોર્ટ કપડા પહેરવાની પાછળઘરનું સ્વતંત્ર વાતાવરણ પણ હોઈ શકે એનો મતલબ એ નથી કે છોકરાને બતાવવા આવા કપડાં પહેરે છે, જે છોકરાને છેડતી કરવી છે એમને તો છોકરીએ સાડી પહેરી હોય કે ડ્રેસ કોંઈ ફર્ક પડતો નથી. |
| છોકરીઓ પણ છોકરાઓને સુંદર ગુલ્લો આવે છે એમ કહીને પણ છેડતી કરે છે. | ઘણીવાર છોકરી પણ છોકરાની છેડતી કરે છે તો પણ છોકરાનો વાંક કાઢવામાં આવે છે છોકરીઓને સીધી સાદી માનવામા આવે છે. |
| બેકલેશ કપડા કોના માટે પહેરે છે ? | હું કપડા ધોતી હતી ત્યારે મને એક છોકરો જોયા કરતો હતો મેં તેને પુછયુ તો તેણે મને કહયુકે તારી આંખો ખુબ સુંદર છે તેમા ડૂબી જવાનુ મન થાય છે તો મેં કહ્યુ ગુસ્સામાં અંદર ડૂબી જઈશ તો બહાર નહી નીકળે તેથી હવે તે મારી સામુ જોતો પણ નથી. |
| મારામા કુદ્દષ્ટિ હશે તો મારા છોકરામા સારા સંસ્કાર નહી આવે આમ શેતાની શકિતને જયા સુધી કાબૂમાં નહી લવાય ત્યાં સુધી આ ચાલુ રહેશે. | છેડતી રોકવા આત્મવિશ્વાસ વધારવો પડશે. શેરી નાટક, પેમ્પલેટ દ્વારા લોકોના વિચારો જાણીશુ |

### ભવિષ્યની દિશા

### મર્દાનગીની વૈકલ્પિક પરિભાષા ઉભી કરવી

મર્દાનગીની પરંપરાગત વ્યાખ્યામાં પોતાની જાતને બંધ બેસતાં ન પામતાં ઘણા પુરુષો તેને પડકારે છે. તેઓ સ્ત્રી પુરુષ સમાનતામાં માનતા હોવાથી તેમના વિચારો, મૂલ્યો તથા વર્તન દ્વારા એક એવો સમાજ રચવાનો પ્રયાસ કરે છે, જ્યાં પુરુષો પોતાના ઘરના કામોમાં સ્ત્રીને મદદ કરે છે, બાળકોમાં ઉછેરમાં સહભાગી બને છે, સ્ત્રીઓના સશકિતકરણમાં ટેકો આપે છે. આ ઉપરાંત તેઓ પોતાની લાગણીઓને જાહેરમાં વ્યક્ત કરતાં ડરતાં નથી, નિષ્ફળતા મળે તો તેનાથી હતાશ થઇ સ્ત્રી તથા બાળકો પર પોતાનો ગુસ્સો નથી ઉતારતાં.

આમ પરંપરાગત સામાજીક માળખાને તેઓ પડકારે છે. જો કે આમ કરનાર પુરુષોની સમાજ હાંસી ઉડાવે છે અને તેને "નાર્મદ", "બાયલો" વગેરે નામોથી સંબોધે છે. આ કારણથી રૂઢિગત માન્યતાઓ અને પરંપરામાંથી બહાર આવવા માગતા પુરુષોએ પીછે હઠ કરવી પડે છે. પરંતુ જો સ્વૈચ્છીક સંસ્થાઓ તથા સરકાર સાથે મળીને આ અંગે જાગૃતિ લાવવાના પ્રયત્નો હાથ ધરે તો આ પરિસ્થિતીમાં બદલાવ આવી શકે છે.

સહજ શિશુ મિલાપ દ્વારા કિશોરો તથા યુવાનો સાથે સામાજીક લીંગ સમાનતા લાવવા માટે હાથ ધરાયેલ કાર્યક્રમે નવો ચિલો ચાતર્યો છે. આ કાર્યક્રમને સાંપડેલ સફળતા અને તે દરમ્યાન થયેલ અનુભવોના આધારે નીચે પ્રમાણેની ભલામણો અમલમાં લાવી શકાય છે.

- આપણા દેશમાં કિશોરો તથા યુવાનો સાથે વૈકલ્પીક મર્દાનગી તથા સામાજીક લીંગ સમાનતા અંગે કાર્ય કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ ખુબ ઓછી છે. હાલમાં જે સંસ્થાઓ કાર્ય કરે છે. તેમનો કાર્ય વિસ્તાર સિમિત હોવાથી સફળ પ્રયાસો બધા યુવાનો સુધી નથી પહોચી શકતા. આ માટે સરકારે સામાજીક લીંગ સમાનતા અંગે જાગૃતિ લાવતા કાર્યક્રમો - જે અસરકારક નીવડયા છે - તેનો વ્યાપ વધારવો જોઇએ અને તેને રાષ્ટ્રીય સ્તરે અમલી બનાવવો જોઇએ. આ કાર્ય માટે સરકાર યુવાનો સાથે કાર્ય કરતી સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કામ કરે તે જરુરી છે.

- રાષ્ટ્રીય યુવા નિતિ-૨૦૦૩ આપણાં દેશના યુવાધન માટે ઘડવામાં આવી છે. આ નિતિ હેઠળ ૧૩ થી ૩૫ વર્ષની વય જૂથના યુવાનો સાથે વિવિધ કાર્યક્રમો અમલી બન્યા છે. આ જૂથમાં પણ બે પેટા-જૂથ પાડવામાં આવ્યા છે. જેમકે - ૧૩ -૧૯ વર્ષની વયજૂથ તથા યુવાનો -૨૦-૩૫ વર્ષ ની વયજૂથ.

આ નિતિના વિવિધ હેતુઓમાંના ચાર હેતુઓ આપણને યુવાનો સાથે વિવિધ સામાજીક લીંગ સમાનતા અંગે જાગૃતિ લાવવાની તક આપે છે. જેમકે,

(૧) યુવાનોને પુરતી શૈક્ષણિક તથા તાલીમની તકો મળે, તેમના સુધી વ્યવસાય તથા રોજગાર લક્ષી માહિતી તથા અન્ય સેવાઓની માહિતી પહોંચે.

(૨) યુવાનોને જરૂરી આરોગ્ય અંગેની માહિતી તથા આરોગ્ય સેવાઓ મળી રહે એવુ સામાજીક વાતાવરણ ઊભુ કરવું જયાં યુવાનો વ્યસનથી દુર રહી શકે અને વ્યસન મુક્ત થઇ શકે અને તેમની શકિતઓ હકારાત્મક દિશામાં વળી શકે.

(૩) વિશ્વ તથા રાષ્ટ્રીય સ્તરે શાંતિ લાવવા માટે યુવાનોની ભાગીદારી વધારવી જેથી એક ન્યાયપુર્ણ સમાજની રચના થાય.

(૪) યુવાનોમાં આગેવાની વિકસીત થાય અને તેઓને સ્વૈચ્છીક સંસ્થા, સહકારી મંડળીઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.

આ ચાર હેતુઓને પહોંચી વળવા સરકારે વિવિધ કાર્યક્રમો ઘડયા છે. દરેક કાર્યક્રમમાં જો સામાજીક લીંગ સમાનતા તથા મર્દાનગીના હકારાત્મક ચિત્ર અંગે જાગૃતિ વિષય સામેલ કરીએ તો તેનો વ્યાપ સમગ્ર દેશના યુવાનો સુધી પહોંચી શકશે.

- બહોળા સમાજ સુધી આ અંગે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો જેમકે, કાર્યશાળા, તાલિમ વગેરેનુ આયોજન કરી શકાય. આ વિષય પર જાગૃતિ લાવવા દ્રશ્ય -શ્રાવ્ય માધ્યમો જેમકે, ટેલીવિઝન, ચલચિત્ર થતા પ્રિન્ટ માધ્યમો જેમ કે, સમાચાર પત્રો, પત્રિકા, પોસ્ટરનો ઉપયોગ કરી શકાય.
- યુવાનો તથા કિશોરો સાથે કામ કરવા તેમને સંગઠીત કરવા અને તેમની ઉમરના યુવાનોને પિઅર એજ્યુકેટર તરીકે તાલીમ આપી તૈયાર કરવા જરૂરી છે. આ પિઅર એજ્યુકેટર પોતાના જેવા યુવાનો સુધી હકારાત્મક મર્દાનગી, સામાજીક લીંગ સમાનતા અંગેના સંદેશા પહોંચાડી તેમનામાં જાગૃતિ લાવી શકે છે. આ ઉપરાંત યુવાનોને યોગ્ય માર્ગદર્શન તથા પોતાના વિચારો રજુ કરવા માટેનો મંચ મળે તો તેમની સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય છે.

**પૃથ્થકરણ**

- મર્દ કદી નિષ્ફળ જતો નથી.
- મર્દ સમાજ અને સ્ત્રીનું રક્ષણ કરે છે.
- મર્દ એટલે સ્ત્રી પર હુકમ ચલાવનાર.
- પોતાની પત્નીને નોકરી ન કરાવવી.
- સમાજમાં પોતાની શકિતનું પ્રદર્શન કરનાર.
- વધારે ઝડપથી બાઈક ચલાવનાર.

“મર્દાનર્ગી એટલે છોકરીની છેડતી કરવી, વીર સાહસીક કામ ક્રનાર, રાત્રે મોડા સુધી જાગવુ, એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે સબંધ રાખવો, સાહસીક, તાકાતવાન, આસાનીથી કાર્ય કરનાર, નિરોધ વગર સેકસ કરનાર, બાળકો પેદા કરી શકે તે, સ્ત્રીનું રક્ષણ કરનાર”

“છોકરી એટલે ઘરમાંજ રહેવુ, ઘરના કામ કરવા, જમવાનું બનાવવુ, બાથરુમ નાવણીયામાં નહાવુ, જાહેરમાં કોઇ પુરુષ સાથે વાત ન કરી શકે, જાનમાં ન જવા દેવી., દોરડા કુદ , લંગડી જેવી રમતો રમે”.

**આ પરંપરાગત માળખાને કોણ બદલી શકશે ?**

- અમે જયાં કામ કરીએ છીએ તે છોકરાઓ કેટંરીગ, મજુરી, રમકડા વેચવા, છુટક કામ કરવુ વગેરેમાં રોકાયેલા છે. પિતાઓ પણ પ્લબીગ, છુટક મજુરી, વેલ્ડીગ, ડ્રાઇવર, મોચી, વોચમેન જેવા અલગ - અલગ કામ કરે છે, ઘરમાં માતાઓ બંગલે ઘરકામ ક્રવા જાય છે. ઘરમાં તેમની બહેનો એક થી પાંચ ધો રણ પ્રાથમિક શિક્ષણ પણ પુરું કરી શકતી નથી, કારણ કે તેને માતાની ઘેર હાજરીમાં ઘરનું તમામ કામ કરવુ પડે છે.છોકરીઓને ઘરમાં બંધનો રહેલા છે, તેથી તે અભ્યાસ કરી શકતી નથી . તેણે તો ઘરના જ કામ ક્રવાના, ઘરની બહાર ડોકીયુ પણ કરવુ નહિ એવા કડક બંધનો હોય છે. અને તેનું નિયંત્રણ ઘરમાં પુરુષ તેમજ ભાઈ કરે છે.
- જે છોકરાઓ ઘરમાં કામ કરે છે તે તેમની માતા ઘરમાં ના હોય અથવા તો બહેનનું લગ્ન થઈ ગયુ હોય ત્યારે જ કામ કરતાં હશે.એવુ પણ હોય

શકે છે. પરમાર લક્ષ્મણના જણાવ્યા પ્રમાણે મમ્મી ગામડે ગયા હોય કે બહેનની સાસરીમાં ગયા હોય ઘરમાં જમવાનું બનાવે છે. થાપા મુકેશ લખેછે કે હું કચરા - પોતું કરુછું તો મારી મમ્મી ખુશ થાય છે, પરંતુ મારા મિત્રો મને કચરા - પોતું કરતાં જોઇ ગયા હોય તો કહેતા કે શું છોકરી જેવુ કામ કરે છે. પરમાર જયેશ કહે છે કે હું મારી મમ્મીને પાણી ભરાવતો હતો તો મારા મિત્રો છોકરી કે બાયલો કહીને ખીજવતા હતા. જે એક પિતુસત્તા માળખુ દર્શાવે છે, આ બાબતોમાંથી બહાર આવવાનું છે. આ પરીવર્તનશીલ સમાજ બનાવવા માટે યુવાનો / પુરુષો સાથે કાર્ય કરવું જરુરી છે.

ઘણા છોકરાઓ ઘરમાં પાણી ભરે છે, કચરા પોતું કરે છે તો ઘણા લોકો તેમની પ્રશંસા કરે છે. જયારે

ઘણા છોકરાઓને શું બૈરીની જેમ કામ કરે છે ? ઘણા છોકરાઓને બાયલો છે , પત્નીનું કહેલુ જ માને છે તેવા શબ્દો સાંભળવા પડે છે.

- અવાજ બદલાયો દાઢી મુછ આવવા લાગી ત્યારે ખબર પડી કે તેઓ છોકરા છે, થાપા મુકેશ જણાવે છે કે તેના મિત્રો ચીડવતા કે શું છોકરીની જેમ દાઢી , મુછ કાપી નાંખે છે ? મર્દ જેવી મુછ રાખને ત્યાંરથી આ છોકરો મુછ કદી કાપતો નથી. મોંહમંદ પઠાણ જણાવે છે કે એના કાકાએ મિત્રની રીતે સહજતાથી કહયુ કે દાઢી - મુછ ફૂટવી એ મર્દની નીશાની છે.અવાજ બદલાયો ત્યાંરે છોકરાઓને લાગ્યુ કે તેઓ યુવાન થઇ ગયા છે.

- આકર્ષણ એ દરેક યુવાનોને થતું હોય છે, અહી તળપદા રાજેશ જણાવે છે કે મારી પડોશમાં રહેતી એક છોકરી સાથે તેને આકર્ષણ થયુ હતુ. તેનું કહેવુ હતું કે અમે જોડે રમતાં હતા, પરંતુ આકર્ષણ બાદ મને તેનો સ્પર્શ પણ અલગ લાગતો હતો. તડવી બિપીનના જણાવ્યા પ્રમાણે યુવાનીમાં પ્રવેશ કર્યા ત્યાંરે છોકરીઓને જોઇને મનમાં અલગ - અલગ વિચારો આવવા લાગ્યા. કયારેક સારા તો કયારેક ખરાબ વિચારો આવ્યા.

- આથી છોકરીઓની છેડતી અને તેમના વિશે ખરાબ વાતો, વિચારો આવવા લાગ્યા. દસમાં ધોરણમાં આવ્યો ત્યાંરે રીપ્પલ નામની એક છોકરીથી આકર્ષણ થયુ , ત્યારે મિત્રો કહેતા કે તું તો નાનો છોકરો છે, તને ખોળામાં રમાડશે. તેથી તેને ચાહવા છતાં તેની પાસે જઇ શકયો નહિ. સિધા રામસિંહ જણાવેછેકે છોકરીઓની છેડતી બહુ કરી અને છોકરીઓને તો ખુબ હેરાન કરી પરંતુ એક છોકરી જેની સાથે હું ગ્રેટ લવ કરતો હતો તેને પણ મેં ખુબ હેરાન કરી. એ છોકરીને હું ખુબ મીસકોલ હતો, મને એવુ હતુ કે એ છોકરી મારા પર ફિદા થઇ જશે, તે મને સમજી શકશે, મારી સાથે ફ્રેન્ડ

- બાળપણથી મિત્રો સાથે રહીને સેકસ માણતા હતા. પહેલીવાર સેકસ કરતાં ડર અનુભવતાં હતા. છોકરાના કહેવા પ્રમાણે આવુ રોજ કરતાં હતાં તેથી નવાઇ જેવુ કશુ લાગતું નહોતુ. એક છોકરી સુંદર હતી તેને સેકસ માણવુ ખુબ ગમતું હતુ. બીજો એક અનુભવ કે ઘરની બાજુમાં એક છોકરી રહેવા આવી તેનું આકર્ષણ આ છોકરા સાથે થયુ, બંને એકબીજા સાથે સેકસ માણતા હતા. આ છોકરાનું કહેવુ છે કે અત્યાર સુધી મેં કેટલીયે છોકરીઓ સાથે સેકસ માણ્યો હશે પણ હજુ સુધી કોઇ પણ છોકરી સાથે સાચ્ચો પ્રેમ થયો નથી, હવે તેના મિત્રની ગર્લ ફ્રેન્ડ પણ મારી સાથે દોસ્તી કરવા માગે છે, પણ તેને છોકરીઓ સાથેનો લગાવ ઓછો થઇ ગયો છે.

- સેકસ વિશે થાપા મુકેશ જણાવે છે કે સેકસ કરીએ તો આપણા શરીરમાં કમજોરી આવી જાય છે, શકિત નષ્ટ થાય છે અને બીજી કંઇ પણ બીમારીનો ભય રહે છે.સેકસ વિશે કોઇ છોકરાઓ સેકસી ફિલ્મો જોતા હતા, બુક વાંચતા હતા. સેકસ વિશે સિંધા રામસિંહ કહે છે કે સેકસ એ એક ખરાબ વસ્તુ છે. જો માણસ અમુક ઉંમર પછી રેગ્યુલર એટલે અમુક મર્યાદામાં સેકસ ન કરે તો વૈજ્ઞાનિકના કહેવા પ્રમાણે માણસ હવસખોર બની જાય છે.સેકસ અઠવાડિયામાં બે - ત્રણ વાર કરવું જોઇએ તો તબીયત સારી રહે છે.

- પત્ની પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓમાં પત્ની મા - બાપની સેવા કરનાર હોવી જોઇએ, પતિનું કહયુ માનનાર, ઘરના સભ્યોની સંભાળ રાખી શકનાર, મોહમંદ પઠાણ જણાવે છે કે મારી જીવનસાથી ભણેલી, સુંદર, સુશીલ તેમજ વડીલોના આદર કરે તેવી .

- હજુ પણ યુવાનોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે સ્ત્રીનું રક્ષણ કરે તે સાચો મર્દ. પુરુષ એટલે સ્ત્રીનું રક્ષણ કરે, જે કામ સ્ત્રીઓ ન કરી શકે તેવા કામ કરે તે મર્દ. આ જે બાબતો છે તે પિતૃસત્તા માળખા દ્વારા આવી છે. હકીકતમાં સ્ત્રી - પુરુષ સમાનતાના ખ્યાલને સમજીને યુવાનોએ સમાનતાના ધોરણને સમજાવવાનુ છે.

- સિંધા રામસિંહની કેસ સ્ટડીમાં જણાવ્યા પ્રમાણે કે "હું ઓરલ સેકસ કરું તો તેને કોઇ ફરક પડતો નથી ". અહી એ સ્પષ્ટ છે કે છોકરાઓ સાથે આ વિષયને લઇને સમજણ કેળવવાની જરુર છે.આવી માન્યતાઓને કારણે કેટલાય યુવાનો - છોકરીઓ જીવનમાં આડા અવડા રસ્તા પસંદ કરે છે, જેના કારણે સમાજમાં સ્ત્રી - પુરુષ અસમાનતા પેદા થાય છે. આવા છોકરાઓ ને તેમના માનસ પટના વિચારોને બદલવાની જરુર છે.

- આજે અમારા અભ્યાસમાં એક એ તારણ જોવા મળ્યુ કે ધર્મની વાતો, ધર્મના અધિકારીઓની વાતો આજના યુવાનો સમજે છે, સ્વીકારે છે જેથી અવાર નવાર ધર્માધિકારીઓ સાથે એડવોકસી કાર્યક્રમ રાખવાની જરુર છે. માર્ચ ૨૦૦૮માં અમોએ વહેલા લગ્ન અને વહેલા ગર્ભધારણ રોકવા પર એડવોકસી કાર્યક્રમ કર્યા હતા, જે દ્વારા યુવાનો, યુવતીઓ, કમીટી આગેવાનોમાં જાગૃતી આવી છે.આ એક અમારો અનુભવ છે કે તેમની સાથે રસદાયક, પ્રેરણાદાયક કાર્ય કરીએ તો આવી સમાનતાની લહેર ઉંત્પન્ન થઇ શકે છે.નવો બદલાયેલો પરીવર્તન સમાજ બહાર આવી શકે છે, બીજાને માટે પ્રેરણાદાયક બની શકે છે.

- આજે આ ખાલી વડોદરાના શહેરી સ્લમ વિસ્તારના યુવકોની ૧૯ રસપ્રદ વાર્તાઓમાં રજુ કરવામાં આવેલ વિચારો છે.પરંતુ આપણે આખા રાજયમાં સંચાર કરવો હશે તો સંગઠનો બનાવીને એકતામાં કાર્ય કરવું પડશે.સરકારની સાથે પણ યુવાઓ માટે ઘડવામાં આવેલી પોલીસીની વાત કરવી પડશે. જો આપણે યુવાનોને જાગૃત કરીશુ તો આપણા શહેર, રાજય અને દેશના પ્રશ્નોનું નિરાકરણ થશે. યુવાનોની જરુરીયાત, મુશકેલીઓ, પ્રશ્નો સાંભળીને વાચા આપવી પડશે.

- ઘણી જગ્યાએ પુરુષોને દબાવી દેવામાં આવે છે, પુરુષોને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવે છે. આજે પરીવર્તન આવેલુ છે, આ વાર્તાઓના તારણમાં જણાય છે કે ઘણી જગ્યાએ યુવાનો ઘરના

કાર્યમાં મદદરુપ થાય છે, કોઇક જગ્યાએ નથી થતાં તો સમાજનો ડર સતાવી રહયો છે. કોઇ મદદ કરે છે તો તેને ઘરખુણીયો, પત્નીનું કહયુ માનનાર વગેરે શબ્દો વાપરવામાં આવે છે.

- અહી આજે યુવકો સાથે વાત કરી તેમના વિચારો સમજીને સ્ત્રી - પુરુષ સમાનતા લાવવા પ્રયત્નો કરવાના છે. આખરે એ આજ યુવાનો કે જે પોતાના અને બીજાના માટે મરી છુટવા તૈયાર છે, પરંતુ આપણે તેમને સાચો રાહ ચીંધવાની જરુર છે. કારણકે આ સાચુ ધન એ આજના યુવાનો છે. નવો પરીવર્તનશીલ સમાજ જોઇતો હશે તો આ યુવાનોને સાચી સમજણ કેળવવી પડશે. આ જેન્ડર સમાનતાની વાત, મર્દાનગીની વાત ખાલી એક સંસ્થાનું કામ નથી ? પરંતુ ઘણાબધા સમાજ અને સંસ્થાઓ, યુવા મંડળોએ ભેગા થઇને, એકતામાં મજબુત કરીને તેમની સમસ્યાઓને સાંભળવી પડશે, સાચા અર્થમાં યુવાનોના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય ? તે માટે સમાનતાના ધોરણે એક સાથે બેસીને વિચાર કરવો પડશે.

- મર્દાનગી એ છોકરાઓ તથા પુરુષોને અપાયેલી સામાજીક પરિભાષા છે. સમાજ અને સામાજીક પરિભાષાઓ નકકી કરે છે કે છોકરી / સ્ત્રી / છોકરો / પુરુષે કેવુ વર્તન કરવું, કેવુ બોલવુ, કેવા કપડા પહેરવા, કેવા દેખાવુ આ રીતે સમાજ અને સંસ્કૃતિ પુરુષત્વનું ઘડતર કરે છે.પુરુષના ઘડતરમાં સામાજીક વ્યવસ્થા એ ખુબ મોટો ભાગ ભજવે છે. પિતૃસત્તા એ સામાજીક વ્યવસ્થા છે અને વિચારધારા છે. એ આ વાર્તાઓમાં જણાય છે કે યુવાનો ઘરમાં માતા - બહેનને મદદ કરવા માંગે છે, પણ સમાજ તેમને બાયલો કહે છે. સમાજનું ઘડતર મહિલા પર હિંસા કરવા પ્રેરીત કરેછે. અહીં યુવાનોમાં મર્દાનગીના રુપમાં છુપાયેલી છે.

- આ વાર્તાઓમાંથી જે મુદ્દા બહાર આવ્યા છે, તેના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે યુવતીઓની સમસ્યાની વાત યુવાનો સાથે કરવી જોઇએ, યુવાનોની સમસ્યાઓની વાત યુવતીઓ સાથે ચર્ચા કરવાની જરુર છે. સેકસમાં પણ અલગ - અલગ માન્યતાઓ પ્રવર્તે છે.તેને માટે યુવાનોને ફિલ્મો દ્વારા, મિત્રવર્તુળ ગૃપો દ્વારા નકારાત્મક વલણ દાખવવામાં આવે છે, યુવાનો સાથે અમુક બાબતો સાંભળવાની અને સમજાવવાની જરુરીયાત છે.

- આ વાર્તાઓમાં લખવામાં આવેલ યુવાનોના વિચારોને જોતા એવુ લાગે છે કે યુવાનો સાથે સંવેદનશીલ કાર્યક્રમ કરવાની જરુરીયાત છે. એકલા આ યુવાનોની વાત નથી, કારણકે આજના યુગમાં પિતૃસત્તાક માળખામાં રહીને યુવાનો પર જે બાબતો નાનપણથી ટેવરુપે પરીણમે છે, તેને ધીરે ધીરે બદલાવ તરીકે લાવી શકાય છે. આ યુવાનો સાથે શિબીર, નાટક, પત્રીકા, કેમ્પીયન દ્વારા બદલાવ લાવી શકાય છે. યુવાનો - પુરુષો સાથે કાર્ય કરનાર લોકોનું એક સંગઠન બનાવવાની જરુરીયાત છે. યુવાનો સાથે શાળા - કોલેજોમાં કામ કરનાર લોકો, સંગઠનની જરુર છે. તોજ યુવાનો, પુરુષોના પિતૃસત્તાક માળખાને બદલાવ લાવતો જોઇ શકીશુ. ઘણાબધા સમાજોએ જાગ્રૃત થવુ પડશે, કેમકે પુરુષોએ અમુક રીતરીવાજો કરવા પડે, મહિલાને ચાલે, લગ્નમા પુરુષોએજ જાનમાં જવાનું, મહિલાઓંએ ઘરનું કામ કરવાનું, આ બધા સામાજીક અભિસંધાનમાંથી બહાર આવવુ પડશે.

"હું હંમેશા એક સારા નાગરિક બની પોતાની કુટુંબની જવાબદારી પુરી કરી શકુ તેવો પુરૂષ બનવા માંગુ છું." **- ૨૫ વર્ષનો યુવાન**

"હું મારી મમ્મીને મદદ કરતાં પાણી ભરાવતો હતો ત્યારે મારા મિત્રો છોકરી અને બાયલો કહીને ખિજવતા હતાં." **- ૧૮ વર્ષનો યુવાન**

"મારામારી કરવી, છોકરીની છેડતી કરવી તે મર્દાનગી કહેવાય. વીર સાહસિક કામ, જે કોઈ ન કરી શકે તે મર્દાનગી." **- ૨૦વર્ષનો યુવાન**

"સંભોગ બાદ પુરૂષ દ્વારા સ્ત્રીને ગર્ભ રહી જાય અને તે સ્ત્રી માતા બને તો તે વ્યક્તિની મર્દાનગી કહેવાય." **- ૨૩ વર્ષનો યુવાન**

"જે છોકરો પડીકી ખાતો હોય બધાની વચ્ચે વટ રાખતો હોય અને વધારે ને વધારે છોકરીઓને ફેરવતો હોય તેને હું મર્દ માણસ ગણતો." **- ૨૫ વર્ષનો યુવાન**